વર્ષ : ૬૧ ■ અંક : ૧૦ ■ તા.૧૬-૫-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



ગુજરાતે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને
ઓછા સમયમાં મહત્તમ વ્યવસ્થા ઉભી કરી

## 'મારું ગામ, કોરોનામુક્ત ગામ'

# સરકારની વ્યવસ્થા, જનતાના સાથ અને તબીબોના પરિશ્રમથી

## કોરોનાની બીજી લહેરનો
## મક્કમતાથી સામનો કરી રહ્યું છે ગુજરાત



**ગુજરાત ફાઈટ્સ કોરોના**

**૫,૧૮,૨૩૪**

રાજ્યમાં સરકારે કરેલી વ્યવસ્થાઓની મદદથી કોરોના સંક્રમિત દર્દીઓ સારવાર મેળવી સાજા થઈ ઘરે પહોંચ્યા



**લગભગ ૨૨% ગુજરાતને મળ્યું સુરક્ષા કવચ**

રાજ્યમાં અત્યાર સુધીમાં ૧.૩૮ કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા

પ્રતિ મિલિયન ૨,૯૭,૬૮૮ ડોઝ સાથે **વેક્સિનેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં નંબર ૧**




૧૦૮ એમ્બ્યુલન્સ હેઠળ પેશન્ટ વેઈટિંગ લિસ્ટ છેલ્લા **સાત દિવસમાં ઘટીને નહીવત્**

રાજ્યમાં પાછલા કેટલાક દિવસથી કોરોના સંક્રમણમાં થઈ રહ્યો છે નોંધપાત્ર ઘટાડો

નવા નોંધાયેલા કોરોના કેસોમાં અન્ય રાજ્યની સરખામણીએ **ગુજરાત ૧૩માં ક્રમે**

ગુજરાત રાજ્યની હોસ્પિટલમાં **દાખલ દર્દીઓની સંખ્યામાં ઘટાડો** થઈ રહ્યો છે

૧૦૪ હેલ્પલાઈનમાં આવતા ફોનમાં એપ્રિલ કરતા **મે માસમાં ૮૫% નો ઘટાડો**



નોંધ : વિગતો તારીખ ૧૦-૦૫-૨૦૨૧ના રોજની સ્થિતિની છે.

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ■ Issue : 10 ■ Date 16-5-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ০৭৯-२३२५३४४२, ০৭৯-२३२५३४४০
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- ગુજરાતે કોરોના સામે લડવા પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને ઓછા સમયમાં મહત્તમ વ્યવસ્થાઓ ઊભી કરી છે.
- ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના વધુ ફેલાય નહીં તે માટે 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનની ચાવીરૂપ ભૂમિકા રહી છે.
- છેવાડાના ગ્રામીણ વિસ્તારો સુધી દવાઓ અને તબીબી સેવાઓ પહોંચાડી કોરોનામુક્ત ગામનો સંકલ્પ આપણે પાર પાડવો છે.
- કોરોનાની પહેલી અને બીજી લહેરના સંક્રમણ નિયંત્રણ - સારવારના અનુભવોના આધારે ગુજરાતે માઇક્રોપ્લાનિંગ કર્યું છે.
- થર્ડ વેવથી બચવા-રક્ષણ મેળવવા રાજ્યમાં મોટાપાયે લોકોનું વૅક્સિનેશન થાય તે માટે તજજ્ઞ તબીબો પ્રચાર-પ્રસારમાં રાજ્ય સરકાર સાથે જોડાય તે આવશ્યક છે.
- ગુજરાતમાં અત્યારે દૈનિક પોણા બે લાખ ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યાં છે.
- આપણે સૌ સાથે મળીને કોરોના સંક્રમણ અને મૃત્યુદર ઘટાડવા સક્ષમ છીએ.
- ગુજરાતના લાખો તબીબો, મેડિકલ સ્ટાફ અને સરકારી કર્મચારીઓ રાત-દિવસ એક કરીને કોરોના સામે લડી રહ્યા છે.
- કેન્દ્ર સરકાર અને તબીબી નિષ્ણાતોની મદદ- માર્ગદર્શનથી ગુજરાત સરકાર કોરોનાને હરાવવા સાચી દિશામાં ઝડપથી આગળ વધી રહી છે.
- અનેકવિધ મક્કમ સંકલ્પોથી આપણે કોરોના મહામારીને હરાવવા એકબીજાના સહયોગથી આગળ વધી રહ્યાં છીએ એટલે આપણે ચોક્કસ આ સંકટમાંથી જલદી બહાર આવીશું.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)



12 કવર સ્ટોરી

# 'મારું ગામ, કોરોનામુક્ત ગામ'

- આરસોડિયા અને ચેખલા ગામે CMએ ગ્રામજનો વચ્ચે પહોંચીને એમને હૂંફ આપી
- 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' : રાજ્યના 17 હજાર ગામોને આવરી લેતું મહાઅભિયાન


6 અસરકારક પગલાં

- ૩૬ શહેરોમાં મર્યાદિત કરફ્યુના નિયંત્રણો 18 મે સુધી લંબાવાયા
- મહાનગરો - નગરોમાં 'મારું શહેર, કોરોનામુક્ત શહેર' અભિયાન

7 ચિંતન

રાજ્યની ૧૩૫૦થી વધુ હોસ્પિટલોની ફાયર સેફ્ટીની ચકાસણી

8 રણનીતિ

'થર્ડ વેવ' સંદર્ભે ટાસ્ક ફોર્સ સાથે સંવાદ કરતાં CM

9 'મારું ગામ, કોરોનામુકત ગામ' અભિયાનની ચાવીરૂપ ભૂમિકા

10 માર્ગદર્શન

કોવિડ ટાસ્ક ફોર્સના તબીબોનું ઉપયોગી માર્ગદર્શન

24 આરોગ્ય સુખાકારી

જૂનાગઢમાં કોરોનાની કામગીરીની સમીક્ષા કરતાં CM

26 જામનગરમાં તૈયાર કરાયેલી ૪૦૦ બેડની હોસ્પિટલનું ઈ-લોકાર્પણ

- દેવભૂમિ દ્વારકામાં 100 બેડના કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ

27 વડોદરામાં "આત્મીય પોઝિટિવ કેર"

28 આયોજન

૧૮ થી ૪૪ વયજૂથનાં નાગરિકોના રસીકરણ પ્રારંભ

- રાજ્યમાં સૌપ્રથમ કચ્છમાં ડ્રાઇવ થ્રુ વેક્સિનેશન

29 અમદાવાદ રાઉન્ડ અપ

32 વડોદરા રાઉન્ડ અપ

35 સુરત રાઉન્ડ અપ

37 રાજકોટ રાઉન્ડ અપ

39 સમાચાર વિશેષ

42 નિર્ણય

45 આસપાસ

47 સાફલ્યગાથા





23 પ્રાસંગિક

સફેદ વસ્ત્રોમાં PPE કીટ સાથે કોરોના સામે જંગ લડતી "ફ્લોરેન્સ" સિસ્ટર્સ





50 પ્રેરણા

'મારું ગામ, કોરોનામુક્ત ગામ' બનાવવા ગામડાઓ ખૂંદતા ભાભરનાં રમીલાબેન - રેસુંગ ચૌહાણ



## ‘મારું ગામ, કોરોનામુક્ત ગામ’ ગુજરાતનું એક અભિનવ અસરકારક પગલું...

આપત્તિથી ડરીને કે તકલીફોના કારણે રડીને બેસી રહેવાની ગુજરાતની પ્રકૃત્તિ નથી. આપત્તિ સામે ખુમારીપૂર્વક લડીને આપત્તિને વિકાસનો અવસર સમજવાની ગુજરાતની માનસિકતા સૌ કોઇ સુપેરે જાણે છે. કોરોનાને હરાવવા આયોજનબદ્ધ પગલાં લેવાઇ રહ્યા છે. કોરોનાની આ બીજી લહેરે સમગ્ર રાજ્ય તેમ જ રાષ્ટ્રને રીતસર બાનમાં લેવાનો પ્રયાસ કર્યો છે. આ પડકારનો સામનો કરવા રાજ્ય અને કેન્દ્ર સરકાર આરોગ્યલક્ષી બહુઆયામી પગલાં ભરીને પરિસ્થિતિને કાબૂમાં લઇ રહી છે. તેના પરિણામે આ અંકનું સંપાદકીય કાર્ય ચાલી રહ્યું છે ત્યાં સુધીમાં રીકવરી રેટ ૮૦ ટકા ઉપર પહોંચી ગયો છે.

ગામડું એ ભારતનો આત્મા છે. ગામડાઓ આપણી અર્થવ્યવસ્થાના પાયામાં છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાને વધુ પ્રસરતો અટકાવવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના સ્થાપના દિવસે ‘મારું ગામ, કોરોનામુક્ત ગામ’નો અભિનવ વિચાર અમલમાં મૂક્યો. આ અભિયાનને ખૂબ ટૂંકા ગાળામાં જબરજસ્ત જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી સહિત રાજ્ય મંત્રીમંડળના સભ્યશ્રીઓ ગામડાઓમાં જઇને લોકો સાથે બેસી એમના આરોગ્ય વિષયક પ્રશ્નો સત્વરે હલ કરી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીની આ સૌજન્યશીલતા અને સંવેદનશીલતા ગ્રામજનોના હૃદય સોંસરવી ઉતરી ગઇ છે. આજે રાજ્યના 17 હજારથી વધુ ગામડાઓમાં બનાવવામાં આવેલા કોવિડ કેર સેન્ટર્સમાં 1.20 લાખ બેડ ઉપલબ્ધ કરાવાયાં છે. આ સાથે જરૂરી દવાઓ, તબીબી સવલતો પણ આ કોવિડ કેર સેન્ટર્સમાં પહોંચાડવામાં આવી છે.

આ કપરા કાળમાં તબીબી કર્મચારીઓ, સેવાભાવી સંસ્થાઓ, સામાન્ય નાગરિકો અને કેન્દ્ર- રાજ્ય સરકારના અવિરત પ્રયાસોના પરિણામે ગુજરાતમાં કોરોનાના સંક્રમણને વધુ આગળ વધતું અટકાવી શકાયું છે. રાજ્યની બધી હોસ્પિટલ્સમાં ઑક્સિજન, દવાઓ તથા અન્ય જરૂરી આરોગ્યલક્ષી સામાન ઉપલબ્ધ કરવામાં આવ્યો છે.

છેલ્લા એક માસમાં રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે કોરોના બેડની સંખ્યામાં વધારો કરીને એક લાખ બેડ અને આઇસીયુ બેડમાં વધારો કરી 57 હજાર સુધી લઇ જવામાં આવી છે. આ સાથે રેમડિસીવીર ઇન્જેક્શન દર્દીઓને સમયસર મળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. વિવિધ સંસ્થાઓ અને ઉદ્યોગગૃહોના સહકારથી અલગ અલગ મહત્ત્વના સ્થળોએ ઑક્સિજન પ્લાન્ટસ ઊભા થઇ રહ્યાં છે.

રાજ્ય સરકારે સમગ્ર પરિસ્થિતિનો કયાસ કાઢીને નાગરિકોને વધુ સલામતી આપવાના આશયથી રાત્રિ કરફ્યુ સહિતના મર્યાદિત નિયંત્રણો વધુ લંબાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે લીધેલાં અનેક સંવેદનસભર જનઆરોગ્યલક્ષી નિર્ણયોના અસરકારક અને સમયસર અમલીકરણથી રાજ્યના મહાનગરોમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી નિયંત્રણમાં આવી રહ્યું છે. રાજ્યના શહેરોની હોસ્પિટલ્સમાં દર્દીઓનો રિકવરી રેટ વધી રહ્યો છે તો બીજી તરફ રસીકરણ અભિયાનમાં લોકો ઉત્સાહભેર જોડાઇ રહ્યાં છે. રાજ્યમાં ઑક્સિજનની ખપતમાં હવે સતત ઘટાડો થઇ રહ્યો છે, તે એક સારી નિશાની છે.

સરકાર અને સૌના સહિયારા પુરૂષાર્થથી ટૂંક સમયમાં કોરોના નામનો દૈત્ય જબ્બે જરૂર થવાનો છે પરંતુ આપણે સૌ ગુર્જર બાંધવોને લાપરવાહીમાં કે ગાફેલ રહેવું બિલકુલ પરવડશે નહીં. જ્યારે પણ ઘરની બહાર નિકળીએ ત્યારે મોં ઉપર માસ્ક, સોશીયલ ડીસ્ટન્સિંગ અને સેનિટાઇઝેશનના મંત્રને ન ભૂલીએ. આપણે સુરક્ષિત રહીએ અને આપણા પરિજનોને પણ સુરક્ષિત રાખીએ.

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**

# ૩૬ શહેરોમાં મર્યાદિત કરફ્યુના નિયંત્રણો 18 મે સુધી લંબાવાયા



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં કોરોના કેસોના નિયંત્રણમાં પ્રજાના સહયોગથી મળેલી સફળતા અંગે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં કોરોના કેસો વધ્યા નથી પરંતુ સમગ્ર દેશમાં કોરોના સંક્રમણની વ્યાપકતા ધ્યાનમાં લઇને ગુજરાત સરકારે રાજ્યના સૌ નાગરિકોને સલામત-સુરક્ષિત રાખવા તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તેવી હમદર્દી સાથે રાત્રિ કરફ્યુ અને વધારાનાં મર્યાદિત નિયંત્રણો વધુ એક સપ્તાહ માટે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. કોર કમિટિની બેઠકમાં આ નિર્ણય અનુસાર રાજ્યનાં ૮ મહાનગરો સહિત જે ૩૬ શહેરોમાં રાત્રિ કરફ્યુ તા.૧૧ મે-૨૦૨૧ સુધી રાખવામાં આવેલો તે તા.૧૨ મે-૨૦૨૧ થી તા.૧૮ મે-૨૦૨૧ એમ સાત દિવસ માટે દરરોજ રાત્રિના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી યથાવત્ અમલમાં રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાના મોટા વેપારી, ઉદ્યોગો તથા જનતાજનાર્દને રાજ્યમાં કોરોના સંક્રમણ અટકાવવાના હેતુથી રાત્રિ કરફ્યુ સહિતના વધારાના નિયંત્રણોના અમલમાં આપેલા સહયોગ અંગે આભારની લાગણી વ્યકત કરી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી આ કોર કમિટીમાં શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર તેમજ મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા અને વરિષ્ઠ સચિવો જોડાયા હતા.

આ ૩૬ શહેરોમાં પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબંધિત સેવાઓ, કૃષિ કામગીરી, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા, તમામ આવશ્યક ચીજવસ્તુઓનાં પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ યથાવત્ રહેશે.

આ સમયગાળા દરમિયાન સમગ્ર રાજ્યમાં શૈક્ષણિક સંસ્થા અને કોચિંગ સેન્ટરો (ઓનલાઇન શિક્ષણ સિવાય), સિનેમા થિયેટરો, ઑડિટોરિયમ, એસેમ્બલી હોલ, વોટરપાર્ક, જાહેર બાગ-બગીચા, મનોરંજક સ્થળો, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમિંગ પુલ ઉપરાંત તમામ પ્રકારના Malls તથા Commercial Complexes બંધ રહેશે. ●

# મહાનગરો - નગરોમાં 'મારુ શહેર, કોરોનામુક્ત શહેર' અભિયાન

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અટકે અને નાગરિકો સુરક્ષિત થાય તે આશયથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાતે સમયબદ્ધ આયોજન કરી અસરકારક કામગીરી કરી છે. તા.૧લી મે થી શરૂ થયેલ 'મારુ ગામ કોરોના મુક્ત ગામ' અભિયાનને મળેલી સફળતાને ધ્યાને લઈને આગામી સમયમાં રાજ્યના મહાનગરો-નગરોમાં પણ કોરોનાનું સંક્રમણ અટકે તે માટે 'મારુ શહેર કોરોના મુક્ત શહેર' અભિયાન હાથ ધરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે તે સંદર્ભે મંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓને જવાબદારીઓ સોંપાઈ છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે,રાજ્યમાં શરૂ થયેલ 'મારુ ગામ કોરોના મુક્ત ગામ' અભિયાન અંતર્ગત જનભાગીદારી થકી ગુજરાતના ગામે ગામ કોમ્યુનીટી કોવિડ કેર સેન્ટરો શરૂ કરાયા છે. જેમાં દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. જેના પરિણામે તેમના પરિવારજનોમાં સંક્રમણ ફેલાતુ અટકાવવામાં સફળતા મળી છે. તેને ધ્યાને રાખીને આ નિર્ણય કરાયો છે. શહેરોમાં આજે દર્દીઓને સાજા થઈ ઘરે જવાનો દર વધી રહ્યો છે અને નવા કેસોની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો છે ત્યારે આ અભિયાન અસરકારક નિવડશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત જે મહાનુભાવોને જવાબદારી સોંપાઇ છે તેઓ તે નગરમાં જઈને સ્થાનિક પ્રશાસન સાથે સંકલન કરીને જનજાગૃતિ દ્વારા અસરકારક કામગીરી કરશે.

મંત્રીશ્રીએ કહ્યું કે, કોરોનાનું સંક્રમણ અટકે એ માટે દિલ્હી, રાજસ્થાન, તામિલનાડુ અને મહારાષ્ટ્રમાં સંપૂર્ણ લૉકડાઉન અમલી કરાયું છે ત્યારે ગુજરાત સરકારે રાજ્યમાં ધંધા-રોજગારને અસર ન થાય અને જનજીવન રાબેતા મુજબ ચાલુ રહે અને સંક્રમણ અટકે તે માટે જરૂરી નિયંત્રણો સાથે આંશિક લૉકડાઉન કરીને સંક્રમણને અટકાવવા માટે પ્રયાસો કર્યાં છે ત્યારે રાજ્યમાં આંશિક લૉકડાઉન અંતર્ગત નાના વેપારીઓને ધંધા-રોજગાર શરૂ કરવા માટે રજૂઆતો મળી છે તેને ધ્યાને લઈને જે તે જિલ્લાની કોરોનાની પરિસ્થિતિનો સંપૂર્ણ તાગ મેળવીને યોગ્ય નિર્ણય કરાશે તેમ તેમણે ઉમેર્યું હતુ, ત્યાં સુધી ધીરજ રાખી સંક્રમણ અટકાવવા રાજ્ય સરકાર દ્વારા યોગદાન આપવા અપીલ કરાઈ છે. ●

# માત્ર એક જ સપ્તાહમાં રાજ્યની ૧૩૫૦ ઉપરાંત હોસ્પિટલોની ફાયર સેફ્ટીની ચકાસણી કરાઇ

રાજ્યમાં કોરોના સંક્રમણ સ્થિતિ અને તેના નિવારણ માટેનાં ઉપાયો-પગલાંઓની નિયમિત સમીક્ષા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળતી કોર કમિટીની બેઠકમાં રાજ્યોની કોવિડ-19 હોસ્પિટલોમાં ફાયર એન.ઓ.સી., તપાસણી અને જસ્ટિસ ડી.એ.મહેતા તપાસ પંચની ભલામણો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. રાજ્યનાં નગરો-મહાનગરોમાં કોવિડ હોસ્ટિપલની ફાયર પોઇન્ટ ઓફ વ્યૂથી ચકાસણી શરૂ કરવામાં આવી છે અને આવી ૧૩૫૦ ઉપરાંત હોસ્પિટલોની તપાસ મે મહિનાના પ્રથમ એક સપ્તાહ દરમિયાન સમગ્ર રાજ્યમાં કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ તેમજ ફાયર સેફ્ટી- અગ્નિ શમનના અધિકારીઓને કોરોના સંક્રમણની આ સ્થિતિમાં રાજ્યની હોસ્પિટલોમાં આગની આકસ્મિક ઘટનાઓ બને તો તેની સામે તકેદારીનાં પગલાં તથા લેવાની થતી કાળજી અને બચાવ રાહત કામગીરી માટે મોક ફાયર ડ્રીલ યોજવા અને હોસ્પિટલના સ્ટાફને ફાયર ફાયટિંગ સાધનોના ઉપયોગની તાલીમ પણ સમયબદ્ધ રીતે મળે તે માટે સૂચન કર્યું હતું.

કોર કમિટીની આ બેઠકમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, પંચાયત રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર અને મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવશ્રીઓ શ્રી પંકજકુમાર, ડૉ. રાજીવકુમાર ગુપ્તા, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, તેમજ વરિષ્ઠ સચિવો સહભાગી થયાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ જસ્ટિસ ડી.એ.મહેતા તપાસ પંચની ભલામણો સંદર્ભમાં ચર્ચા વિચારણા દરમ્યાન જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે તાજેતરમાં વિધાનસભામાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન એક્ટ) પસાર કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતે ફાયર સેફ્ટી અંગેની આગવી પહેલ કરીને રાજ્યના યુવા-ઇજનેરોને ખાનગી ફાયર સેફ્ટી ઓફિસર તરીકે તાલીમ અને નોંધણીની વ્યવસ્થા વિકાસવીને જુદી-જુદી કેટેગરીના બિલ્ડિંગ્સને આવા એફ. એસ.ઓ(FSO) ઇન્સ્પેક્શન બાદ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ રિન્યૂ કરી શકે તેવી પારદર્શી પદ્ધતિ ઊભી કરી છે.

આ અંતર્ગત રાજ્યમાં એફ.એસ.ઓ(FSO) જનરલ કેટેગરીમાં ૮૮, એફ.એસ.ઓ એડવાન્સમાં ૧૯ અને એફ.એસ.ઓ સ્પેશિયાલિટીમાં 26 એમ પ્રથમ બેચમાં કુલ ૧૩૩ જેટલા એફ.એસ.ઓ. નોંધાયા છે તેમને ફાયર ઇક્વિપમેન્ટ્સની ચકાસણી, એન.ઓ.સી. અને મોક ડ્રીલ માટે તાલીમ આપવા પણ સજ્જ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, ક્રિટ્રિકલ મેડિકલ ઇક્વિપમેન્ટ્સ એક્સપાયરી ડેટ પછી ન વાપરવા તેમજ અગત્યના મેડિકલ ઇક્વિપમેન્ટ્સ કે જે વીજપુરવઠાનો ઉપયોગ કરતા હોય તેને આંતરિક સર્કિટમાં ઓવર હિટિંગને રોકવા માટે ફેરફાર-બદલવામાં આવે તે સુનિશ્ચિત કરવા બાબતે પણ તપાસ પંચની ભલામણ સંદર્ભમાં રાજ્ય સરકાર જરૂરી કાર્યવાહી કરશે.

બ્યૂરો ઓફ સ્ટાન્ડર્ડ(BIS) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ IS-2190નો ફાયર બાબતે અમલ કરવા, ફાયર સાધનોનું નિરક્ષણ, જાળવણી, ફાયર એન.ઓ.સી., ફાયર સેફ્ટી અને નર્સિંગ હોમ તથા હોસ્પિટલના સ્ટાફને ફાયરની તાલીમ વગેરે સંદર્ભે પણ આ બેઠકમાં ચર્ચાઓ હાથ ધરવામાં આવી હતી.

રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં અગ્નિશમન મહેકમ માટે કુલ ૨૩૬૫ જેટલા કર્મચારીઓની જગ્યા ભરી દેવામાં આવી છે અને બાકીની ખાલી જગ્યાઓ ભરવા માટેની કામગીરી પણ એડવાન્સ સ્ટેજમાં છે તેમ પણ આ બેઠકની ચર્ચાઓ દરમ્યાન જણાવવામાં આવ્યું હતું. ●





# CMએ સંભવિત 'થર્ડ વેવ' સંદર્ભે ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબો અને મંત્રીશ્રીઓ સાથે રણનીતિ તૈયાર કરી

કોરોના કોવિડ-19ની થર્ડ વેવ આગામી દિવસોમાં આવી શકે તેવી દુનિયાના મેડિકલ એક્સપર્ટ્સ દ્વારા કરેલી સંભાવનાઓને પગલે ગુજરાતમાં પણ તેનો સતર્કતા-સજ્જતાથી સામનો કરવાના આગોતરા આયોજનરૂપે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉચ્ચસ્તરીયમાં પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબો તેમજ GBRCના વૈજ્ઞાનિકો અને મંત્રીશ્રીઓ વરિષ્ઠ સચિવો સાથે ભાવિ રણનીતિ ઘડવા અંગે ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના સંક્રમણમાં આ બીજી લહેરમાં છેલ્લા એક સપ્તાહથી કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે અને અગાઉના ૧૪૦૦૦ કેસોથી ઘટીને ૧૧ હજાર જેટલી સંખ્યા થઇ ગઇ છે.

તેમણે આ સંદર્ભમાં ઉમેર્યું કે, રાજ્ય સરકાર, તબીબી જગત અને જનસહયોગના સહિયારા પ્રયાસોથી આપણે આ પરિણામ મેળવી શક્યા છીએ.

''હવે, ત્રીજી લહેર જો સંભવત: આવી પડે તો ગુજરાતમાં આગોતરું આયોજન કરીને મેડિકલ પ્રોટોકોલ, ટ્રીટમેન્ટ, ઑક્સિજન વ્યવસ્થા, હોસ્પિટલોમાં બેડ તેમજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ બનાવવા અંગે આપણે માઇક્રોપ્લાનિંગ સાથેનો એક્શન પ્લાન ઘડવો પડશે'' એમ મુખ્યમંત્રીશ્રીએ તજજ્ઞ તબીબો સાથેની ચર્ચામાં જણાવ્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારનો પહેલી લહેર અને બીજી લહેરનો જે અનુભવ, સારવાર પદ્ધતિ આપણી પાસે છે તેના આધાર ઉપર ત્રીજી સંભવિત વેવમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, મૃત્યુદર પણ સાવ ઓછો રહે એ દિશામાં પ્રયત્નશીલ રહેવાની આવશ્યકતા છે.

તેમણે થર્ડ વેવથી બચવા-રક્ષણ મેળવવા રાજ્યમાં મોટાપાયે લોકોનું વૅક્સિનેશન થાય તે માટે તજજ્ઞ તબીબો પ્રચાર-પ્રસારમાં રાજ્ય સરકાર સાથે જોડાય તેવી અપિલ પણ કરી હતી.

આ ટાસ્કફોર્સ કમિટીની ઉચ્ચસ્તરીય બેઠકમાં મ્યુકોરમાઇકોસીસના રોગચાળા અને તેની સારવાર અંગે પણ ચર્ચા હાથ ધરાઇ હતી.

રાજ્યના ૯ જેટલા વરિષ્ઠ નિષ્ણાત તબીબોની ટાસ્ક ફોર્સના સભ્યો પૈકી વિશ્વપ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ અને એપેક્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદના ચેરમેન પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવલંકર, ઝાયડસ હોસ્પિટલ, ઈન્ફેક્સિયશ ડિસિઝ કન્સલ્ટન્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદના ઇન્ફેક્શન ડિવિઝનના ડાયરેક્ટર શ્રી ડૉ. અતુલ પટેલ, જાણીતા પલ્મોનોલૉજીસ્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. તુષાર પટેલ, એપોલો હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. મહર્ષિ દેસાઈએ બેઠકમાં સહભાગી થઇને કોવિડ પ્રોટોકોલ તથા લાઇન ઓફ ટ્રીટમેન્ટ વિશે પોતાના અનુભવો શેર કર્યા હતા અને સૂચનો પણ કર્યાં હતાં.

આ ટાસ્ક ફોર્સના તબીબો અગાઉ પણ રાજ્ય સરકારને કોવિડ પ્રોટોકોલ, ટ્રીટમેન્ટ પ્રોટોકોલ, મેડિસિન મેનેજમેન્ટ વગેરે અંગે જરૂરિયાત મુજબ માર્ગદર્શન અને સેવાઓ આપતા રહ્યા છે.

બેઠકમાં ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબો ઉપરાંત શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર અને શ્રી એમ. કે. દાસ, આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ, તથા અન્ય વરિષ્ઠ સચિવો જોડાયાં હતાં. ●





### ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાને ફેલાતો અટકાવવા

# 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનની ચાવીરૂપ ભૂમિકા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના વધુ ફેલાય નહીં તે માટે 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાન ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે તેવો સ્પષ્ટ મત દર્શાવ્યો છે. ૧૦ જેટલા ગામ આગેવાનોની એક સમિતિ બનાવીને ગામમાં કોઇ જગ્યાએ ભીડભાડ ના થાય, સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને લોકો માસ્ક પહેરતાં થાય એ બાબત સુનિશ્ચિત કરવાથી ગામમાં કોરોનાના કેસો વધતાં અટકાવી શકાશે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ અભિયાનને વધુ વ્યાપક ફલક પર વિસ્તારવા તેમજ દરેક ગામમાં તબીબી સુવિધા અવિરત મળતી રહે તે હેતુસર ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ મારફતે રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને સી.ડી.એચ.ઓ.શ્રી સાથે તાજેતરમાં સમીક્ષા બેઠક કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જિલ્લા / તાલુકા કક્ષાએ ટીમ બનાવી ગામડાઓમાં 'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાન હેઠળ ઊભા કરાયેલા CCCC (કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર)ની મુલાકાત લઇને ત્યાં રહેવા, જમવા, પૂરતા પ્રમાણમાં દવાઓનો જથ્થો, પીવાના શુદ્ધ પાણી અને સ્વચ્છતા સહિતની તમામ સુવિધાઓની ચોકસાઇ કરવાનું સૂચન કર્યું હતું.

આવા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ વિના વિલંબે અને સમયસર મળે તે માટે તાલુકા વિકાસ અધિકારીઓ જે-તે જિલ્લાના વિકાસ અધિકારીના સીધા માર્ગદર્શનમાં વ્યવસ્થા ગોઠવે તેવી તાકીદ પણ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, છેવાડાના ગ્રામીણ વિસ્તારો સુધી દવાઓ અને તબીબી સેવાઓ પહોંચાડી કોરોનામુકત ગામનો સંકલ્પ આપણે પાર પાડવો છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, અત્યારે દરેક ગામમાં મર્યાદિત સંખ્યામાં અથવા તો નહીંવત્ કોરોના પોઝિટિવ દર્દીઓ છે. આવી વ્યકિતઓ જો પોતાના ઘરમાં લોકોની સાથે જ રહેશે તો સંક્રમણ ફેલાવાનો ભય રહેશે. આથી આવી કોરોના સંક્રમિત તમામ વ્યકિતઓને CCCC ખાતે આઇસોલેટ કરવામાં આવે તો સંક્રમણ વધતું અટકાવી શકાશે. દર્દીના પરિવારજનોની સુરક્ષા અને ગામના લાભ માટે પોઝિટિવ દર્દીઓ CCCC ખાતે સિફ્ટ થાય તે પ્રકારની જગૃતિ લાવવા માટે ગામના આગેવાન વડીલોની દરમિયાનગીરીથી પ્રયાસ કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં રહેલા ગ્રામજનો સાથે તેમના પરિવારજનોની પણ આરોગ્ય તપાસ થાય અને અન્ય કોઇ પરિવારજનમાં સામાન્ય તાવ, શરદી, ખાંસી જેવાં લક્ષણો જણાય તો તેને પણ તકેદારી રૂપે આઇસોલેટ કરવામાં આવે તેવું સૂચન કર્યું હતું.

આવા જરૂરતમંદ વ્યક્તિઓને સ્ટાન્ડર્ડ દવાઓની કિટ મળી રહે તથા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં તેમના બી.પી. ઑક્સિજન લેવલ વગેરેની તપાસ થાય અને જરૂર જણાયે સારવાર માટે આરોગ્ય કેન્દ્રોમાં વેળાસર રિફર કરવામાં આવે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સ્થાપના દિવસ ૧લી મે થી શરૂ થયેલા 'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાન અન્વયે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ જિલ્લાના ગામોમાં ૧૩૦૬૧ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સ ૧ લાખ ૨૦ હજાર બેડની ક્ષમતા સાથે ઊભા કરી દેવાયાં છે.

'મારું ગામ કોરોનામુકત ગામ'ના આ ૧૫ દિવસના અભિયાનમાં ગ્રામીણ જનશક્તિને જોડીને ગામડાંઓમાં કોરોના સંક્રમણ નિયંત્રણ માટેના ઉપાયો, કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સ જનભાગીદારીથી શરૂ કરીને ત્યાં સામાન્ય લક્ષણોવાળા ગ્રામજનોને આઇસોલેટ કરવા, સ્ટાન્ડર્ડ દવાઓનું વિતરણ વગેરે વ્યવસ્થાઓ પંચાયત-આરોગ્ય વિભાગના સહયોગથી ઊભી કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને CDHO સાથે યોજેલી આ વીડિયો કોન્ફરન્સમાં પંચાયત રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, ગ્રામ વિકાસ સચિવ શ્રી વિજય નહેરા, આરોગ્ય કમિશનર શ્રી શિવહરે વગેરે પણ જોડાયાં હતાં. ●

# કોવિડ ટાસ્ક ફોર્સના તબીબોનું ઉપયોગી માર્ગદર્શન



કોરોનાના સંક્રમણના બીજા તબક્કામા સંક્રમણનુ પ્રમાણ જે રીતે વધી રહ્યુ છે તેની સામે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે પ્રતિદિન મળતી કોર કમિટીની બેઠકમાં લીધેલા મહત્ત્વના નિર્ણયો અને એના અસરકારક અમલના પરિણામે આપણને સંક્રમણ ખાળવામા સફળતા મળી છે. આ અંગે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ.જયંતી રવિએ જણાવ્યુ હતું કે, બીજા તબક્કામા ૨૯ એપ્રિલથી કેસોની માત્રામા ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે તે એક સારો સંકેત છે.

તેમણે ઉમેર્યુ કે, ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને સુરક્ષિત કરવા 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનનો રાજયવ્યાપી શુભારંભ થયો છે અને કોવિડ કેર સેન્ટર કાર્યરત થયાં છે જેના પરિણામે ગ્રામ્ય સ્તરે સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓને ત્વરિત સારવાર મળશે અને કોરોનાની ચેઈન તોડવામાં પણ સફળતા મળશે. એટલા માટે લોકો પ્રાથમિક તબક્કે નિદાન કરાવી સારવાર લે તો ચોક્કસ ક્રિટિકલ થતા બચી શકશે.

## ડૉ. તેજસ પટેલઃ કાર્ડિયોલોજિસ્ટ, હૃદય રોગના નિષ્ણાત

કોરોનાના બીજા વૅવમાં દર્દીઓમાં કાર્ડિયોલોજિકલ ક્રાઈસિસ જોવા મળી છે. કોરોનામાંથી રિકવર થઈને આરામ કરતા કેટલાક દર્દીઓમાં ૧૫થી ૨૫ દિવસ પછી હૃદયની નળીઓમાં બ્લડ સર્ક્યુલેશનમાં ક્લૉટિંગ જોવા મળે છે. સમયસર દર્દીની સારવાર થાય તો દર્દીઓ સાજા થઈ જાય છે. કોરોનાની રિકવરી પછી કોઈ વ્યક્તિને છાતીમાં દુખાવો થાય કે બીજી કોઈ તકલીફ કે લક્ષણો દેખાય તો તરત જ હૃદયનું નિદાન કરાવી લેવું જોઈએ. દર્દીને સમયસર સારવાર મળી જાય તો કોમ્પ્લિકેશન્સ થતાં નથી. કોરોનાની સારવાર દરમિયાન દર્દીનું d-dimer વધી જતું હોય છે, ત્યારે ડૉક્ટર દર્દીને લોહી પાતળું કરવાની દવા આપતા જ હોય છે. દર્દીઓએ જરૂરિયાત પ્રમાણે એક કે બે મહિનાથી લઈને ત્રણ મહિના સુધી દવા લેવી જોઈએ, પરંતુ પોતાના ડૉક્ટરની સલાહ પ્રમાણે.

કોરોનાનો ત્રીજો વૅવ કેવો હશે ? અને ક્યારે આવશે.? એ વિષે બોલતાં ડૉ. તેજસ પટેલે કહ્યું હતું કે, કેસો ઓછા થાય એટલે લોકોમાં કમ્ફર્ટ લેવલ આવી જાય છે, પછી લોકો રિલેક્સ થઈ જાય છે, પરિણામે કોરોના ઉથલો મારે છે. એટલે જ સેકન્ડ વૅવમાં આપણને ઘણી તકલીફો પડી. સ્પેનિશ fluની પેટર્ન પ્રમાણે જોઈએ તો કોરોનાના ત્રીજા વૅવની માનસિકતા રાખી શકાય પરંતુ કોરોના સામેની કાળજીનું ચુસ્ત પાલન કરીશું તો આ સંભાવના અટકાવી શકીશું.

## ડૉ. અતુલ પટેલ : ઇન્ફેક્શન ડિવિઝનના ડિરેક્ટર, સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ

સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદના ઇન્ફેક્શન ડિવિઝનના ડિરેક્ટર ડૉ. અતુલ પટેલે જણાવ્યું કે, શરદી જેવા વાઇરલ ઇન્ફેક્શનની જેમ કોરોનાનો પણ એક નેચરલ કોર્સ હોય છે, અમુક દિવસો સુધી તે શરીરમાં રહે છે. સ્ટિરોઈડ કોરોનાના નેચરલ કોર્સમાં બદલાવ લાવે છે અને વ્યક્તિની ઈમ્યૂન સિસ્ટિમને સપ્રેસ કરે છે જેથી મ્યુકરમાઇકોસિસ શરીર પર હાવી થવાની સંભાવના વધી જાય છે. કોરોના પહેલા મ્યુકરમાઇકોસિસ થવાનું મોટું કારણ ડાયાબિટીસ હતું. સ્ટિરોઈડ લેવાથી સ્વાદુપિંડ પર તે અસર કરે છે અને વ્યક્તિના શરીરમાં ડાયાબિટીસની અસર જન્માવે છે. આમ ડાયાબિટીસ, કોરોના અને સ્ટીરોઇડનું ડેડલી કોમ્બિનેશન મ્યુકરમાઇકોસિસને અનુકૂળ માહોલ આપે છે.

તેમણે કહ્યું કે, મ્યુકરમાઇકોસિસની ફૂગ સડો પામતા શાકભાજી અને કચરામાં જોવા મળે છે સામાન્ય રીતે તે આપણી આસપાસના વાતાવરણમાં બધે જ વ્યાપ્ત છે. આપણે રોજ આ ફૂગના વિષાણુને શ્વાસમાં લઈએ છીએ પરંતુ પૂરતી રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા સામાન્ય માનવીને તેનાથી નુકસાન થતું નથી.

તેમણે ઉમેર્યું કે, કોરોના થયા બાદ વ્યક્તિને જો માથું, આંખ, જડબા અને ગળામાં દુખાવો જેવાં લક્ષણો જણાય તો તરત જ યોગ્ય તબીબી તપાસ કરાવવી જોઈએ. મ્યુકરમાઇકોસિસ લાંબી સારવાર માંગી લેતું હોય છે અને આ કિસ્સામાં મૃત્યુ દર અલગ-અલગ શહેરોમાં ૩૮ થી ૪૫ ટકા જોવા મળ્યો છે.

ડૉ.અતુલે કહ્યું કે, કોવિડના ઘણા દર્દીઓ આઇ.સી.યુ. અને ઑક્સિજનની કે કોઇ અન્ય દવાઓની જરૂર પડશે તેવું વિચારી માનસિક તણાવમાં આવી જતા હોય છે પરંતુ એ યાદ રાખવું જોઈએ કે માત્ર ૨૦ ટકા દર્દીઓને જ સિમ્ટોમેટિક સપોર્ટિવ કેરની જરૂર છે. રેમડેસિવિરનો ઉપયોગ પણ તબીબની સલાહ પ્રમાણે જ કરવો જોઈએ. રેમડેસિવિર લાઇફ સેવિંગ ડ્રગ છે તેવું કોઇ જ સ્ટડીમાં પુરવાર થયું નથી. રેમડેસિવિર માત્ર દર્દીનો હોસ્પિટલ સ્ટે ઘટાડે છે. રેમડેસિવિરના ઉપયોગથી મૃત્યુદરમાં કોઇ જ ફેરફાર



થયો નથી. આ ઉપરાંત કોરોના થતા જ દર્દીને રેમડેસિવિર ઇન્જેક્શન આપવાથી પણ કોઈ ફાયદો થતો નથી.

## ડૉ. તુષાર પટેલ : પલ્મોનોલોજિસ્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ

ટાસ્ક ફોર્સના સભ્ય અને જાણીતા પલ્મોનોલૉજિસ્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. તુષાર પટેલે પોસ્ટ કૉવિડ લંગ્સ ફાઈબ્રોસિસ વિશે વિસ્તૃત માહિતી આપતા કહ્યું હતું કે, કોરોનામુક્ત થઈ ગયેલા દર્દીઓ પૈકી મોટાભાગના દર્દીઓને ફેફસામાં શિથિલતા આવી જવાને કારણે શ્વાસ લેવામાં થોડી તકલીફ પડવી કે ખૂબ થાક લાગવા જેવી તકલીફ થતી હોવાની સૌથી વધુ ફરિયાદ મળે છે. દોઢ વર્ષના કોરોના ટ્રીટમેન્ટ સંબંધિત અનુભવને આધારે એટલું ચોક્કસ કહી શકું છું કે, ફેફસાનું ડેમેજ લાંબો સમય રહેતું પણ નથી. કોરોનામુક્ત થયેલા દર્દીઓએ ફેફસાં મજબૂત કરવા વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. તેના માટે યોગ - પ્રાણાયામ તથા ફેફસાને મજબૂત કરવા માટેની કસરતો કરવી જ જોઈએ. ફેફસાને લાગતી ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટ પણ લઈ શકાય. પોસ્ટ કૉવિડ લંગ્સ ફાઈબ્રોસિસથી ડરવાની જરૂર નથી પરંતુ તકેદારી રાખીને કોરોનામુકત દર્દીએ ફેફસાં મજબૂત કરવાની કસરત કરવી એટલી જ જરૂરી છે.

## ડૉ.મહર્ષિ દેસાઈઃ ક્રિટિકલ કેર સ્પેશ્યાલિસ્ટ, એપોલો હોસ્પિટલ

કોરોનાના દર્દીઓની સારવારને લઇને અનેક ઊભી થઇ રહેલી ગેરસમજ અંગે વાત કરતા ડૉ.મહર્ષિ દેસાઈએ જણાવ્યું હતું કે, સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓએ શરૂઆતના ૫-૭ દિવસમાં કોઈ વધારાના રિપોર્ટ કે પછી સીટી સ્કેન કરવાની પણ જરૂર હોતી નથી. માત્ર ઘરે આઇસોલેટ થઇને પણ ઝડપથી રિકવરી મેળવી શકે છે. કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓએ શરૂઆતના ૫-૭ દિવસ દરમ્યાન ખૂબ જ આરામ કરવો જોઇએ, ખૂબ માત્રામાં પ્રવાહી લેવું જોઇએ.

સ્ટિરોઇડ દવાનો ઉપયોગ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોના પોઝિટિવ આવનારા દર્દીઓએ શરૂઆતના ૫-૭ દિવસ સુધી સ્ટિરોઇડ દવાનો ઉપયોગ ટાળવો જોઈએ. ૭ દિવસ બાદ ડોક્ટરની સલાહ મુજબ જ સ્ટિરોઇડનો ઉપયોગ કરવો જોઈએ.

## ડૉ.દિલીપ માવળંકરઃ ડાયરેક્ટર, ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ

ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થના ડાયરેક્ટર ડૉ.દિલીપ માવળંકરે જણાવ્યુ હતું કે, કોરોનાને નાથવા માટે આપણે ઘણા સમયયથી પ્રયાસો કર્યા છે જેને સફળતા મળી છે. આગામી સમયમા ત્રીજો વેવ આવવાની સંભાવના સેવાઈ રહી છે તે માટે આપણે સૌ એ તકેદારી સાથે સચેત રહેવાની જરૂર છે. તેમણે ઉમેર્યુ કે, બીજા તબક્કામાં ગામડાઓમાં જે રીતે કેસો વધી રહ્યા છે તે માટે ગ્રામીણ કક્ષાએ કોવિડ કેર સેન્ટર શરૂ કરી દેવાયાં છે ત્યારે દર્દીઓ આઈસોલેશનમાં રહે તો એના પરિવારને સંક્રમણથી બચાવી શકશે. આવાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓ જો આઈસોલેશનમા રહીને સારવાર લે તો ગ્રામ્ય સ્તરે ચોકકસ સંક્રમણ અટકાવી શકીશું.

તેમણે ગામડાઓમા સંક્રમણ અટકે એ માટે ભીડ એકત્ર ન કરીએ અને યોગ્ય સોશયલ ડિસ્ટન્સિગનું પાલન કરીને કોવિડના પ્રોટોકોલનુ પણ ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત લોકોમા જાગૃતિ આવે એ માટે સંનિષ્ઠ પ્રયાસો કરીએ અને સૌ નાગરિકો પણ સ્વયં જાગૃત બને એ પણ એટલુ જ જરૂરી છે. ભીડમા જઈએ ત્યારે ડબલ માસ્ક રાખીએ, સોશ્યલ ડિસ્ટન્સ રાખીએ તેમજ સેનીટાઈઝેશન અને વેન્ટીલેશનની યોગ્ય વ્યવસ્થાઓ પોતાના ઘરમાં રાખવુ જોઈએ. તેમજ બિમારી જણાય તો સત્વરે નિદાન કરાવીને તેની સારવાર ઝડપથી શરૂ કરવી જેના પરિણામે આપણે ક્રિટીકલ પરિસ્થિતિમાંથી ચોકકસ બચી શકીશું તેમણે કોરોનાથી બચવા માટે વેકિસન ઉપલબ્ધ છે તો સૌ નાગરિકો એ સહેજપણ ગભરાયા વગર વેકસિન લઈ લેવી જોઈએ તેમ તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો છે. ●

# 'મારું ગામ, કોરોનામુક્ત ગામ'

## આરસોડિયા અને ચેખલા ગામે CMએ ગ્રામજનો વચ્ચે પહોંચીને એમને હૂંફ આપી

સંવાદ સમસ્યાના ઉકેલ માટેનું પહેલું પગથિયુ છે. સંવાદ દ્વારા જ લોકોની સમસ્યાઓ જાણી શકાય છે અને ઉકેલી શકાય છે. મુખ્યમંત્રીની સંવેદનશીલતાના કારણે લોકો સહજતાથી અને સરળતાથી પોતાની મુશ્કેલીની વાત મોકળા મને રજૂ કરી શકે છે. પહેલાના સમયમાં રાજા છૂપા વેશે રાત્રી ભ્રમણ કરી લોકોની સમસ્યાઓનો તાગ મેળવતા. આવું જ ગુજરાતમાં પણ થયું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોમન મેન સી.એમ. તરીકે આરસોડિયા અને ચેખલાના ગ્રામજનો સાથે ગામના ચોરામાં બેસીને કોરોના પ્રોટોકોલ નિયમોના પાલન સાથે સહજ સંવાદ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનાં ગામોને કોરોનામુક્ત રાખવા અને કોરોનાની આ બીજી લહેર પર જનશકિતના સહયોગ અને રાજ્ય સરકારની આરોગ્ય સેવાઓના વ્યાપ દ્વારા કોરોનાને પરાસ્ત કરવા જે જોઇશે તે કરીને, સુવિધા નહિ હોય તો ઊભી કરીને પણ કોરોના સામેનો આ જંગ જીતવાનો પ્રબળ આત્મવિશ્વાસ ગાંધીનગરના કલોલ તાલુકાના આરસોડિયા ગામ ખાતે 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાન અંતર્ગત નિર્માણ કરવામાં આવેલા કોવિડ કોમ્યુનિટી સેન્ટરની મુલાકાત દરમ્યાન વ્યક્ત કર્યો હતો

કોરોના સંક્રમણની બીજી લહેર પડકારરૂપ છે. આ પ્રકારની મહામારી સદીમાં એક વખત આવતી હોય છે. ગત સદીમાં 1920માં સ્પેનિશ ફ્લુ નામની મહામારી આવી હતી. તે સદીમાં કયાં આટલી મેડિકલ સુવિધા કે ડૉકટરો હતા, તેમ છતાં તે મહાબીમારીને નાથવામાં માનવજાત સફળ રહી હતી. આજે કોરોનાને હરાવવા આપણી પાસે અનેક મેડિકલ સેવાઓ દવાઓ ઉપલબ્ધ છે એટલે કોરોના સામે આપણી જીત નિશ્ચિત છે એમ તેમણે કહ્યું હતું.

કોરોનાની પ્રથમ લહેર વખતે આપણી પાસે વૅક્સિન ન હતી. તેમજ બીમારી નવી હોવાથી તેના ચોક્કસ નિદાન માટે શું કરવું તે વાતથી ડૉકટરો મૂંઝવણમાં હતા. પરંતુ બીજી લહેર વખતે દેશમાં વૅક્સિનેશન ચાલી રહ્યું છે. તેમજ કોરોનાના સારવાર અને નિદાન પદ્ધતિ યોગ્ય રીતે કરવામાં આવી રહી છે.

કોરોના સામેની આ લડતમાં આપણે થાકવું નથી, હારવું નથી અને નિરાશ પણ નથી થવું તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, પ્રથમ કોરોનાની લહેર વખત આપણને દરરોજ ૨૫૦ મેટ્રિક ટન ઑકિસજનની જરૂરિયાત હતી. પણ આજે બીજી લહેરમાં સંક્રમણ વધતા દરરોજ ૧ હજાર મેટ્રિક ટન ઑક્સિજનની જરૂરિયાત ઉભી થઇ છે. તે માટે પણ રાજય સરકારે સુચારુ આયોજન કર્યું છે. ૪૦



દિવસમાં રાજયમાં ૫૫ હજાર આઇ.સી.યુ.અને ઑક્સિજનની સુવિધાવાળા બેડ ઊભા કરવામાં આવ્યા છે. તેમજ તા. ૧૫ માર્ચ, ૨૦૨૧ પહેલા રાજ્યમાં હોસ્પિટલોમાં ૪૧ હજાર બેડ હતા, જે બેડની સંખ્યા આજે ૧ લાખની કરવામાં આવી છે.

'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અંતર્ગત કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરમાં રાજયમાં વધુ એક લાખ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, રેમડેસિવિર ની સમગ્ર દેશમાં તાકીદની જરૂરિયાત છે, તેમ છતાં એક માસમાં ૭ લાખ જેટલા રેમડેસિવિરની વ્યવસ્થા કરીને ગુજરાતમાં કોરોનાના અનેક દર્દીઓના જીવન બચાવ્યા છે. ક્યાંય મેડિકલ સ્ટાફની પણ ઘટ ના પડે તે હેતુથી ડોક્ટર્સ નર્સ પેરમેડિકલ સ્ટાફ વગેરેની ભરતી માટે રાજ્ય સરકારે જિલ્લા કલેકટરોને સત્તા આપી છે. એટલું જ નહિ રાજય સરકાર દ્વારા ફેબી ફ્લ્યુ સહિતની જરૂરી દવાઓનો રાજયના તમામ પી.એચ.સી. અને સી.એચ.સી.માં પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરાવી દીધો છે. અનેક પ્રજાલક્ષી નિર્ણયો કરીને કોરોના સામેનો જંગ જીતીશું, તેવો આત્મવિશ્વાસ લોકોને આપ્યો છે. બીજી લહેરમાં હવે છેલ્લા બે ત્રણ દિવસથી કોરોના કેસો ઘટી રહ્યા છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ત્રીજી લહેરના સામના માટે પણ સરકારે આગોતરી તૈયાર કરી છે.

તેમણે છેલ્લા એક વર્ષથી કોરોના જંગમાં સતત ખડેપગે સેવા આપતાં ડૉક્ટર, નર્સો અને પેરામેડિકલ સ્ટાફને સેવાની પ્રશંસા કરી હતી. તેમજ આ સેવાકીય કાર્યમાં જીવ ગુમાવનાર સર્વે પ્રથમ હરોળના કોરોના વોરિયર્સને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

શહેરમાં કેસ ઘટી રહ્યા છે પરંતુ હવે ગામડામાં કેસ વધી રહ્યા





છે, તેની ચિંતા વ્યક્ત કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો સ્પષ્ટ નિર્ધાર છે કે ગામડાઓને કોરોના સંક્રમણથી બચાવવા છે. રાજય સરકાર દ્વારા રાજયના સ્થાપના દિવસથી 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે લોકોની જાગૃતિ ગ્રામજનોના સહયોગ અને રાજ્ય સરકારની આરોગ્ય સેવા વ્યાપ વધારીને આ અભિયાન થકી ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ ઘટાડી શકાશે.

રાજયના તમામ ગામના ગ્રામજનોને માસ્ક અવશ્ય પહેરવાની અને કોરોના ગાઈડ લાઇનના નિયમો પાળવાની નમ્ર ભાવે અપીલ કરતા મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગામડાઓ સહિયારો સંકલ્પ કરશે તો આપણે કોરોના સામેનો જંગ ચોક્કસ જીતીશું.

આરસોડીયા ગામની પાણી સમિતિના ચેરમેન શ્રી ભીખાભાઈએ જણાવ્યું હતું કે, કોરોના મુક્ત ગામ બનાવવા માટે ગામના સર્વે ગ્રામજનો સંગઠિત થઇને કામ કર્યું છે. આ કામને સાર્થક કરવા માટે જિલ્લા વહીવટી તંત્રની ઉત્તમ સુવિધા મળી છે. તેમજ દર્દીઓ સહિત ગામમાં નિયમિત ઉકાળા અને અન્ય જરૂરી દવાની સુવિધા મળી રહી છે. આ ઉત્તમ કાર્ય થકી કોરોના મુક્ત ગામ બનાવીશું તેવો અમને આત્મ વિશ્વાસ આવી ગયો છે

ગામની સેવા સહકારી સંસ્થાના ચેરમેન શ્રી રમેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, જે ગ્રામજનોને આ કોમ્યુનિટી કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા છે તેમની જમવાની વગેરે સુવિધા ગ્રામજનો ની સમિતિ સાથે મળીને કરી રહી છે. આ સેન્ટર શરૂ કરવાના કારણે કોરોના પોઝિટીવના દર્દીના પરિવારજનો સંક્રમિત થતા અટકયા છે જેથી ધીરે ધીરે ગામમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે અને ગામ કોરોના મુક્ત ગામ ચોક્કસ બનવાનું જ છે.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગ્રામજનો સાથે ચોરામાં સંવાદ કર્યા બાદ સેન્ટરની રૂબરૂ મુલાકાત કરીને સેન્ટરની સુવિધાઓની વિગતો મેળવી હતી.

આ પ્રસંગે ગ્રામ વિકાસ કમિશનર શ્રી વિજય નહેરાએ જણાવ્યું હતું કે, કોરોનાની પડકારજનક પરિસ્થિતિમાં મહાનગરોમાં કોરોના કેસ ઘટી રહ્યા છે. પરંતુ ગામડાઓમાં કોરોના કેસ ન વધે તે માટે



રાજ્ય સરકાર દ્વારા રાજયના સ્થાપના દિવસથી 'મારું ગામ, કોરોનામુક્ત ગામ'નો નવીન અભિગમ રજૂ કરવામાં આવ્યો છે.

આ અભિગમમાં ત્રણ - ચાર દિવસમાં સમગ્ર રાજયમાં ૧૫ હજારથી વધુ કોવિડ કોમ્યુનિટી સેન્ટરો ઊભાં થયાં છે. ૧ લાખ ૩૫ હજાર બેડની સુવિધા ઊભી થઇ છે. કોરોનાને નાથવા માટેનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને સર્વેલન્સ. તેમણે કોરોનાથી સંક્રમિત વ્યક્તિઓ ઘરે રહે તેના કરતા આ સેન્ટરમાં રહે તો ગામમાં સંક્રમણ આપોઆપ ઘટશે. તેમજ જરૂરી આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહેશે.

ગાંધીનગરના કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, આરસોડિયા ગામમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૪૩૩ જેટલા વ્યક્તિઓ શંકાસ્પદ માલુમ પડી હતી. જેમાંથી ૩૦૭ વ્યક્તિઓનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જૈ પૈકી ૯૭ લોકોને કોરોના પોઝિટિવ માલુમ પડયો હતો. જેમને યોગ્ય સારવાર મળતા આજે ગામમાં માત્ર ૧૯ વ્યક્તિ કોવિડ સેન્ટરમાં હતી. જે પૈકી આજે માત્ર આઠ કોરોનાના દર્દી આ સેન્ટરમાં સારવાર હેઠળ છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલીની દુહાન, કલોલ પ્રાંત અધિકારી શ્રી એ.ડી.જોષી સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### અમદાવાદના ચેખલા ગામે કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરની મુલાકાત લેતા CM

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યનાં ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા અને ગામડાઓને કોરોનામુક્ત રાખવા હાથ ધરેલા રાજ્યવ્યાપી 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકા સ્થિત ચેખલા ગામ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ ચેખલા ગામના ચોરેથી સમગ્ર રાજ્યને હૈયાધારણા આપતા કહ્યું કે, આખી સરકાર અને સંસાધનો કોરોનાની સામે અને પ્રજાની પડખે છે. રાજ્યમાં તમામ સુવિધાઓ, સંસાધનો ઉપલબ્ધ છે એટલે કોઈએ પણ ડરવાની કે ગભરાવાની જરૂર નથી. કોરોનાને હરાવવા સરકાર કટિબદ્ધ છે જરૂર છે માત્ર લોકોના સક્રિય સહયોગની તેવો ભાવ મુખ્યમંત્રીશ્રી એ વ્યક્ત કર્યો હતો.

## છ લાખથી વધુ ગુજરાતીઓએ કોરોનાને પછાડ્યો

*ગુજરાતમાં અત્યાર સુધીમાં છ લાખથી વધારે લોકોએ કોરોનાને માત આપી છે. તા.૧૪/૫/૨૦૨૧ની સ્થિતિએ કુલ ૬,૦૯,૦૩૧ દર્દીઓ કોરોના સામેનો જંગ જીતી ગયા છે. ગુજરાત માટે બીજા સારા સમાચાર એ પણ છે કે દાખલ થયેલા દર્દીઓ કરતાં સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓની સંખ્યા વધી છે. સમગ્ર રાજયમાં તા.૧૪/૫/૨૦૨૧ના રોજ ૯,૯૯૫ દર્દીઓ નોંધાયા હતા તેની સામે ૧૫,૩૬૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે.*

*અમદાવાદ શહેરમાં પણ ૨૭૬૪ નવા દર્દીઓની સામે સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓની સંખ્યા ૭,૨૦૯ છે. સુરતમાં પણ ૬૩૧ નવા દર્દીઓ નોંધાયા તેની સામે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૧૪૧૦ છે. રાજકોટ શહેરમાં પણ દાખલ થયેલા દર્દીઓ કરતા સાજા થઈને ગયેલા દર્દીઓની સંખ્યા ઘણી વધારે છે. રાજકોટમાં ૩૧૬ નવા દર્દીઓ દાખલ થયા છે જ્યારે ૪૩૬ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે.*

*સુરત જિલ્લામાં નવા ૨૧૯ દર્દીઓ ઉમેરાયા છે, તેની સામે ૩૫૮ દર્દીઓ સાજા થઈને ગયા છે. મહેસાણામાં ૩૩૮ નવા દર્દીઓ સામે સાજા થઈને ગયેલા દર્દીઓ ૫૦૮ છે. પંચમહાલમાં ૧૯૮ નવા દર્દીઓ દાખલ થયા છે, તેની સામે ૩૨૮ દર્દીઓ સાજા થઈને ગયા છે. ગાંધીનગર શહેરમાં ૧૨૫ નવા દર્દીઓ નોંધાયા છે, તેની સામે ૨૦૦ દર્દીઓ સાજા થઈને ગયા છે. ભાવનગરમાં નવા ૨૦૧ દર્દીઓ છે, જ્યારે ૩૩૩ દર્દીઓ સાજા થઈને ગયા છે. એવી જ રીતે નર્મદા જિલ્લામાં ૬૭ નવા દર્દીઓની સામે ૧૩૨ દર્દીઓ સાજા થઈને ગયા છે.*

*રાજ્ય સરકારના સઘન પ્રયાસો, તબીબો અને સમગ્ર આરોગ્ય તંત્રની મહેનત અને સમગ્ર વહીવટીતંત્રના પરિશ્રમના સારા પરિણામો મળી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાના સંક્રમણમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગુજરાતનો રિકવરી રેટ પણ ૮૨.૮૨ ટકા જેટલો થયો છે.* ●




મ્યુકરમાઇકોસિસના દર્દીઓ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ ખાતે અલાયદા વોર્ડની રચના કરવામાં આવી હોવાનું જણાવી તેની સારવાર માટે જરૂરી તમામ ઇન્જેકશન અને દવાઓના ઓર્ડર પણ આપી દેવામાં આવ્યું હોવાનું મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યુ હતુ.

કોરોના સામેની લડતમાં સારવાર અને સુવિધા અંગેની વિગતવાર માહિતી આપતા મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું કે, છેલ્લા બે મહિનાથી દરરોજ રાજ્યની હોસ્પિટલોમાં ૧૦૦૦ ટનથી વધુ ઑક્સિજનનો વપરાશ થઇ રહ્યો છે જેની પૂરતી વ્યવસ્થા રાજ્ય સરકાર પાસે છે. એક માસમાં સાત લાખ રેમડેસિવિર ઇન્જેકશન પૂરા પાડવામાં આવ્યા છે . 15 માર્ચે રાજ્યભરમાં 45000 કોરોના બેડ હતા જે આજે એક લાખ સુધી પહોચ્યા છે.

અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ અમદાવાદ જિલ્લામાં કોરોના સંક્રમણ રોકવા માટે થઇ રહેલી કામગીરીથી મુખ્યમંત્રીશ્રીને વાકેફ કરતા જણાવ્યું હતુ કે, જિલ્લાના તમામ ગામોમાં ગ્રામ યોદ્ધા સમિતિ કાર્યરત કરાઈ છે. જેના દ્વારા લોકોને લોકોની અવર જવર પર અંકુશની સાથે કોરોના ટેસ્ટિંગ, પ્રાથમિક સારવાર, રસીકરણ અને કોરોનાની ગાઈડલાઈનના પાલન અંગેની જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

જિલ્લામાં કુલ ૪૬૬ કોવિડ કેર સેન્ટરમાં ૨૯૨૪ બેડની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે એટલું જ નહીં જરૂરી દવાઓ પલ્સ ઓક્સિમીટર મીટર , થર્મલ ગન, સ્કીન વેપરાઇઝર જેવા સાધનો ઉપલબ્ધ કરાયા છે.યોગા અને આયુર્વેદિક દવાઓના ઉપયોગની સમજ પણ આપવામાં આવી રહી છે.

રાજ્યના અન્ય જિલ્લાઓની સાપેક્ષમાં અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી ચાર લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૫૯૮૯ વ્યક્તિ કોવિડ પોઝિટિવ જણાયા છે જેમને સઘન સારવાર આપવામાં આવી છે.

જુદા-જુદા તાલુકાઓમાં “મોબાઈલ લેબોરેટરી વાન” અને “ટેસ્ટિંગ વાન” પણ કાર્યાન્વિત કરાઈ છે. રસીકરણ એ કોવિડ સામેનું અમોઘ શસ્ત્ર છે ત્યારે અમદાવાદ જિલ્લો રસીકરણ ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં મોખરે છે.

૯૫૪૬ આરોગ્ય કર્મીઓ, ૩૯૦૮૨ ફ્રન્ટલાઈન વર્કર્સને રસી અપાઈ છે એ અર્થમાં ૯૯% રસીકરણનો લક્ષ્યાંક આ બંને વર્ગમાં સિદ્ધ કરાયો છે.જ્યારે ૪૫ વર્ષથી ઉપરના ૩૧૪૪૭૩, લોકોને રસી આપીને ૮૬ ટકા લક્ષ્યાંક સિધ્ધ કરાયો છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ અમદાવાદ જિલ્લામાં ઑક્સિજનના પુરવઠાને ઉપલબ્ધ કરાવવા માટે ઑક્સિજન બેંકની વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યુ હોવાનું જણાવ્યુ હતુ.

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતુ કે , જિલ્લામાં સેનિટાઇઝેશન કામગીરીને વ્યાપક કામગીરી કરાઈ છે. આરોગ્ય અને સ્થાનિક સ્વરાજ્યની ટીમો દ્વારા અંદાજે ૭.૫૦ લાખ ઘરોમાં સેનિટેશન કરવામાં આવ્યું છે.





જિલ્લામાં તમામ તાલુકામાં ઉકાળાના એક લાખ પેકેટ તથા એક લાખ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે ૩૦ ધન્વંતરિ રથ દ્વારા ૫૫૫૬૬૭ આયુર્વેદિક ઉકાળા-દવા, ૪૮૪૬૦૧ હોમીયોપેથિક દવાનું વિતરણ કરીને ૧૦ લાખથી વધુ લોકોને સારવાર આપવામાં આવી છે.

જિલ્લામાં કોવિડ બેડની સંખ્યા ૩૦૦થી વધારીને ૧૭૭૯ કરવામાં આવી છે.જેમા આઇ.સી.યુ. વેન્ટિલેટર ના ૭૬ બેડ, ૬૬૨ ઑક્સિજન બેડનો પણ સમાવેશ થાય છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ૪૫૦ બેડ ઉપરાંત, જિલ્લાની ૪૦ ખાનગી હોસ્પિટલમાં ૮૬૫ બેડની સાથે તમામ ૯ તાલુકામાં કુલ ૪૦૪ બેડ સાથે કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની ગ્રાન્ટમાંથી જિલ્લાના સાણંદ અને બાવડા વિસ્તારમાં ૭ એમ્બ્યુલન્સ વાન, મોબાઈલ લેબોરટરી વાન,૨ ડિજિટલ એક્સ-રે મશીન ૨ સોનોગ્રાફી કલર મશીન, ૧૨ બાઈનોક્યુલર માઈક્રોસ્કોપ, ૬ ઑક્સિજન કન્સન્ટ્રેટર મશીન સહિત અન્ય સાધનો ફાળવવામાં આવ્યાં છે.

આગામી સમયમાં જિલ્લામાં ૧૦૦ ઑક્સિજન કન્સન્ટ્રેટર,૫૪ બાય પેપ મશીન, બિરલા ફાઉન્ડેશનના સહયોગથી ૨ ઑક્સિજન પ્લાન્ટ ઉપરાંત ટાટા ફાઉન્ડેશન, ઝાયડસ ફાઉન્ડેશન મારુતિના સહયોગથી ૧૦૦-૧૦૦ બેડનું આયોજન અને ૩૦ વેન્ટિલેટરનું પણ આયોજન હાથ ધરવામાં આવશે.

ચેખલા ગામ ખાતેના મુખ્યમંત્રીશ્રીના ગ્રામયોદ્ધા કમિટીની સાથેના સંવાદ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ સહિત અધિકારી અને પદાધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. ●



## સાહેબ, સામેથી મળવા આવ્યા એટલે બહુ સારું લાગ્યું : જશીબહેન કાળુભાઈ

શ્રી વિજયભાઈ રૂપાણીએ ચેખલા ગામના ચોરે ગ્રામજનો સાથે સંવાદ સાધ્યા બાદ રામજી મંદિર પાસે આવેલા ઘરની મુલાકાત લઈ જાતમાહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ પરમાર જીલુભા સબરસંગના ઘરની મુલાકાત લઈ ઘરમાં ઉપસ્થિત અમરતબહેનને ખબર-અંતર પૂછ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ પરિવારના સભ્યોને અચૂકપણે માસ્ક પહેરવા માટે તાકીદ કરી.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી પાસેની શેરીમાં ઊભેલાં બહેનોને જઈને મળ્યા હતા અને તેમને માસ્ક પહેરવા માટે પ્રેરિત કર્યા હતા. આ અંગે પ્રતિભાવ આપતાં જશીબહેને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી સામેથી આવીને અમને મળ્યા એટલે બહુ સારું લાગ્યું. જશીબહેન કહે છે કે, 'અમે થોડા દૂર હતા એટલે મુખ્યમંત્રીશ્રીને સાંભળી શકતા ન હતા, પણ તે આવીને અમને મળ્યા અને કોવિડ સંદર્ભે કાળજી રાખવા માટે અપીલ કરી હતી...અમને લાગ્યું કે કોઈક અમારું છે અને અમારી ચિંતા કરે છે...' ●

## "મારું ગામ, કોરોનામુક્ત ગામ"

# રાજ્યના 17 હજાર ગામોને આવરી લેતું મહાઅભિયાન





મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસ ૧ લી મે થી ‘મારું ગામ કોરોનામુકત ગામ’ અભિયાનનો રાજ્યના ૧૭ હજાર ગામોમાં પ્રારંભ કરાવતાં નિર્ધાર વ્યકત કર્યો કે, ગ્રામીણ જનશક્તિના સહયોગ અને જનજાગૃતિથી આગામી ૧૫ દિવસ આ અભિયાન યુદ્ધના ધોરણે ઉપાડી આપણે ગુજરાતના દરેક ગામને કોરોનામુકત ગામ કરવું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સી.એમ. ડેશબોર્ડ માધ્યમથી રાજ્યનાં ગામોના સરપંચો, જિલ્લા-તાલુકા પંચાયત પ્રમુખો, પદાધિકારીઓ, અગ્રણીઓ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રીઓ, અધિકારીઓ સાથે 'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાનના પ્રારંભ અવસરે ઇ-સંવાદ સાધીને માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના દરેક ગામમાં શાળા સંકુલ, જ્ઞાતિની વાડી, મોટાં ખાલી રહેલાં મકાનો, મંડળીઓ, પંચાયત ઘર જેવી જગ્યાઓએ જરૂર જણાયે આઇસોલેશન સેન્ટર, કોવિડ કેર સેન્ટર્સ ઊભાં કરવાં અને તેમાં શરદી, ખાંસી, સામાન્ય તાવ જેવાં લક્ષણો ધરાવતા ગ્રામજનોને આઇસોલેટ કરવા અપીલ કરી હતી.

આવા આઇસોલેશન સેન્ટર્સ-કોવિડ કેર સેન્ટરમાં રહેલા લોકોના રહેવા-જમવા તેમજ સ્ટાન્ડર્ડ દવાઓ, વિટામિન-સી, એઝિથ્રોમાઇસિન, પેરાસિટામોલની વ્યવસ્થા ગામના આગેવાનો, યુવાનો ઉપાડી લે એવું આહવાન તેમણે કર્યુ હતું.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ‘મારા ગામમાં કોરોના પ્રવેશવા દેવો નથી’ તેવી નેમ સાથે ૧૦ વ્યક્તિઓની એક કમિટી બનાવી, તાલુકા-જિલ્લા વિકાસ અધિકારી, PHC, CHCના સહયોગથી ગ્રામજનોનું ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટની વ્યવસ્થા કરી ગામડાંઓમાં કોરોના સંક્રમણ પ્રવેશતું અટકાવી શકાય.

શ્રી વિજયભાઇ રૂપાણીએ સૌ ગ્રામજનોને તાકીદ કરી કે ૧૫ દિવસ માટે ગામમાંથી કોઇ બહાર ન જાય કે બહારની કોઇ વ્યક્તિ ગામમાં આવે નહિ તેવી નાકાબંધી કરીએ. એટલું જ નહિ, સરકારે આપેલા નિયંત્રણો-નિયમોનું ચુસ્ત પાલન થાય, ગામ સેનિટાઇઝ પણ થાય તો આ કોરોના સંક્રમણ ગામડાંઓમાં ફેલાતું અવશ્ય અટકશે જ.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યકત કર્યો કે, દરેક ગ્રામજન પોતાના ઘર પરિવાર સાથોસાથ ગામની પણ સામૂહિક ચિંતા કરશે અને કોરોના સંક્રમણ ફેલાતું અટકાવવા સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, વારંવાર હાથ ધોવા અને ભીડભાડ ન રાખવી જેવા નિયમો અપનાવશે તો કોરોના સામેની આ બીજી લહેરમાં પણ આપણે જંગ જીતી શકીશું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત કોરોનામુકત બને એ દિશામાં સૌ કોઇ રાજ્યના આ સ્થાપના દિવસથી સંકલ્પ લઇને જાગૃતિ-સતર્કતા દાખવે તેવો અનુરોધ પણ કર્યો હતો.

તેમણે રાજ્ય સરકારે કોરોના સંક્રમિતોની સારવાર-વ્યવસ્થા માટે અપનાવેલી રણનીતિ, બેડ, ઑક્સિજન વ્યવસ્થા વગેરેની પણ ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યની હોસ્પિટલોમાં માર્ચ મહિનામાં ૪૧,૮૭૦ બેડ હતા, જે આજે ૧ લાખની ઉપર પહોચ્યા છે. ઑક્સિજન અને આઇ.સી.યુ બેડ પણ ૩.૫ ગણા વધ્યા છે તે ૧૬૦૪૩માંથી ૫૭૦૭૩ થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોરોનાની બીજી લહેર વધુ વ્યાપક

અને તીવ્ર છે ત્યારે દરેક વાતનો વિરોધ કરવાવાળા અને પાણીમાંથી પોરા કાઢવાવાળાને ભગવાન સદબુદ્ધિ આપે. સરકારે રાજ્યની આરોગ્ય વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા જે કંઇ કર્યુ છે તેને પરિણામે જ મૃત્યુનું પ્રમાણ આપણે એક હદ સુધી રોકી શકયા છીએ. રાજ્યના બે લાખથી વધુ મેડિકલ-પેરામેડિકલ સ્ટાફ અને અન્ય વિભાગના કર્મીઓ દિન-રાત જોયા વગર થાકયા, હાર્યા કે રોકાયા વગર કોરોના સામેની લડત લડી રહ્યા છે તેઓ પણ અભિનંદનને પાત્ર છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે રાજ્યના તમામ યુવાનો અને ૪૫થી વધુ ઉંમરના લોકોના ઝડપથી રસી મેળવી કોરોના સામેની લડાઇમાં ભાગીદાર બને તેવી અપેક્ષા પણ આ તકે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ 'મારા ગામમાં કોરોના આવવા દેવો જ નથી' ના ધ્યેય મંત્ર સાથે 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાન ૧લી મે થી ૧૫ દિવસ માટે યુદ્ધના ધોરણે ઉપાડી લેવા ગ્રામીણ જનશક્તિને આહવાન આપ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની આગેવાનીમાં ગુજરાત સરકાર આ મહામારી સામે મજબૂતાઈથી લડત આપી રહી છે. રાજ્યમાં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટથી લઇ હેલ્થ વર્કર સુધી સૌ કોરોના સામેની આ લડાઇમાં સિપાહી બનીને કામે લાગ્યા છે.



રાજ્યપાલશ્રીએ ગુજરાત સ્થાપના દિને સરપંચો સાથે સી.એમ. ડેશબોર્ડના માધ્યમથી સંવાદ કરતા કહ્યું કે, કોરોનાની બીજી લહેરમાં વધુ લોકો સંક્રમિત બની રહ્યા છે, ત્યારે

## ગામે ગામ ઉભા થયા કોવિડ કેર સેન્ટર

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની પ્રેરણા-માર્ગદર્શનથી ગુજરાત સ્થાપના દિવસ 1 લી મે થી રાજ્યના 17 હજાર ગામોમાં કોરોનામુક્તિની સંકલ્પબદ્ધતા સાથે 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતના આહ્વાનને ગ્રામીણજનોએ લોકભાગીદારીથી વધાવી લીધું છે. આ અભિયાનને માત્ર પાંચ દિવસના ટૂંકાગાળામાં વ્યાપક પ્રતિસાદ સાંપડ્યો છે. માત્ર પાંચ દિવસના ટૂંકાગાળામાં રાજ્યના 33 જિલ્લામાં 13061 કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરનું નિર્માણ કરી 1 લાખ 20 હજાર બેડની વ્યવસ્થા કરાઈ છે.

કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં ભોજન-ગુણવત્તાયુક્ત દવાઓ સહિતની સેવાઓ ગ્રામીણ જનશક્તિની ભાગીદારીથી સરકારના ગ્રામવિકાસ-પંચાયતના સહયોગથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજ્ય સરકારના પંચાયત-ગ્રામવિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ લોકભાગીદારીથી શરૂ કરવામાં આવેલા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સના મોનિટરિંગ અને અન્ય વ્યવસ્થાઓનું સંકલન જિલ્લા વિકાસ અધિકારીશ્રીની માર્ગદર્શનમાં જે-તે તાલુકા વિકાસ અધિકારી અને ગામની 10 વ્યક્તિઓની બનેલી કમિટી કરે છે.

ગ્રામીણ કક્ષાએ સરકારી શાળા, કોમ્યુનિટી હોલ, સમાજવાડી, હોસ્ટેલ કે સરકારી મકાન જેવા બિલ્ડિંગ સ્થળોનો ઉપયોગ કરીને કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સ શરૂ કરવામાં આવી રહ્યા છે.

રાજ્યમાં જિલ્લાવાર આવા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સની વિગતો જોઈએ તો, અમદાવાદનાં 461 કોવિડ સેન્ટરમાં કુલ 3042, અમરેલીનાં 598 કોવિડ સેન્ટરમાં 3492, આણંદનાં 351 કોવિડ સેન્ટરમાં 1838, અરવલ્લીનાં 86 કોવિડ સેન્ટરમાં 1505, બનાસકાંઠાનાં 971 કોવિડ સેન્ટરમાં 7084, ભરૂચનાં 554 કોવિડ સેન્ટરમાં 4312, ભાવનગરનાં 668 કોવિડ સેન્ટરમાં 8771, બોટાદનાં 180 કોવિડ સેન્ટરમાં 1811, છોટાઉદેપુરનાં 343 કોવિડ સેન્ટરમાં 4270, ડાંગનાં 83 કોવિડ સેન્ટરમાં 1242, દાહોદનાં 732 કોવિડ સેન્ટરમાં 14581, દેવભૂમિ દ્વારકાનાં 269 કોવિડ સેન્ટરમાં

સાધવાની હટી તો દુર્ઘટના ઘટી જેવો ઘાટ ઘડાયો છે. ભીડ એકત્રિત કરવી, માસ્ક ન પહેરવું જેવી બેદરકારીને કારણે સંક્રમણ વધુ ઝડપે ફેલાઇ જતું હોય છે આથી ગુજરાતની દરેક વ્યક્તિ પોતાને કોરોનાથી બચાવવાની પ્રતિજ્ઞા કરે તો આખું ગામ અને આખું રાજ્ય કોરોનાથી અવશ્ય બચી જશે.

રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું કે, કોરોનાની દવા અર્થાત્ રસી આવી છે પરંતુ જોઇએ એવી કડકાઇ-નિયમ પાલનનું શિસ્ત આપણે દાખવી શકયા નથી. આ માટે ગામના સરપંચો, પંચાયતના પદાધિકારીઓ આગળ આવી એક કમિટીનું ગઠન કરી નિયમિત બેઠક કરે અને 'મારું ગામ કોરોનામુકત ગામ' અભિયાનને સફળ બનાવે.

**રાજ્યના 33 જિલ્લામાં 13061 કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરનું લોક ભાગીદારીથી નિર્માણ કરી 1 લાખ 20 હજાર બેડની વ્યવસ્થા કરાઇ**

***

**પાંચ દિવસમાં કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરમાં 2627 કોરોના પોઝિટિવ દર્દીઓ શિફ્ટ કરાયા**

***

**કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં ભોજન-ગુણવત્તાયુક્ત દવાઓ સહિતની સેવાઓ ગ્રામજનોની ભાગીદારી અને ગ્રામવિકાસ-પંચાયતના સહયોગથી ઉપલબ્ધ બની**

લોકો પોતાની જીવનશૈલીમાં બદલાવ લાવી નિયમિત યોગ-પ્રાણાયામ કરે અને ઘરનો બનાવેલો સુપાચ્ય ખોરાક લે. આયુર્વેદિક ઔષધિઓ અને પ્રાકૃતિક ખેતીથી થતાં ઉત્પાદનો તરફ વળી ઓર્ગેનિક કૃષિ પેદાશોનો ઉપયોગ પણ સ્વસ્થતા તરફ લઇ જશે અને કોરોનાથી બચાવશે.

પંચાયત રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે આ અભિયાનને સફળ બનાવવામાં સરપંચથી લઇને ગ્રામીણ પદાધિકારીઓ સૌના સક્રિય સહયોગની ખાતરી આપી સૌનું સ્વાગત કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે રાજ્ય સરકારની કોરોના સંક્રમણ નિયંત્રણ, સારવાર અને રોગ અટકાયતની રોજિંદી તેમજ અત્યાર સુધીની સફળ કામગીરીનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

તેમણે ઉમેર્યુ કે એન.સી.સી., રેડક્રોસ, એન.એસ.એસ. અને નહેરુ યુવા કેન્દ્ર જેવા સંગઠનની મદદ લઇ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ગ્રામીણ કક્ષાએ માનવબળ ઊભું કરી શકે છે. આ સાથે જ ધર્મગુરુઓ, ધાર્મિક સંસ્થાઓનો પણ કોરોનામુકત ગામ-કોરોનામુકત નગર-શહેર માટે સહકાર મળી શકે છે.

આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ, ગ્રામ વિકાસ કમિશનર શ્રી વિજય નહેરા તેમજ જિલ્લા સ્તરેથી પ્રભારી તંત્રીશ્રીઓ, જિલ્લા કલેકટરો, વિકાસ અધિકારીઓ આ અભિયાન પ્રારંભ અવસરમાં જોડાયા હતા. ●

1393 બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

આ ઉપરાંત ગાંધીનગરનાં 286 કોવિડ સેન્ટરમાં 4585, ગીરસોમનાથનાં 310 કોવિડ સેન્ટરમાં 2260, જામનગરનાં 480 કોવિડ સેન્ટરમાં 7964, જૂનાગઢનાં 492 કોવિડ સેન્ટરમાં 7090, ખેડાનાં 355 કોવિડ સેન્ટરમાં 2529, કચ્છનાં 441 કોવિડ સેન્ટરમાં 2723, મહિસાગરનાં 357 કોવિડ સેન્ટરમાં 3254, મહેસાણાનાં 608 કોવિડ સેન્ટરમાં 2919, મોરબીનાં 360 કોવિડ સેન્ટરમાં 2632, નર્મદાનાં 676 કોવિડ સેન્ટરમાં 3192, નવસારીનાં 357 કોવિડ સેન્ટરમાં 2959, પંચમહાલનાં 487 કોવિડ સેન્ટરમાં 2435, પાટણનાં 220 કોવિડ સેન્ટરમાં 1970, પોરબંદરનાં 159 કોવિડ સેન્ટરમાં 1303, રાજકોટનાં 571 કોવિડ સેન્ટરમાં 5990, સુરેન્દ્રનગરનાં 268 કોવિડ સેન્ટરમાં 1460, સાબરકાંઠાનાં 474 કોવિડ સેન્ટરમાં 2795, સુરતનાં 17 કોવિડ સેન્ટરમાં 971, તાપીનાં 37 કોવિડ સેન્ટરમાં 351, વડોદરાનાં 428 કોવિડ સેન્ટરમાં 4523, વલસાડનાં 382 કોવિડ સેન્ટરમાં 3091 બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

આમ, સમગ્ર રાજયના 33 જિલ્લાઓમાં કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર ઊભા કરીને 1,20,337 બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

કોરોના સંક્રમણની વિકટ સ્થિતિમાં ગામડાઓમાં કોરોના સંક્રમણ વધે નહિ તેમજ ગામોમાં વસતા નાગરિકો, પરિવારો કોરોનામુક્ત રહી શકે તે હેતુથી આ અભિયાન સમગ્ર રાજ્યમાં એક પખવાડિયા દરમ્યાન લોકભાગીદારીથી જન અભિયાન તરીકે પ્રેરિત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગામોમાં કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા ગ્રામીણ નાગરિકોને રહેવા-જમવા સારવારની સુવિધાથી તેમને અન્યોથી અલગ તારવીને ગામમાં કોરોના ફેલાતો અટકાવી 'મારું ગામ કોરોનામુકત ગામ'નો જે કોલ આપેલો છે તે આવા મોટા પાયે શરૂ થઇ રહેલાં કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સથી સાકાર થઈ રહ્યો છે.

કોરોનાની આ બીજી લહેરનો આવા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરના માધ્યમથી સમગ્ર ગુજરાતની ગ્રામીણ જનશક્તિ પૂરી સજ્જતા-સતર્કતાથી મુકાબલો કરી ''કોરોના હારશે-ગુજરાત જીતશે'' નો સંકલ્પ પાર પાડશે. સાથોસાથ 'મારું ગામ કોરોનામુકત ગામ'નું આ અભિયાન ગ્રામીણ સ્તરે કોરોનામુકિતનું જનઆંદોલન પણ બની ગયું છે. ●

# ગુજરાતના પ્રત્યેક ગામ બનશે કોરોનામુક્ત ગામ

**ગુજરાતમાં કોરોનાના સંક્રમણને ખાળવા તમામ ગ્રામીણ વિસ્તારો પણ વધારે જાગૃત અને જવાબદાર બને અને કોરોનાનું સંક્રમણ રોકવાના રાજ્ય સરકારના પ્રયત્નોમાં ગ્રામીણ વિસ્તારો પણ નિર્ણાયક જવાબદારી અદા કરે તેવા આશય સાથે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ, તા. ૧લી મે થી સમગ્ર રાજ્યમાં 'મારું ગામ-કોરોનામુક્ત ગામ' અભિયાનનો જુસ્સાભેર આરંભ થયો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ અભિયાનનો શુભારંભ કરાવ્યો.તેની ટૂંકી વિગત અત્રે પ્રસ્તુત છે.**

## અમરેલી



ગુજરાત રાજ્યના સ્થાપના દિવસથી 'મારુ ગામ-કોરોનામુક્ત ગામ' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા કક્ષાએથી સેવા સદન વીડિયો કોન્ફરન્સ હોલ ખાતે કૃષિમંત્રી શ્રી આર. સી. ફળદુ જોડાયા હતા. કોરોના સામેની લડતમાં મહાનગરોની સાથે સાથે નાનાં શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ પણ વિશેષ કાળજી લેવાની આવશ્યકતા છે. ગુજરાતનાં નાનામાં નાના ગામમાં રહેતો નાગરિક પણ વધારે સજાગ અને સાવચેત થશે તો જ કોરોના સામેની આ જંગ જીતી શકાશે. ગ્રામીણ આગેવાનો 'મારું ગામ-કોરોનામુક્ત ગામ' બને તે માટે સંકલ્પબદ્ધ થયા હતા. આ અભિયાન અંતર્ગત કોરોનાને હરાવવાના રાજ્ય સરકારના પ્રયત્નોમાં સહભાગી થવા દરેક ગામમાં એક સશક્ત ટીમ તૈયાર કરવામાં આવશે, જેના નેતૃત્વમાં દરેક ગામ કોરોના સામે નિર્ણાયક લડત આપશે.

## ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં કોવિડ- ૨૦૧૯ અંતર્ગત કોરોનાને નાથવા માટે કરાયેલ આયોજન અને પરિસ્થિતિનો તાગ મેળવવા માટે જિલ્લા પ્રભારી મંત્રી અને મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગ્રામીણ કક્ષાએ કોરોનાનો કેર ન વધે તે માટે ગ્રામજનો ફરજિયાત માસ્ક પહેરે તેની જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે. તેમજ રસી કોરોનાને પરાસ્ત કરવા માટે મદદરૂપ છે. તે અંગેની જાગૃતિ લાવવા માટે ખાસ ભાર મૂક્યો હતો. તેમણે ‘મારું ગામ,



કોરોનામુક્ત ગામ’ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના તમામ ગામમાં આઇસોલેશનની સુવિધા ઊભી કરાય તે વાતને પ્રાધાન્ય અપાય. જેથી કરીને પરિવારથી કોરોનાનો દર્દી દૂર રહેશે તો પરિવારના બાકી સભ્યો સંક્રમણ થતા અટકશે.

વધુમાં તેમણે પી.એચ.સી. અને સી.એચ.સી.માં દવાનો સ્ટોક પૂરતી માત્રામાં રહે અને મેડિકલ સ્ટાફ પણ પૂરતી સંખ્યામાં હોય તેનું સુચારુ આયોજન કરવા. તેમજ ગ્રામીણ કક્ષાએ જે ધન્વંતરિ રથ ફરી રહ્યા છે, તેની આગોતરી જાણ ગ્રામજનોને કરવા માટે સ્થાનિક પદાધિકારીઓ અને અગ્રણીઓનો સહકાર લેવા પણ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. તાલુકા કક્ષાની હોસ્પિટલમાં કયા કયા તાલુકામાં કેટલા બેડની સુવિધા તેમજ જિલ્લામાં રસીકરણની માહિતી મેળવી હતી.

## સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લા પ્રભારી અને રમતગમત મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતેથી ‘મારું



ગામ, કોરોનામુક્ત ગામ'ના અભિયાનને ખુલ્લું મૂક્યું હતું.

મંત્રીશ્રીએ સાબરકાંઠા જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ તેમજ અધિકારીઓની બેઠકમાં જિલ્લામાં વ્યાપેલા કોરોના સંક્રમણના વ્યાપની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટના ત્રિપલ T થકી વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકાય તે દિશામાં કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો, આ ઉપરાંત જિલ્લામાં હાલ બેડની ક્ષમતામાં વધારો કરવાની જરૂરિયાત જણાય તો તેવા સ્થળ સુનિશ્ચિત કરવા આયોજન કરવા જણાવ્યું હતું.

## બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં કોવિડ-૧૯ કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા પાલનપુર ખાતે શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઇ હતી. બેઠકમાં મંત્રીશ્રીએ કોવિડ-૧૯ સંદર્ભે જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવી આ વાઇરસના સંક્રમણને અટકાવવા માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, આ વૈશ્વિક મહામારીમાં લોકોને દવાઓ અને સારવાર પૂરતા



પ્રમાણમાં મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની રાજ્ય સરકારે છેલ્લા એક મહિનામાં ૭ લાખ જેટલાં રેમડેસિવિર ઇન્જેક્શનનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે અને ૧૧૦૦ ટનથી વધુ ઑક્સિજન પૂરો પાડ્યો છે.

આ બેઠકમાં કલેકટર શ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે જિલ્લામાં બનાસ મેડિકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલ, પાલનપુર ઉપરાંત ૩ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ૨૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૧૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં ઑક્સિજન બેડ સાથેના કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે અને આ હેલ્થ સેન્ટરોમાં સારવાર લેતાં દર્દીઓને જરૂરિયાત મુજબ રેમડેસિવિર ઇન્જેકશન મળી રહે તેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ૧૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સંલગ્ન ૧૦ બેડના કોવિડ કેર સેન્ટર ગ્રામીણ વિસ્તારોમાં શરૂ કરાયાં છે. કોવિડ કેર સેન્ટરોમાં ઑક્સિમીટર અને દવાઓનો સ્ટોક પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

## મહીસાગર

મહીસાગર જિલ્લામાં 'મારું ગામ-કોરોનામુક્ત ગામ' અભિયાનનો આરંભ પંચાયત રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ



પરમારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

મહીસાગર જિલ્લો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અભિયાનનું સહભાગી બન્યો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રમીલાબહેન ડામોર, જિલ્લા કલેક્ટર શ્રી આર.બી.બારડ સહિત પંચાયત સદસ્યો તેમજ ગ્રામીણ કક્ષાની સાથોસાથ તાલુકા કક્ષાએથી પણ આગેવાનો જોડાયા હતાં. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન તાલુકા પંચાયતના અન્ય હોદ્દેદારો અને તાલુકા વિકાસ અધિકારી પણ આ અભિયાનમાં સહભાગી થવા સંકલ્પબદ્ધ બન્યા હતા.

## જામનગર

'મારું ગામ-કોરોનામુક્ત ગામ' રાજ્યવ્યાપી અભિયાનમાં જામનગર ખાતેથી અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી



ધર્મેન્દ્રસિંહ જાડેજા વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

મંત્રીશ્રીએ જામનગર જિલ્લાના નાગરિકોને ગુજરાત સ્થાપના દિવસની શુભકામના પાઠવી જામનગરના ગ્રામજનોને અનુરોધ કરતાં કહ્યું હતું કે, સરપંચથી સાંસદ સુધી દરેક આ અભિયાનમાં જોડાય, તંત્ર સાથે સહયોગ સાધી અને જાગૃત બનીને દરેક ગ્રામજન જો સહકાર આપશે તો ખૂબ જલ્દી જામનગર જિલ્લાનું 'દરેક ગામ કોરોના મુક્તગામ' બનશે. ગ્રામીણ કક્ષાની સાથોસાથ તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએથી પણ આગેવાનો- પદાધિકારીઓ તેમજ તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન આ અભિયાનમાં જોડાયા હતા.

## સુરત



આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીની અધ્યક્ષતામાં 'મારૂં ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનની કામગીરીની સમીક્ષા-માર્ગદર્શન માટે જિલ્લાના સંગઠન પદાધિકારીઓ, સહકારી અગ્રણીઓ અને વહીવટીતંત્ર, આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં આરોગ્ય રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાને હરાવવા રાજ્ય સરકારનું આ ૧૫ દિવસનું અભિયાન ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. સુરત જિલ્લામાં ૧૨ CHC અને ૫૫ PHCના સહયોગથી તેમના વિસ્તારમાં આવતી ૫૪૫ ગ્રામ પંચાયતોમાં અભિયાનને વેગવાન બનાવાશે. દરેક ગામના વડીલો-યુવાનોની ટીમ બનાવીને કામ કરીશું તો ચોક્કસ ગામોને કોરોનામુક્ત કરી શકીશું.

## પાટણ

'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનના શુભારંભ પ્રસંગે પાટણ ખાતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા કલેક્ટર શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.કે.પારેખ ઉપરાંત જિલ્લાના ગામોના સરપંચશ્રીઓ, ઉપસરપંચશ્રીઓ અને ગામના આગેવાનો જોડાયા હતા.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી આ તર્જ પર કામગીરી કરવામાં આવી રહી છે.




જેમાં આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્રની ટીમો દ્વારા ૧૭૬ ગામોમાં સરપંચશ્રીઓ અને આગેવાનો સાથે બેઠક યોજી કરવામાં આવેલી સ્વૈચ્છિક લોકડાઉનની અપીલ અને હળવાં લક્ષણો ધરાવતા દર્દીઓની પ્રાથમિક સારવારના પગલે ૪૩ જેટલાં ગામોમાં કોરોના પોઝિટિવિટીમાં ઘટાડો થવા પામ્યો છે.

## દાહોદ

દાહોદમાં કોરોના સંક્રમણના સિત્તેર ટકા જેટલા કેસો ગામડાઓમાંથી આવતા હોય જિલ્લાનાં ૬૯૯ ગામોમાં ૭૪૭ વિલેજ કોવિડ કેર સેન્ટર યુદ્ધના ધોરણે શરૂ કરાયાં છે. જયાં ૧૪ હજારથી પણ વધુ બેડ્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. કલેક્ટર શ્રી વિજય ખરાડીએ ગામ્રજનોને એક સંદેશામાં જણાવ્યું હતું કે તેઓ ગામમાં નાકાબંધી કરે, ગામની બહાર જવાનું ટાળે, ભીડવાળી જગ્યા તેમજ પ્રસંગોમાં જવાનું ટાળે. ગામોમાં આવેલી સંજીવની સમિતિ સહિતની સમિતિઓ કોરોનાના સંક્રમણના સમયમાં આગેવાની લે અને પોતાના ગામને કોરોનામુક્ત બનાવવા અભિયાન આદરે.

દાહોદ જિલ્લા દરેક ગામડામાં વિલેજ કોવિડ કેર સેન્ટર બને એ માટેની કામગીરી કરવામાં આવી રહી છે. મોટા ભાગના ગામડાઓમાં શાળાઓમાં વિલેજ કોવિડ કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. દાહોદનાં ૬૯૯ ગામોમાં ૭૪૭ જેટલા કોવિડ કેર સેન્ટરની સ્થાપના કરી, શરૂ કરાયાં છે. આ કોવિડ કેર સેન્ટરોમાં ૧૪૦૦૦ થી પણ વધુ બેડની સુવિધા કરવામાં આવી છે. ●



# સફેદ વસ્ત્રોમાં PPE કીટ સાથે કોરોના સામે જંગ લડતી "ફ્લોરેન્સ" સિસ્ટર્સ



સમગ્ર વિશ્વને કોરોનારૂપી દૈત્યએ જ્યારે ભરડો લીધો છે ત્યારે દેવદૂત બની સફેદ વસ્ત્રમાં પી.પી.ઈ. કીટ પહેરી દર્દીઓની સારવાર માટે યોદ્ધા બની અનેક ફ્લોરેન્સ વીરાંગનાઓની બહાદુરીને બિરદાવવાનો સમય છે. પરિવારની દેખભાળ સાથે દર્દીઓની સારવારમાં જીવનું જોખમ છે, પરંતુ સેવા અને ફરજનિષ્ઠ સિસ્ટર્સ એક પણ દિવસની રજા લીધા વગર આ જવાબદારીને ઈશ્વરનો પ્રસાદ માની નિભાવી રહી છે. છેલ્લા બે વર્ષથી આરોગ્ય વિભાગ સામે કોરોના સંક્રમણ એક પડકાર બનીને આવ્યું છે ત્યારે તેનો સામનો કરવામાં નર્સની પ્રમુખ ભૂમિકા રહી છે. દર્દીઓએ પણ નર્સોના સેવાકાર્યને બિરદાવી કૃતજ્ઞતા પ્રગટ કરી રહ્યાં છે. તાજેતરમાં 12મી મેના રોજ ઈન્ટરનેશનલ નર્સીસ ડેની ઉજવણી સાથે સેવાના ભેખધારીઓને હૃદયપૂર્વક યાદ કર્યાં હતા.

રાજકોટ સિવિલ હોસ્પિટલના મેટ્રન નીરુબેન મહેતા ૩૨ વર્ષથી ડોક્ટર્સ સાથે ખભે ખભા મિલાવી દર્દીઓની સારવાર કરી રહ્યા છે, હાલ ૨૦૦ થી વધુ નર્સિંગ સ્ટાફના સંચાલનની જવાબદારી તેઓ અદા કરી રહ્યા છે. કોરોનાના દર્દીઓની યોગ્ય સારવાર ચાલે તે માટે તેમના સતત નિર્દેશન હેઠળ રોજેરોજ સ્ટાફ સાથે સંકલન, દર્દીઓની ડોક્ટરની સૂચના મુજબની સારવાર થાય છે કે નહિ સહિતનું માર્ગદર્શન તેઓ કરી રહ્યા છે. સાથોસાથ પરિવારની જવાબદારી તો ખરી જ.

સારવાર દરમ્યાન માત્ર દવા જ નહીં પરંતુ દર્દીને સાંત્વના, જરૂરી સમાન અને ક્યારેક મોબાઈલ પર પરિવાર જોડે વાત કરાવી આપવામાં પણ અમારી બહેનો મદદરૂપ બનતી હોઈ છે. દર્દી જ્યારે સાજો થઈ તેમના પરિવાર સાથે હસતો રમતો આશીર્વાદ આપી ઘરે જાય તે ક્ષણ અમારા જીવનની સૌથી શ્રેષ્ઠ ક્ષણ હોવાનું નીરુબેન જણાવે છે.

આ જ રીતે સુરતની વાત કરીએ તો કોરોના સંક્રમણની બીજી લહેર દરમિયાન નવી સિવિલના કુલ ૧૪૦ નર્સ ભાઈબહેનો કોરોનાગ્રસ્ત થયા હતા, જ્યારે સ્મિમેરમાં કુલ ૫૫૩ નર્સ ફરજ બજાવી રહ્યા છે, ૫૬ એડમિન સ્ટાફ ઉપરાંત ૧૪૯ નર્સિંગ વિદ્યાર્થીઓની પણ સેવા લેવામાં આવી રહી છે. સ્મીમેરના ૫૫૩ નર્સિંગ સ્ટાફમાંથી ૧૮૦ કોરોનાગ્રસ્ત થયા હતા, જે તમામ સ્વસ્થ થઈને ફરજ પર જોડાઈ ચૂક્યા છે.

સ્મીમેરના સુપ્રિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર ત્રિવેદી જણાવે છે કે, સ્ટાફગણ કોરોના સંક્રમિત થવા છતાં સ્વસ્થ થઈને ફરજ પર પાછા ફરી સેવાની જવાબદારી પૂર્વવત વહન કરે છે. કોરોના વોર્ડના નર્સિંગ સ્ટાફની સેવાના સહારે ડોક્ટર્સ સ્ટાફ સાથે એક સિક્કાની બે બાજુ સમાન તેમની ફરજ સાર્થક કરી રહ્યા છે. નર્સ બહેનો ઘર પરિવારની જવાબદારી ઉપરાંત હોસ્પિટલની ડ્યુટી નિભાવી રહ્યા છે, જે તેમની કર્તવ્યભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. નર્સ મહિલા તેમજ ભાઈઓ સતત ૮ થી ૧૦ કલાક પી.પી.ઈ કીટ, માસ્ક અને ગ્લોવ્ઝમાં દર્દીઓને દરેક પ્રકારની મદદ કરવામાં પાછીપાની કરતા નથી.

નર્સિંગ સ્ટાફની બહેનો નારીશક્તિનું ઉત્તમ ઉદારહણ પૂરું પાડે છે. ઘર-પરિવારના સભ્યોના સહકાર અને સંમતિથી આ મહામારીમાં ફરજથી વિશેષ જીવના જોખમે માનવીય સેવાને પ્રાધાન્ય આપીને કર્મનિષ્ઠાનું અનેરૂ ઉદાહરણ પૂરૂ પાડી રહ્યાં છે.

જીવન ચલને કે નામ.... આ સમય ભલે કપરો હોય પરંતુ રોજના અનેક દર્દીઓને મોતના મુખમાંથી બચાવવા હોસ્પિટલની કરોડરજ્જુ સમાન આ વીરાંગનાઓ માત્ર પોતાના પરિવાર જ નહિ પરંતુ સમગ્ર માનવજાત ને બચાવવા કમર કસી રહી છે... ત્યારે આ ફ્લોરેન્સના અવતાર રૂપી સિસ્ટર્સ હંમેશાં નર્સિંગ સેવાને નવી ઊંચાઈ અપાવી માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડી રહી છે. ●

## ૧૨ મે એટલે ઈન્ટરનેશનલ નર્સિંગ ડે

***૧૨ મે એટલે ઈન્ટરનેશનલ નર્સિસ ડે. જેનો સબંધ ૨૦૦ વર્ષ પૂર્વે ૧૨ મે,૧૮૨૦માં જન્મ લેનારી ફ્લોરેન્સ નાઈટિંગેલ સાથે સંકળાયેલો છે. જેમણે માનવ સેવાને નર્સિંગ સાથે જોડીને નર્સિંગને નવી ઓળખ અપાવી. ફ્લોરેન્સને 'લેડી વિથ લેમ્પ' કહેવામાં આવે છે. બ્રિટિશ નર્સ ફ્લોરેન્સ દિવસ-રાત પોતાના દર્દીઓની દેખભાળ કરતી હતી. આંતરરાષ્ટ્રીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા ફ્લોરેન્સના સન્માનમાં દર વર્ષે ૧૨ મે એ તેમનાને જન્મદિનને 'નર્સ દિવસ' તરીકે મનાવાય છે. આટલું જ નહીં, નર્સિંગ ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર નર્સોને નાઈટિંગેલ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦માં ઈન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ તરીકે મનાવવામાં આવ્યું હતું.***

# જૂનાગઢમાં ટેસ્ટીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટ અંગે વહીવટી તંત્રને પ્રત્યક્ષ માર્ગદર્શન આપતા CM



જૂનાગઢ જિલ્લામાં કોરોનાની સ્થિતિ અને તેના નિયંત્રણ માટે કલેક્ટર કચેરી ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષ સ્થાને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાની કોરોનાની પરિસ્થિતિનો તાગ મેળવીને સ્થાનિક વહીવટીતંત્રને કોરોનાના સંક્રમણને કાબૂમાં લેવા અને કોરોનાના તમામ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે એ માટે જરૂરી માર્ગદર્શન સૂચનાઓ આપી હતી.

ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મૂકીને દિશાદર્શન આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સંક્રમણ વધ્યું છે ત્યારે આવા સંજોગોમાં જૂનાગઢ જિલ્લાને હેમખેમ પાર પાડવો છે. કોરોનાનુ સંક્રમણ ઘટાડવા 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનની ઝુંબેશને વધુ, વેગવાન બનાવવામાં આવશે. 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' થકી ગામડાઓમાં પણ વ્યવસ્થાઓ યુદ્ધના ધોરણે થઈ રહી છે. સૌના સહકારથી ગુજરાતને કોરોનામુકત કરવું છે. રાજય સરકારે ઓકિસજન, રેમડેસિવિર ઈન્જેકશન અને બેડની સંખ્યા યુદ્ધના ધોરણે વધારી છે. હવે ગુજરાતમાં કેસો સ્ટેબલ થઈ રહ્યા છે. પરંતુ આપણે અતિ વિશ્વાસમાં રહેવું નથી ગુજરાતમાં ઓકિસજનના નવા પ્લાન્ટ બની રહ્યાં છે. હવામાંથી સીધો જ ઓકિસજન બને તેવા પ્લાન્ટ થકી ગુજરાતનો ઓકિસજન સપ્લાય વધારવી છે.

જૂનાગઢની સ્થિતિની સમીક્ષા કરીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, જૂનાગઢ જિલ્લાનાં ૪૯૧ ગામોમાં ઘરે ઘરે આરોગ્ય કાર્યકર આશાવર્કર બહેનો દરરોજ સર્વેલન્સ કરશે. જે લોકોને શરદી, તાવ, ઉધરસ હોય તેનું કોરોનાનું ટેસ્ટિંગ થશે. ગામડાઓમાં જ શાળા, સમાજની વાડીમાં આઈસોલેશન સેન્ટર બનાવાશે. ત્યાં જ દર્દીને સારવાર આપવામાં આવશે. આ કામગીરીની શરૂઆત સંસદસભ્યો, ધારાસભ્યો, પંચાયત સભ્યો અને સમાજ શ્રેષ્ઠીઓના સહકારથી થઈ રહી છે.

આ તકે મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લામાં કોવિડ-૧૯ સંદર્ભે થયેલ કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સાથે જ મુખ્યમંત્રીશ્રીએ હાલમાં સિવિલ હોસ્પિટલમાં હજુ બેડની સંખ્યા વધારવા, દવા, સાધનો, PPE કીટ, માસ્કનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવા અધિકારીઓને સૂચના આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ કોવિડ-૧૯ મહામારીમાં દિવસ-રાત ફરજ બજાવતા ડૉક્ટર્સ, હેલ્થવર્કરોની કામગીરીને બિરદાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૧૫ માર્ચે રાજ્યમાં ૪૧ હજાર બેડ હતા. આજે ૧ લાખથી વધુ છે. ૧૫ માર્ચે ૧૮ હજાર ઑક્સિજન બેડ હતા. આજે ૫૭ હજાર બેડ છે. તા.૧૫ માર્ચે ૨૧૫ ટન ઑક્સિજનનો વપરાશ હતો. આજે ૧૧૦૦ ટનથી વધુ ઑક્સિજનનો વપરાશ થઇ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લામાં ૧૫ માર્ચ પછી બેડની સંખ્યા વધારવામાં આવી છે. જિલ્લામાં કુલ ૨ હજાર બેડ છે. હોસ્પિટલોમાં ઑક્સિજન, બેડની સુવિધા, દવા, ઇન્જેક્શનનો પૂરતો જથ્થો જળવાઇ રહે તે અંગે વહીવટીતંત્રને સૂચના આપવામાં આવી છે. રાજ્યના અન્ય શહેરોની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ ટૂંક સમયમાં ૧૮ થી ઉપરના યુવાનોને રસી અપાશે. હાલમાં ૪૫ થી વધુ વયના અને જે લોકોએ એક ડોઝ લીધો છે વૅક્સિનનો તેમને ડોઝ આપવાની અગ્રતા છે. આરટીપીસીઆર રિપોર્ટ વહેલામાં વહેલી તકે આવે એ પ્રાથમિકતા છે. ટેસ્ટિંગની ક્ષમતા વધારાઇ છે. આ તકે કલેકટર શ્રી ડૉ. સૌરભ પારઘીએ સમગ્ર જિલ્લામાં કોરોના દર્દીઓ માટે ઊભી કરાયેલી સુવિધાની માહિતી આપી હતી.

આ તકે બેઠકમાં પ્રવાસનમંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા, સંસદસભ્ય શ્રી રાજેશભાઇ ચુડાસમા, મુખ્યસચિવ શ્રી અનીલ મુકીમ, આરોગ્ય વિભાગના અગ્રસચિવ શ્રી જયંતી રવિ, પ્રભારી

સચિવ શ્રી મનીષ ભારદ્વાજ, મેયર શ્રી ધીરૂભાઈ ગોહેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શાંતાબહેન ખટારિયા, તબીબો સહિતના જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

## દર્દીના પરિવારજનો સાથે CMનો સંવેદનાસભર સંવાદ

સોરઠ વિસ્તાર તેમજ ઉપલેટા, પોરબંદર માંગરોળ તેમજ માણાવદર, જામકંડોરણા અને ગીર સોમનાથ વિસ્તારોમાંથી આવેલા દર્દીઓના સગાસંબંધી તથા તેના પરિવારજનો સાથે દર્દીની તબિયત અંગેની પૃચ્છા તેમજ સિવિલ હોસ્પિટલમાં મળી રહેલી સારવાર અંગે દર્દીઓના સગાસંબંધીઓને મુખ્યમંત્રીશ્રીએ ધરપત અને હિંમત આપી હતી.

થોડાં જ વર્ષો પહેલાં રૂપિયા ૬૦૦ કરોડના ખર્ચે બનેલી જૂનાગઢની નવી સિવિલ હોસ્પિટલ દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારના દર્દીઓ માટે આશીર્વાદ સમાન છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલ મેડિકલ કોલેજ સાથે સંલગ્ન હોય પૂરતી તબીબી માળખાગત સુવિધા અને હાલ કોરોનાના દર્દીઓ માટે યુદ્ધના ધોરણે વધારવામાં આવેલી સુવિધાની જાણકારી મેળવી દર્દીઓના સગા સંબંધીઓએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. દર્દીઓના સગા સંબંધીઓએ પ્રતિભાવ આપ્યો હતો કે રાજ્ય સરકાર અમારી સાથે છે. દર્દીના સગા સંબંધીઓએ રાજ્ય સરકાર અને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ તેમજ જિલ્લા તંત્ર દ્વારા કરાયેલી વ્યવસ્થા અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## જૂનાગઢ સિવિલની CMએ લીધી મુલાકાત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાની કામગીરીની સમીક્ષા માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત દર્દીઓના સગા- સંબંધીઓ સાથે રૂબરૂ સંવાદ કર્યા બાદ હોસ્પિટલમાં અપાતી આરોગ્ય સેવાઓ તેમજ પૌષ્ટિક આહાર-ભોજન વિતરણની વ્યવસ્થા નિહાળી પ્રત્યક્ષ માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત દરમિયાન હોસ્પિટલ કેમ્પસમાં દર્દીઓના સગાઓને મળી ખબર-અંતર પૂછીને તેમના દુઃખમાં સહભાગી થતા લાગણીસભર દૃશ્યો સર્જાયાં હતાં. તેમના સ્વજનો જલ્દીથી સાજા થઇ ઘરે જાય તેવી શુભેચ્છાઓ આપીને આ માટે જરૂરી તમામ મદદ કરવાની રાજ્ય સરકાર વતી મુખ્યમંત્રીશ્રીએ દર્દીઓના સગાઓને ખાતરી પણ આપી હતી.

આ મુલાકાત વેળાએ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ સહિત પદાધિકારીઓ- અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## જૂનાગઢ સિવિલ હોસ્પિટલે મારી દીકરીનો હાથ ઝાલ્યો : રીટાબહેન

*જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં માત્ર જૂનાગઢ જિલ્લો જ નહીં પરંતુ આસપાસના જિલ્લામાંથી પણ કોરોનાના દર્દીઓ ગંભીર હાલતમાં આવે છે અને રાજ્ય સરકારના પ્રોટોકોલ મુજબની શ્રેષ્ઠ સારવાર મેળવીને સાજા થઈ સ્વગૃહે પરત ફરી રહ્યા છે.*

*મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. હોસ્પિટલના પટાંગણમાં દર્દીઓના સગાસંબંધીઓ માટે ઊભી કરવામાં આવેલી જુદી જુદી વ્યવસ્થાઓ જોઈ હતી, તેમજ તેની સરાહના કરી હતી.*



*ઉપલેટાના રીટાબહેન કુબાવતે જણાવ્યું હતું કે મારી બેનની દીકરી ૧૫-૧૬ વર્ષીય પ્રિન્સી ધોરણ ૧૧માં આવી છે. તેમને કોરોનાનું ગંભીર સંક્રમણ થઈ ગયું હતું. ફેફસાંને ૮૦% અસર અને બીજા રિપોર્ટ પણ વધારે મુશ્કેલીભર્યા આવતા હતા. અમે ૧૫ ખાનગી હોસ્પિટલમાં તપાસ કરી પણ પરિણામ ન મળ્યું અંતે જૂનાગઢની સિવિલ હોસ્પિટલે હાથ ઝાલ્યો અને ડૉક્ટરોએ હિંમત આપી. વેન્ટિલેટર પર પહોંચી ગયેલી પ્રિન્સી આજે ૮૦% રિકવર થઈ ગઈ છે. બે ચાર દિવસમાં રજા પણ મળી જશે તે અંગે સંતોષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલના તબીબો રાતદિવસ દર્દીઓ સાજા થાય તે માટે મહેનત કરે છે.*



*પોરબંદરમાં એકાઉન્ટનું કામ કરતા અનિલભાઈ સામાણીને કોરોના થતા તેમને વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આઠ દિવસની સારવારના અંતે તેઓ પણ રિકવરી પર છે તેમ તેમનાં પત્ની માલાબહેને જણાવી જૂનાગઢ સિવિલ હોસ્પિટલની સારી કામગીરી છે તેમ જણાવ્યું હતું. મેંદરડાના ગુંદાળા ગામના સરપંચ ગોપાલભાઈએ પણ તેમના સગાસંબંધીની સારી સારવાર થયાનું જણાવ્યું હતું. પોરબંદરનાં ક્રિષ્નાબહેને પણ તેમના પતિ દસ દિવસથી સારવાર હેઠળ છે અને તબીબો દ્વારા નિયમિત તપાસ કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું.*

# જામનગરમાં તૈયાર કરાયેલી ૪૦૦ બેડની હોસ્પિટલનું ઈ-લોકાર્પણ




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જામનગર ખાતે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલી 400 ઑક્સિજનની સુવિધાવાળા બેડની હોસ્પિટલનું ઈ-લોકાર્પણ ગાંધીનગરથી કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાની બીજી લહેર વધુ વિકરાળ સાબિત થઈ રહી છે તેવા સંજોગોમાં રાજ્ય સરકાર સંક્રમણને રોકવા માટેનાં તમામ પગલાંઓ લઈ રહી છે. રાજ્ય સરકારે છેલ્લા દોઢ મહિનામાં બેડની સંખ્યામાં વધારો કરીને 41,000 થી 1 લાખ બેડ તેમજ 18000 થી 58000 ઑક્સિજન બેડ રાજ્યભરમાં ઉપલબ્ધ કરાવ્યા છે. રાજ્ય સરકાર ગુજરાતની 1900 હોસ્પિટલના 58,000 બેડને સતત 24 કલાક ઑક્સિજન પૂરો પાડી રહી છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, કોરોનાના કપરા કાળમાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા 1000 બેડની ક્ષમતા ધરાવતી હોસ્પિટલનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનું આયોજન કર્યું છે તે સમગ્ર ગુજરાત માટે આનંદની વાત છે.

આગામી સમયમાં 1000 બેડની સંપૂર્ણ ક્ષમતાની ઑક્સિજન સુવિધા સહિતની આ હોસ્પિટલ કાર્યરત થવાથી જામનગર તેમજ સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, પોરબંદર વગેરે જિલ્લાઓના નાગરિકો-લોકો માટે કોરોના સંક્રમણ સારવારની મોટી સુવિધા ઘર આંગણે મળતી થશે.

ગુરુ ગોવિંદસિંહ જી.જી. હોસ્પિટલની પ્રતિષ્ઠા ખૂબ સારી છે, ત્યાં આવનાર દરેક દર્દી સાજો થઈને ઘરે પરત ફરે છે, આ પ્રકારની પ્રતિષ્ઠા ઊભી કરનાર હોસ્પિટલના તમામ તબીબી સ્ટાફ અભિનંદનને પાત્ર છે તેમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતું.

આ પ્રસંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રૂપ પ્રેસિડન્ટ શ્રી ધનરાજભાઈ નથવાણી, જામનગરના સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી રાઘવજીભાઈ પટેલ, મેયર શ્રી બિનાબહેન કોઠારી, ડેપ્યુટી મેયર શ્રી તપન પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી મનીષ કટારિયા, કલેક્ટર શ્રી રવિશંકર, મહાનગરપાલિકા કમિશનર શ્રી સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. વિપીન ગર્ગ, શ્રી.એમ.પી.શાહ મેડિકલ કોલેજના ડીન શ્રીમતી નંદિની દેસાઈ, જે.જી. હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. દિપક તિવારી, સરકારી ડેન્ટલ કોલેજના ડીન ડૉ. નયના પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# દેવભૂમિ દ્વારકામાં 100 બેડના કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ

દેવભૂમિ દ્વારિકા જિલ્લામાં એસ્સાર ગ્રૂપ દ્વારા શરૂ કરાયેલા ૧૦૦ બેડના કોવિડ કેર સેન્ટરનો ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવતાં સ્પષ્ટ નિર્ધાર વ્યકત કર્યો હતો કે, સૌ સાથે મળીને સાચી દિશા-સાફ નિયતના સહિયારા પ્રયાસોથી કોરોનાની આ મહામારીની બીજી લહેર સામેના જંગમાં સફળતા મેળવીશું.

તેમણે ઉમેર્યુ હતું કે, કોરોના સંક્રમણની આ બીજી લહેરની વ્યાપકતા ગુજરાત સહિત ભારતમાં સંકટ રૂપ છે. ગુજરાતમાં હરેક જિલ્લામાં કેસો વધ્યા છે ત્યારે રાજ્ય સરકારે પણ સઘન આરોગ્ય સેવા સારવાર અને ફ્રન્ટલાઈન વોરિયર્સ, તબીબો-આરોગ્ય કર્મીઓના પુરુષાર્થથી કોરોના સામેનું યુદ્ધ જીતવા કમર કસી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં માર્ચ મહિનામાં ૪૧ હજાર બેડની વ્યવસ્થા હતી તે આજે ૧ લાખ કરવામાં આવી છે તેની વિસ્તૃત વિગતો આપતાં ઉમેર્યુ કે, ઑક્સિજન આઇ.સી.યુ બેડની સંખ્યા પણ ૧૬ હજારથી વધીને ૫૭ હજાર થઇ છે. ઑક્સિજનનો વપરાશ પણ ૧૧૦૦ ટન જેટલો થયો છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, ગુજરાતમાં મોટા ઉદ્યોગો, સ્ટીલ પ્લાન્ટસ, ઑક્સિજન ઉત્પાદકો સહિતના ઉદ્યોગ ગૃહોનાં સંસાધનો સાથે સહયોગથી કોરોના સંક્રમણ નિયંત્રણની આરોગ્ય સેવા કામગીરી પાર પડી રહી છે. તેમણે આ તબક્કે આવા મોટા ઉદ્યોગ ગૃહો પોતાના કાર્યક્ષેત્રોમાં સામાજિક જવાબદારી રૂપે એક હજાર બેડથી માંડી ૧૦૦ બેડ સુધીની કોવિડ કેર સુવિધાઓ વિકસાવી રહ્યા છે તેની પ્રસંશા કરી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીએ એસ્સાર ગ્રૂપ દ્વારા ૧૦૦ ઑક્સિજન બેડ સાથેનું આ કોવિડ કેર સેન્ટર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોરોના સારવાર માટે ઉપકારક પુરવાર થશે તેવી અપેક્ષા દર્શાવી હતી અને આ સુવિધામાં ભવિષ્યમાં વધુ બેડ જોડવા પણ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ પૂનમબહેન માડમ, એસ્સાર ઉદ્યોગ સમૂહના ડાયરેકટર પ્રશાંત રૂહિયા, જિલ્લા કલેકટર સહિત પ્રશાસનિક અધિકારીઓ, એસ્સારના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# કોરોના સામે "આત્મીય પોઝિટિવ કેર"

ગુજરાતમાં કોરોનાના કેસ સ્ટેબલ થયા છે. કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે છેલ્લા મહિનામાં બેડની સંખ્યા ૪૧ હજારથી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. કોરોના સામે લડવા છેલ્લા દોઢ માસમાં ગુજરાતમાં ૨ લાખ ૭૫ હજારથી વધુ લોકોનું વૅક્સિનેશન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના સઘન પગલાં તેમજ કોરોના વોરિયર્સની દિવસ- રાત મહેનત અને લોકોના સહકાર- જાગૃતિના પરિણામે ગુજરાત કોરોનાની બીજી લહેરમાં પણ ધીમે ધીમે મક્કમતાથી બહાર આવી રહ્યું છે. આ તરફ આગળ વધતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ યોગી ડિવાઇન સોસાયટીના ઉપક્રમે આત્મીયધામ- વડોદરા ખાતે આત્મીય પોઝિટિવ કેર- પોસ્ટ કોવિડ સેન્ટરનો ગાંધીનગરથી ઇ-પ્રારંભ કરાયો હતો.

સાફ નિયત, સાચી દિશા અને પરિશ્રમની પરાકાષ્ઠા સાથે રાજ્ય સરકાર કોરોના સામે જંગ જીતવા સતત કાર્યરત છે. કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે છેલ્લા મહિનામાં બેડની સંખ્યા ૪૧ હજારથી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. જ્યારે ઑક્સિજન બેડની સંખ્યા ૧૮ હજારથી વધારીને ૫૮ હજાર કરવામાં આવી છે. રાજ્ય સરકારના સઘન પ્રયાસોથી ૨,૦૦૦ જેટલી હોસ્પિટલોમાં દૈનિક ૧૧૦૦ ટન ઑક્સિજનનો ૨૪ કલાક અવિરત પ્રવાહ પૂરો પાડવામાં આવી રહ્યો છે.

નવા નવા ઑક્સિજન પ્લાન્ટ પણ સ્થાપવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત છેલ્લા એક માસના ગાળામાં ગુજરાતની વિવિધ હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ માટે રાજ્ય સરકારે ૭ લાખથી વધુ રેમડેસિવિર ઇન્જેક્શન ઉપલબ્ધ કરાવીને દર્દીઓને સુવિધા પૂરી પાડી છે જેના પરિણામે આજે ગુજરાતમાં કોરોનાના નવા કેસ કરતાં વધુ દર્દી સાજા થઈને ઘરે જઈ રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારે કોરોના સંક્રમણને ગામમાં જ દબાવી દેવા માટે 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનનો પ્રારંભ કર્યો છે. જેમાં ગામમાં સર્વેલન્સ કરીને તાવ, શરદી, ઉધરસ જેવાં લક્ષણો ધરાવતા લોકોને અલગ કરીને તેમનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવે છે અને જો તેમાં કોઇ પોઝિટિવ આવે તો ગામના કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરમાં તેની અલગથી સારવાર આપીને સંક્રમણને આગળ વધતું અટકાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. આ અભિયાન હેઠળ ખૂબ જ ટૂંકા ગાળામાં રાજ્યના ૩૩ જિલ્લામાં ૧૩,૦૦૦થી વધુ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર નિર્માણ કરીને ૧ લાખ ૨૦ હજારથી વધુ બેડની વ્યવસ્થા ઊભી કરી છે. ગામના લોકો અને વહીવટી તંત્રના સહિયારા પ્રયાસો, સૌના સહકારથી ગુજરાતમાં કોરોના હારશે અને ગુજરાત જીતશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

પૂજ્ય પ્રેમ સ્વરૂપ સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, લોકો અને સમાજની સેવા કરવી એ જ અમારી મુખ્ય ફરજ છે. ભગવાનના આશીર્વાદ અને સૌના સહયોગથી આપણે આ કોરોના સામેનો જંગ જલદીથી જીતશું અને ગુજરાતને કોરોનામુક્ત બનાવીશું.

સાંસદ શ્રી સી. આર. પાટિલે આત્મીય પોઝિટિવ કેર સેન્ટર શરૂ કરવા બદલ સંતશ્રીઓ અને યોગી ડિવાઇન સોસાયટીનો આભાર માન્યો હતો. પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ આત્મીય પોઝિટિવ કેરની કામગીરીની રૂપરેખા આપીને સૌને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે વડોદરાના મેયર શ્રી કેયુરભાઇ રોકડિયા, OSD શ્રી ડૉ. વિનોદ રાવ સહિત પૂજ્ય સંતગણ અને ભક્તો ઓનલાઇનના માધ્યમથી સહભાગી થયા હતા. ●



## ૧૮ થી ૪૪ વયજૂથના નાગરિકોના

# કોરોના રસીકરણ અભિયાનનો રાજ્યમાં આરંભ

કોરોના સંક્રમણ સામે રક્ષણના અમોઘ શસ્ત્ર એવા કોરોના રસીકરણ અભિયાનમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ૧લી મે થી, ગુજરાત સહિત દેશનાં ૯ રાજ્યોમાં ૧૮-૪૪ વર્ષની વય જૂથના વ્યક્તિઓની કોવિડ-૧૯ રસીકરણની કામગીરી શરૂ થઈ છે.



ગુજરાતે રાજ્યનાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરો તથા ૩ જિલ્લા મહેસાણા, કચ્છ અને ભરૂચ કે જ્યાં કોવિડ-૧૯ના એક્ટિવ કેસોની સંખ્યા વધુ છે ત્યાં ૧૮ થી ૪૪ની વયના નાગરિકો માટે રસીકરણની કામગીરી શરૂ કરી છે

રાજ્યના ૧૮-૪૪ વર્ષના વય જૂથના યુવાઓનો રસીકરણ માટે ઉત્સાહજનક બહોળો પ્રતિસાદ મળતા આ ૧૦ જિલ્લા/કોર્પોરેશનમાં કુલ ૬૦,૦૦૦ ડોઝ પ્રથમ દિવસે આપવાના આરોગ્ય વિભાગના આયોજન સામે કુલ ૫૫,૨૩૫ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

ગુજરાત સહિત દેશનાં જે ૯ રાજ્યો મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, દિલ્લી, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, તમીલનાડુમાં 1લી મેથી રસીકરણ આરંભ થયો છે.

દેશનાં આ રાજ્યોમાં ૮૦ હજાર જેટલા ડોઝ આપવામાં આવ્યા છે અને ગુજરાત તેમાં ૯૨ ટકા કામગીરી એટલે કે ૬૦ હજાર સામે ૫૫૨૩૫ ડોઝ આપીને ગુજરાત સમગ્ર દેશમાં આ ૧૮ થી ૪૪ની વયના નાગરિકોના રસીકરણમાં પ્રથમ સ્થાને રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સઘન પ્રયત્નોના પરિણામે ગુજરાતને સીરમ ઈન્સ્ટિટ્યૂટ, પુના તરફથી ૩૦મી એપ્રિલના રોજ કોવિશિલ્ડ રસીનો ૩ લાખ ડોઝનો જથ્થો પણ પ્રાપ્ત થઈ ગયો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યનાં જે જિલ્લાઓમાં કોરોના સંક્રમણ વધુ છે તેવા ૧૦ જિલ્લામાં આવા રજિસ્ટ્રેશન થયેલા યુવાઓના રસીકરણને ૧ લી મેથી જ અગ્રતા આપી આરોગ્ય તંત્રને પ્રેરિત કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના આ અભિગમના પ્રતિસાદ રૂપે પ્રથમ દિવસે જ ૫૫,૨૩૫ રસી ડોઝ આપવામાં આવ્યા હતા અને ગુજરાત રસીકરણના ચોથા તબક્કાના પ્રારંભ દિવસે જ દેશભરમાં ટોપ પર આવ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં રોજ હેલ્થ કેર વર્કર, ફ્રન્ટ લાઈન વર્કર અને ૪૫ વર્ષથી વધુ ઉમર ધરાવતી વ્યક્તિઓને પણ પ્રથમ અને બીજો ડોઝ મળીને કુલ ૧,૬૧,૮૫૮ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ●

# રાજ્યમાં સૌપ્રથમ કચ્છમાં ડ્રાઇવ થ્રુ વેક્સિનેશન

બળવંતસિંહ જાડેજા

સરકારે સમગ્ર રાજ્યમાં પહેલી મે થી ૧૮ વર્ષથી વધુ ઉમરના તમામ લોકો માટે રસીકરણ શરૂ કર્યું છે ત્યારે કચ્છમાં પણ રસીકરણ જોરશોરથી ચાલી રહ્યું છે વૅક્સિનેશનમાં એક નવી જ પહેલ કરતા



કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભૂજની આર. ડી. વારસાણી સ્કૂલના મેદાનમાં ડ્રાઈવ થ્રુ વૅક્સિનેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છના ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભવ્ય વર્માએ એક નવી પહેલ કરતા જ અગાઉથી રજિસ્ટ્રેશન કરાવનાર લોકોને વાહનમાં જ વૅક્સિન આપતું ડ્રાઈવ થ્રુ વૅક્સિનેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે રસીકરણ અધિકારી ડૉ. પ્રેમકુમાર કન્નરે જણાવ્યું હતું કે, કચ્છમાં આ નૂતન પ્રયોગ કરવામાં આવ્યો છે. લોકોને પોતાના વાહનમાં બેઠા જ રસી મળી જાય છે જેથી સમયનો પણ બચાવ થાય છે અને સંક્રમણના ચાન્સીસ ઘણા ઘટી જાય છે.લોકો ખૂબ સારો પ્રતિસાદ આપી રહ્યા છે. પ્રાયોગિક ધોરણે આ ડ્રાઈવ થ્રુનું આયોજન કરવામાં આવ્યું છે જેને ખૂબ સફળતા મળી છે. ●

# 'કોરોનામુક્ત ગુજરાત' બનાવવા માટે મક્કમ પગલાં

**ગુજરાતે કોરોનામુક્ત થવાનો જાણે મક્કમ નિર્ધાર કર્યો હોય તેમ 'મારું ગામ, કોરોનામુક્ત ગામ'ના અભિયાનને જનસહયોગ મળ્યો. જનસેવાના ધ્યેયમંત્રને વરેલી ગુજરાત સરકાર પ્રત્યેક નાગરિકની આરોગ્ય સંભાળ માટે પરિણામલક્ષી પગલાં લઇ રહી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પ્રેરિત 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનમાં ગ્રામીણ જનશક્તિના સહયોગથી કોરોનાને હરાવી ગામ અને રાજ્ય કોરોનામુક્ત બને તેવું લક્ષ્ય રાજ્ય સરકાર સેવી રહી છે, ત્યારે રાજ્યના પ્રમુખ શહેર અમદાવાદ અને જિલ્લામાં કોરોના મુક્તીકરણ માટે અનેકવિધ તૈયારી, તકેદારીનાં પગલાં લેવાયાં. તંત્રએ જે રીતે આયોજનબદ્ધ કામગીરી કરી તેની માહિતીનું વિહંગાવલોકન પ્રસ્તુત છે.**

## કોવિડ કેર સેન્ટર્સમાં આયુષ ડોક્ટર્સ

અમદાવાદ જિલ્લામાં પણ દરેક ગામ કોરોનામુક્ત બને એ ઉદ્દેશથી તંત્રવાહકોએ સમીક્ષા બેઠક યોજી હતી, જેમાં અમદાવાદ જિલ્લામાં કોવિડ કેર સેન્ટર્સમાં આયુષ ડૉક્ટરની સેવા માટે મેડિકલ ઓફિસરો અન્ય ડૉક્ટરોનો પણ સંપર્ક કરીને તેઓને આ સેવાયજ્ઞમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ કોવિડ કેર સેન્ટરની મુલાકાત સપ્તાહમાં બે વાર લઈ આયુષ ચિકિત્સાથી સારવાર આપવા આયુર્વેદ ડૉક્ટરોને જણાવ્યું હતું. ગ્રામીણ કક્ષાએ આયુષ ઉકાળો આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## જિલ્લામાં ૪ લાખથી વધુ લોકોનું રસીકરણ

હવે, એ પુરવાર થઈ રહ્યું છે કે કોરોના મહામારીમાં વૅક્સિન(રસી) એ જ અસરકારક હથિયાર છે અને આ યુદ્ધ જીતવા માટે સૌએ આ અમોઘ શસ્ત્રનો ઉપયોગ કરવો પડશે. ૨૮ એપ્રિલ,૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૪,૧૫,૭૩૩ લોકોને રસી આપવામાં આવી છે. જેમાં આરોગ્યકર્મીઓ, ફ્રંટલાઈન વર્કર અને ૪૫ વર્ષથી વધુ વયના લોકોનો સમાવેશ થાય છે. અમદાવાદ જિલ્લામાં ૩૭,૭૦૨(૯૯ ટકા) ફ્રંટલાઈન વર્કર્સે રસીનો પ્રથમ ડોઝ લીધો છે,જ્યારે ૩૨,૨૦૧( ૭૩ ટકા)એ રસીનો બીજો ડોઝ લઈ સુરક્ષા-કવચ પ્રાપ્ત કર્યું છે. ઉલ્લેખનીય છે કે ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને રસી આપવાની બાબતમાં ધોલેરા તાલુકાના નાગરિકોએ નિર્ધારિત કરાયેલા લક્ષાંક કરતા પણ વધુ રસીકરણ કરાવ્યું છે.( ૧૦૪ ટકા). જ્યારે સાણંદ અને દેત્રોજ જેવા તાલુકાઓએ ૯૦ ટકા લક્ષાંક હાંસલ કરી ચૂક્યા છે. જ્યારે બાવળા, ધંધુકા, ધોળકા, માંડલ જેવા તાલુકાઓએ ૮૫ ટકા લક્ષાંક સિદ્ધ કર્યો છે. આમ, ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક રીતે અગ્રણી અમદાવાદ જિલ્લાએ આરોગ્યની બાબતમાં પણ પથદર્શક કામગીરી કરી બતાવી છે.

## ૭ સ્થળોએ ઓક્સિજન પ્લાન્ટની કામગીરીનો પ્રારંભ

ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ દસક્રોઈ તાલુકાના સિંગરવા હોસ્પિટલની મુલાકાત લીધા બાદ જાહેરાત કરી હતી કે અમદાવાદ જિલ્લામાં તાલુકા સ્તરે ઑક્સિજન પ્લાન્ટ કાર્યરત થશે. તાલુકા સ્તરે ઑક્સિજનની જરૂરિયાત સંતોષવા માટે દસક્રોઈ તાલુકામાં બે, ધોળકા તાલુકામાં એક, માંડલ તાલુકામાં એક, સાણંદ તાલુકામાં એક, સોલા સિવિલ ખાતે એક અને સિંગરવા ખાતે એક ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા માટે કટિબદ્ધ છે અને એ સેવામંત્રને અનુરૂપ જ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના સિંગરવા જેવા નાનકડા ગામમાં પણ ૫૦ બેડની હોસ્પિટલમાં ૫૦ બેડની વૃદ્ધિ કરી કુલ ૧૦૦ બેડ, ૧૦ વેન્ટિલેટરની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે અમદાવાદ સિંગરવા હોસ્પિટલ માટે રૂપિયા ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવાની પણ જાહેરાત કરી હતી.



ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લા કોવિડ ગ્રાન્ટમાંથી ૧ કરોડ રૂપિયા, જિલ્લા પંચાયત કોવિડ ગ્રાન્ટમાંથી ૫૦ લાખ રૂપિયા, એમ.ડી.એફ ગ્રાન્ટમાંથી રૂપિયા ૫૦ લાખ, જિલ્લા વિકાસ અધિકારીની ગ્રાન્ટમાંથી ૫૦ લાખ રૂપિયા તથા ચાર ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી

રૂપિયા ૧ કરોડ સાથે કુલ ૪ કરોડના ખર્ચે ઑક્સિજન ઉત્પાદન માટેના પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આરોગ્ય સુવિધાના વિસ્તારની વ્યૂહરચનાના ભાગરૂપે ૨૦૦ બેડની વેદાંતા મેકશીફ્ટ હોસ્પિટલ અમદાવાદના સિંગરવા ખાતે ઊભી કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ અમદાવાદ જિલ્લાના દસક્રોઈની સિંગરવા હોસ્પિટલમાં ચાલી રહેલા સેવાયજ્ઞને બિરદાવ્યો હતો અને આરોગ્યકર્મીઓને દર્દીનારાયણની સેવા-શુશ્રૂષા માટેની ભાવના માટે અભિનંદન પાઠવ્યા હતા.

## કોવિડ બેડની સંખ્યા 300થી વધારી ૧૫૭૩ કરાઈ

અમદાવાદ જિલ્લામાં કોવિડ બેડની સંખ્યા ૨૭ એપ્રિલ સુધીમાં ૩૦૦થી વધારીને ૧૫૭૩ કરાઇ છે. આ ઉપરાંત હજુ વધારાના ૨૦૦ બેડ માટે વેદાંતા હોસ્પિટલ સાથે વિચાર-વિમર્શ પ્રગતિ હેઠળ છે. અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના સિંગરવા ખાતે ૫૦ બેડ (૩૨ ઑક્સિજનવાળા, ૧૮ ઑક્સિજન વગરના)ની વધારાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત જો પરિસ્થિતિ વિકટ થાય તો વધારાના બેડ ઊભા કરવા માટે પણ આયોજન સુનિશ્ચિત કરાયું છે. જે અન્વયે વેદાંતા ફાઉન્ડેશન-૧૦૦, ટાટા ફાઉન્ડેશન-૧૦૦, ઝાયડસ ફાઉન્ડેશન -૧૦૦ બેડની નવી વ્યવસ્થા ઊભી કરશે. આ ઉપરાંત બિરલા ફાઉન્ડેશને પણ જિલ્લામાં ૨ ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટેની તૈયારી દર્શાવી છે. કોઈ પણ નાગરિકને સાધનોને અભાવે જીવ ન ગુમાવવો પડે તે માટે ૩૦ જેટલા વેન્ટિલેટર(ઓન લોન) લેવા માટેનું આયોજન પણ પ્રગતિ હેઠળ છે. અમદાવાદ જિલ્લામાં સાધનોની સાથે જરૂરી માનવબળ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લામાં ૨૦ જેટલા બોન્ડેડ ડૉક્ટર્સ હાજર થયા છે અને નવી જાહેરાતના પગલે ૨૫૦ વધુ નર્સિંગ સ્ટાફ દર્દીનારાયણની સેવામાં કાર્યરત થયો છે.

## અત્યાધુનિક સાધનો માટે નાણાકીય ફાળવણી

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની ગ્રાંટમાથી ૭ એમ્બ્યુલન્સ વાન, મોબાઈલ ટેસ્ટિંગ વાન તેમ જ ડિજિટલ એક્સરે



મશીન, ઑક્સિજન કોન્સન્ટ્રેટર મશીન જેવાં અત્યાધુનિક સાધનો માટે નાણાકીય ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, કેબિનેટ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમ જ દસક્રોઈના ધારાસભ્યશ્રી અને સાણંદના ધારાસભ્યશ્રીની ૨૫ લાખની ગ્રાંટ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રીની ડીએમએફ ગ્રાંટમાથી ૫૦ લાખ, ડીડીઓ ગ્રાંટમાંથી ૫૦ લાખ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની ગ્રાંટમાથી રૂ. ૫૦ લાખ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રીની ગ્રાંટમાંથી રૂ.૨૫ લાખ, કારોબારી સમિતિની ગ્રાંટમાથી રૂ. ૧૫ લાખ, કોવિડની એન.એચ.એમ ગ્રાંટમાંથી રૂ. ૧ કરોડ, જિલ્લા પંચાયતની કોવિડ ગ્રાંટમાંથી રૂ. ૫૦ લાખ એમ વિવિધ સ્રોતમાંથી કુલ ૫ કરોડ અને ૧૫ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

## જિલ્લા વહીવટીતંત્રએ રક્ષણાત્મક લીધેલાં પગલાં

અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રએ રક્ષણાત્મક પગલાં પણ લીધાં છે અને તેથી જ સમગ્ર ગુજરાત રાજ્યમાં રસીકરણમાં અમદાવાદ જિલ્લો પ્રથમ સ્થાને છે. અમદાવાદ જિલ્લામાં આરોગ્યકર્મીઓ, ફ્રંટલાઈન વર્કર તથા ૪૫થી વધુ વર્ષના લોકો એમ કુલ ૪,૧૫,૭૩૩ લોકોનું રસીકરણ કરીને અભૂતપૂર્વ કામગીરી કરી છે. એ જ રીતે અમદાવાદ જિલ્લામાં કોવિડગ્રસ્ત દર્દીઓને રાહત પહોંચે તે માટે સરકારી અને ખાનગી ડેઝિગ્નેટેડ કોવિડ હોસ્પિટલમાં ૮,૪૬૨ રેમડેસિવિર ઈન્જેકશનનું વિતરણ કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લામાં કોવિડનું સંક્રમણ અટકે તે માટે ૧૨૩ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે અને આશા બહેનો દ્વારા ૧૫,૪૯,૬૭૯ લોકોની આરોગ્યતપાસ કરાઈ છે. તેમ જ આરોગ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા ૭, ૪૮,૬૫૦ ઘરોને સેનિટાઈઝડ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ૩૦ જેટલા ધન્વંતરિ રથ દ્વારા ૧૦ લાખથી વધુ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી છે. અને ૪ લાખથી વધુ લોકોના કોવિડ ટેસ્ટ કરાયા છે. જેમાં ૫,૪૪૪ વ્યક્તિઓ કોવિડ પોઝિટિવ આવ્યા છે.

## ધન્વંતરિ કોવિડ હોસ્પિટલ આશીર્વાદરૂપ બની

ગુજરાત સરકાર અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન(DRDO)ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે યુદ્ધના ધોરણે કાર્યરત કરવામાં આવેલી ધન્વંતરિ કોવિડ હોસ્પિટલમાં 1લી મે સુધીમાં ૫૪૫ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. જેમાંથી ૯૨થી જેટલા દર્દીઓને ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઈ.સી.યુ)માં છે. વધુ ૯૬ દર્દીઓને ૧ મેથી પ્રવેશ આપી સારવાર શરૂ કરાઈ છે. ધન્વંતરિ કોવિડ હોસ્પિલ તેની પૂર્ણ ક્ષમતાએ કાર્યરત થાય તે

દિશામાં સુનિયોજિત પ્રયાસો હાથ ધરાયા છે અને હોસ્પિટલમા(ઈનહાઉસ) જ સીટી સ્કેન, લોહીની તપાસ(બ્લડ ઈન્વેસ્ટિગેશન), એક્સ-રે, ડાયાલિસીસ જેવી તમામ સુવિધાઓ નાગરિકને એક જ સ્થળેથી વિના મૂલ્યે પ્રાપ્ત થઈ રહી છે. 'કોવિડ-સાથી'ની મદદથી દર્દી અને તેમના સ્વજનની વચ્ચે વીડિયોકોલ દ્વારા વાતચીત કરાવવામાં આવી રહી છે. આમ, અનેક દર્દીઓના સ્વજનોએ આ ઉત્તમ સુવિધા પ્રાપ્ત થતા હાશકારો અનુભવ્યો છે. ધન્વંતરિ કોવિડ હોસ્પિટલમાં ઈન્ટેન્સિવ કેર યુનિટ(ICU)માં વિશિષ્ટ જરૂરિયાતને ધ્યાનમાં લઈ નવા ૧૫ સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સની સેવા લેવામાં આવી છે,

## અમદાવાદ સોલા સિવિલમાં ગ્રામીણ દર્દીને સારવાર

અમદાવાદમાં સરખેજ-ગાંધીનગર હાઈવે સ્થિત સોલા સિવિલના ઈન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ.પ્રકાશ મહેતાએ જણાવ્યું હતું કે, સોલા સિવિલમાં છેલ્લા એક વર્ષમાં ૧૭,૯૨૫થી વધુ કોવિડના દર્દીઓની સારવાર સફળતાપૂર્વક હાથ ધરાઈ છે. જ્યારે ૪૦,૩૭૯ થી વધુ કોવિડ દર્દીઓને ઓપીડીમાં તપાસવામાં આવ્યા છે. સોલા સિવિલ હોસ્પિટલમાં અમદાવાદ ગ્રામીણ વિસ્તાર તેમ જ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી અંતરિયાળ ગામડાઓમાંથી દર્દીઓ સારવાર માટે આવે છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના દર્દીઓ પણ ખાનગી વાહનોમાં અહીં સારવાર માટે આવે છે. આ બધા જ દર્દીઓને સર્વોત્તમ સારવાર વિનામૂલ્યે મળે છે. આમ, ગ્રામીણ વિસ્તારના દર્દીઓ માટે સોલા સિવિલ હોસ્પિટલ આશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે.

આમ, સમગ્રપણે અમદાવાદ જિલ્લામાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુની આગેવાની હેઠળ "ટીમ અમદાવાદ" એ નાગરિકોને સુરક્ષા-કવચ પૂરું પાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.



## અમદાવાદ જિલ્લાનાં ૭ લાખ ઘર સેનિટાઈઝડ

અમદાવાદ જિલ્લા પંચાયતે તાલુકા અને ગ્રામીણ વિસ્તારનાં ૭,૩૯,૭૬૩ ઘરોને છેલ્લા એક વર્ષમાં સેનિટાઇઝડ કર્યા છે. અમદાવાદ જિલ્લા પંચાયતે ગત વર્ષે ૩ મે ના રોજ એકસાથે ૪૬૪ ગામ સેનિટાઇઝડ કરી કોરોના નિયંત્રણની પ્રભાવક રીત અમલમાં મૂકી હતી. સાણંદ, વિરમગામ, બાવળા, ધોળકા, ધંધુકા, બારેજા તાલુકા મથકો અને ૪૬૪ ગામ સહિત સમગ્ર અમદાવાદ જિલ્લાની આશરે ૩૪,૫૯,૫૬૦ વસ્તીને એન્ટિવાઇરસ કામગીરી - સેનિટાઇઝેશન થકી સુરક્ષિત કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશબાબુના જણાવ્યા મુજબ જિલ્લાના કુલ ૧૮૯ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ૨૫ સુપરવાઈઝર અને મેલેરિયા શાખાના ૧૦ કર્મીઓ છેલ્લા એક વર્ષથી માસ સેનિટાઈઝેશનની કામગીરીમાં જોડાયેલા છે. જરૂર પડ્યે આ કર્મીઓ રજાના દિવસોમાં પણ ફરજ પર તૈનાત રહે છે.

જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી નરેન્દ્ર રાઠોડ જણાવે છે કે, બાઇક, રિક્ષા, ટ્રક અને ડ્રોનની મદદ વડે ગામે ગામ સેનિટાઇઝ કરતી ટીમ કોરોના વાઇરસ માટે ચેઝ એન્ડ એલિમિનેટની રણનીતિ અપનાવે છે. અમદાવાદ જિલ્લા પંચાયત સોલા સિવિલ હોસ્પિટલમાં પણ સેનિટાઇઝેશન કામગીરી સંભાળે છે. વોટર કેનન ફોગર મશીનનો ઉપયોગ કરી જાહેર રસ્તા સેનિટાઇઝ કરાય છે. જે કોરોના અટકાયતી પગલાં માટેની એક અગત્યની કામગીરી છે.

કોરોના સંક્રમણને આગળ વધતું અટકાવવા વિભિન્ન પદ્ધતિઓ અપનાવવામાં આવી છે. કોવિડ૧૯ દર્દીના ઘરમાં તથા ઘરની આજુબાજુ સેનિટાઇઝેશન એટલે કે જીવાણુનાશક દવાનો છંટકાવ એ સંક્રમણ ખાળવાનો કારગર ઉપાય છે. સેનિટાઇઝેશનથી વસ્તુ-જગ્યાની સપાટી(સરફેસ) પર રહેલા વાઇરસનો નાશ થાય છે.

## દાતાઓના સહયોગથી કોરોના વોરિયર્સ માટે સંજીવ કપૂરે કરી ભોજન વ્યવસ્થા

જાણીતા શૅફ શ્રી સંજીવકપૂરે અન્ય સેવાભાવી દાતાના સહયોગથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ભોજન પૂરું પાડવાનો નિર્ણય કર્યો છે. આ માટે શ્રી સંજીવકપૂરે અમદાવાદ શહેરમાં ૧૨ શૅફની નિમણૂક કરી છે. તેમણે સિવિલ હોસ્પિટલના તબીબો માટે ત્રણ ટાઇમ જમવાની વ્યવસ્થાનું બીડું ઝડપ્યું છે અને આ રીતે અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝિગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં રાઉન્ડ ધ ક્લોક કાર્યરત તબીબો માટે તેઓ અન્નપૂર્ણા બન્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી આ અંગે કહે છે કે બે દિવસ અગાઉ દેશના પ્રતિષ્ઠિત શૅફ શ્રી સંજીવકપૂર દ્વારા સિવિલ હોસ્પિટલના તબીબોને ભોજન વ્યવસ્થા અંગેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જે હોસ્પિટલ તંત્રએ સ્વીકાર્યો છે. ●

# સચોટ સમયસરની સેવા માટે સદાય તૈયાર સંસ્કાર નગરી વડોદરા

**સંસ્કાર નગરીમાંથી સેવાનગરી બનેલા વડોદરા શહેરને કોવિડ કોરોનાને લગતી સેવા- સુવિધા સતત અવિરત અને સમયસર મળતી રહે તે માટે તંત્ર કાર્ય કરી રહ્યું છે. તેની સાથેસાથે રોજેરોજની સમીક્ષા પણ કરવામાં આવી રહી છે. ઑક્સિજન પુરવઠો, દર્દીઓ અને તેમના સંબંધીઓ માટે સુવિધા, નવાં કેર સેન્ટર્સ સહિતની સેવાઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તંત્રના પ્રયાસોની અહીં ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી છે.**

## નર્મદા વિકાસ રાજ્ય મંત્રીશ્રી દ્વારા ઑક્સિજન પુરવઠાની સમીક્ષા



નર્મદા વિકાસ રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઇ પટેલે પદાધિકારીઓ અને ખાસ ફરજ પરના સચિવ ડૉ.વિનોદ રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ગોત્રી હોસ્પિટલમાં આવતા કોવિડના દર્દીઓની વિના વિલંબે સારવાર શરૂ થઈ શકે તે માટે બનાવવામાં આવેલા 250 પથારીના તાત્કાલિક સારવાર કેન્દ્રની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. 30 એપ્રિલ સુધીમાં વડોદરાને 189 મે.ટન મેડિકલ ઑક્સિજનનો પુરવઠો મળ્યાની માહિતી આપતાં તેમણે જણાવ્યું કે, આ પુરવઠામાં જી.એસ.એફ.સી.પાસેથી 10, રિલાયન્સ પાસેથી 71, લાઇફ લાઇન પાસેથી 26, એર લિકવિડ પાસેથી 8, ઊર્મિ અને દેવ નંદન પાસેથી 14 અને આઇનોક્સ પાસેથી મળેલા 60 મે.ટન ઑક્સિજન પુરવઠાનો સમાવેશ થાય છે. તેમણે નવા તાત્કાલિક સારવાર કેન્દ્ર ખાતે હવામાંથી ઑક્સિજન મેળવતાં ઉપકરણોની વ્યવસ્થા માટે સંતોષ વ્યકત કર્યો હતો.

## ગોત્રીમાં ક્વિક રિસ્પોન્સ ટ્રીટમેન્ટ સેન્ટર

ડૉ.વિનોદ રાવે જણાવ્યું હતું કે, ગોત્રી હોસ્પિટલની કોવિડ સારવાર સુવિધાઓના ભાગરૂપે એક નવી પહેલ હેઠળ ક્વિક રિસ્પોન્સ ટ્રીટમેન્ટ સેન્ટર બનાવ્યું છે. ડૉ.રાવે આ કેન્દ્રની નિરીક્ષણ મુલાકાતે આવેલા નર્મદા વિકાસ રાજ્ય મંત્રી શ્રી યોગેશ પટેલ અને સાંસદ, ધારાસભ્યો, મેયરશ્રી અને પદાધિકારીઓને વિગતવાર જાણકારી આપી હતી. આ કેન્દ્રના તમામ બેડ માટે અંદાજે 150 થી 200 ઑક્સિજન કોન્સૅન્ટ્રેટર જે બોટલ વગર હવામાંથી ઑક્સિજન શોષે છે તેની અને જમ્બો સિલિન્ડર દ્વારા ઑક્સિજનની વ્યવસ્થા છે. અહીં ઑક્સિજન માટે પાઇપલાઈનનું પણ આયોજન છે.

તેમણે ગોત્રી ખાતે હાલમાં કાર્યરત 750 બેડની સામે 700 દર્દીઓ દાખલ છે. આ નવા કેન્દ્રથી બેડ સંખ્યામાં 250 નો વધારો થતાં કુલ ક્ષમતા 1 હજાર બેડની થઇ જશે. બાજુમાં બીજી 100 બેડની વ્યવસ્થા તૈયાર કરવામાં આવી રહી હોવાથી આમ ગોત્રી ખાતે કુલ 1100 બેડની સારવાર સુવિધા ઉપલબ્ધ થશે તેમ ઉમર્યું હતું.

## ધારાસભ્યશ્રીઓ દ્વારા ગ્રાન્ટ ફાળવાઇ

અકોટાના ધારાસભ્ય શ્રીમતી સીમાબહેન મોહિલેએ રૂ.૨૫ લાખનું અનુદાન કોરોના સારવાર કરી રહેલી શહેરની સયાજી જનરલ હોસ્પિટલ અને અન્ય સરકારી કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલના દર્દીઓની સારવાર માટે ફાળવ્યું હતું. આ અનુદાનમાંથી સયાજી હોસ્પિટલ, કોર્પોરેશનની હોસ્પિટલ- દવાખાના માટે અદ્યતન મેડિકલ ઉપકરણ - સાધનો વસાવવામાં આવશે. જ્યારે ધારાસભ્ય શ્રીમતી મનીષાબહેન વકીલે રૂ.૨૫ લાખનું અનુદાન પોતાના મત વિભાગમાં આવતા અર્બન હેલ્થ સેન્ટરમાં કોરોનાના દર્દીઓની સઘન સારવાર માટે ફાળવ્યું હતું.

## ૧૨ લાખથી વધુ દર્દીઓની આરોગ્ય તપાસ

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ધન્વંતરિ આરોગ્ય રથ દ્વારા શહેરીજનોને ઘરે બેઠાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તા.30 એપ્રિલ-૨૦૨૧ સુધીમાં ધન્વંતરિ આરોગ્ય રથની ૩૪ ટીમ દ્વારા કુલ ૫,૪૧,૩૯૦ પુરુષો અને ૬,૬૮,૬૪૫ સ્ત્રીઓ સહિત કુલ ૧૨,૧૧,૫૯૭ દર્દીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.



## દર્દીઓના સ્વજનો માટે વિશાળ ડોમ

સયાજી હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલની બહાર દર્દીઓના સ્વજનોની સુવિધા અર્થે વિશાળ, ઓલ વેધર ડોમનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. જ્યાં 400 થી 500 જેટલા સ્વજનો આરામથી બેસી શકશે અને વિશ્રામ કરી શકે છે. જ્યાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ દર્દીઓના સ્વજનોને ભોજન,લીંબુ પાણી જેવી સુવિધા આપે છે, તેમની સાથે પણ ઉચિત સંકલન કરવામાં આવે છે.

## અધિકારી દ્વારા સતત કાર્યસમીક્ષા

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવે,જિલ્લા કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલ અને ઑક્સિજન પુરવઠાના નોડલ અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. સુધીર દેસાઈ સાથે જી.એસ.એફ.સી.ના ઑક્સિજન ઉત્પાદક પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે અહીં દૈનિક 10 ટન ઑક્સિજનનું ઉત્પાદન થાય છે.તેનો સર્વોચિત ઉપયોગ સુનિશ્ચિત કરવા રિફિલિંગ અને વિતરણની સિસ્ટિમ સ્ટ્રીમલાઈન કરવામાં આવી રહી છે.

ડૉ. રાવે ઑક્સિજન ઉત્પાદક કંપની ઈનોક્સના કરજણ પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને વડોદરામાં ઑક્સિજનની ઘટ કંપનીના અમદાવાદ અને સુરત પ્લાંટની મદદથી સરભર કરવા અંગે પરામર્શ કર્યો હતો.આ એકમ એર સેપરેસન યુનિટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને અહી દૈનિક 118 ટન ઑક્સિજનનું ઉત્પાદન કરે છે. આ પૈકી અંદાજે 40 ટન મધ્યપ્રદેશને અને 20 ટન ઑક્સિજન વૅક્સિન વાઇલ્સ બનાવતી મેડિકલ કંપનીઓને ફાળવવામાં આવે છે.બાકીનો ઑક્સિજન સયાજી અને ગોત્રી હોસ્પિટલોને મળે છે. હાલમાં આ બંને હોસ્પિટલોમાં દૈનિક 65 થી 70 ટન ઑક્સિજનની માંગ છે. આ ઘટના નિવારણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ડૉ.વિનોદ રાવે ધીરજ હોસ્પિટલની મુલાકાત લેતી વેળા જણાવ્યું હતું કે અહીં 600 ની ક્ષમતા સામે 466 દર્દીઓ દાખલ છે. અહીં ફ્રી બેડની સુવિધા 80 ટકા સુધી વિસ્તારવામાં આવી છે.

## મોટા ફોફળિયામાં કોવિડ કેર સેન્ટર

વડોદરાના શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે કોવિડ કેર સેન્ટર શરૂ કરાયું છે. શક્તિકૃપા ચેરિટેબલ ટ્રસ્ટના સંચાલક શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શિનોરના સહયોગથી ટ્રસ્ટના હોસ્ટેલ બિલ્ડિંગમાં ૧૦૦ બેડનું કોવિડ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. શિનોર તાલુકાના ગામડાઓમાં કોરોના પોઝિટિવ દર્દીઓને ઘરે આઇસોલેશનની વ્યવસ્થા ન હોય એવા દર્દીઓને અહીં દાખલ કરી સારવાર આપવામાં આવે છે. વડોદરા જિલ્લામાં કરજણ, પાદરા, સાવલી, ડભોઈમાં કોવિડ સારવાર કેન્દ્રોમાં કોરોના દર્દીઓને અસરકારક આરોગ્ય સારવાર આપવામાં આવી રહી છે.

## 100 ઑક્સિજન કોન્સેંટ્રેટર અને 250 જમ્બો સિલિન્ડરોનો પ્રબંધ

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવે જી.એમ.ઇ.આર.એસ., ગોત્રી ખાતે ક્વિક રિસ્પોન્સ ટ્રીટમેન્ટ સેન્ટર માટે બનાવવામાં આવેલા ડોમ અને સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે 250 બેડની આ સુવિધા તથા દર્દીઓની ઉચિત સારવાર માટે અંદાજે 100 ઑક્સિજન કોન્સેંટ્રેટર અને 250 જમ્બો સિલિન્ડરોનો પ્રબંધ કરવામાં આવ્યો છે. તેમણે આ સ્થળે સુરક્ષા અને બંદોબસ્ત માટે પોલીસ કમિશનરશ્રી સાથે પરામર્શ કર્યો હતો.

## ઈ.એમ.ઈ. સ્કૂલે લંબાવ્યો મદદનો હાથ

ભારતીય સેનાની વડોદરા સ્થિત ઇ.એમ.ઇ.સ્કૂલ સેનાનાં અદ્યતન આયુધો, વાહનો અને સરંજામને ચુસ્ત દુરસ્ત રાખવાની સાથે તેના પ્રશિક્ષણનું કામ કરે છે. આ સંસ્થાએ કોવિડ સામેની લડાઈમાં તંત્રને મદદરૂપ થવાની તત્પરતા બતાવી છે. આ અંગે સંસ્થાના કમાન્ડન્ટશ્રીએ જિલ્લા કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલની મુલાકાત લીધી હતી. તેમણે તેમની સંસ્થાના નિષ્ણાતોની ટીમની ઑક્સિજનના સંસાધનો,ભારે ઈજનેરી કામો,તબીબી ઉપકરણોની મરામત અને જાળવણીનાં કામોમાં મદદનો સધિયારો આપ્યો હતો.

## BAPS દર્દીઓનો ભોજનખર્ચ ઉઠાવવા તૈયાર

બાપ્સે અટલાદરા ખાતેની હોસ્પિટલમાં દાખલ દર્દીઓના ભોજન અને રિફ્રેશમેન્ટનો ખર્ચ વહન કરવાની તત્પરતા દર્શાવી છે. તેને લગતો પત્ર આજે સંસ્થાના પૂજ્ય સંતોએ ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવને આપ્યો હતો ડૉ.રાવે શુક્રવારે બાપ્સ, અટલાદરાની મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.



## ઑક્સિજન સુવિધાની સમીક્ષા

સાવલી તાલુકાના મોકશી ગામની દેવનંદન ગેસ કંપની એર સેપ્રેસન યુનિટની મદદથી વાતાવરણમાંથી સીધેસીધું ઑક્સિજનનું ઉત્પાદન કરે છે. ડૉ.રાવે આ કંપની ખાતે ઑક્સિજન ઉત્પાદન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું. આ કંપનીની રિફિલિંગ ક્ષમતા દૈનિક 1 હજાર જમ્બો સિલિન્ડરોની છે એટલે કે અંદાજે દૈનિક 9 ટન ઑક્સિજનનું ઉત્પાદન કરે છે. કંપનીના સંચાલકો સાથે ઉત્પાદન વૃદ્ધિ અંગે પરામર્શ કરતાં, તેમણે એક સપ્તાહમાં ઉત્પાદન ક્ષમતામાં 20 ટકા વધારો કરવાનો સધિયારો આપ્યો. ડૉ.રાવે સાવલી તાલુકામાં મંજુસર જી.આઇ.ડી.સી.ખાતે શક્તિ ગેસ એજન્સીની મુલાકાત લઈને સંચાલકો સાથે દવાખાનાઓમાં ઑક્સિજન સપ્લાય અંગે પરામર્શ કર્યો હતો. આ એકમ રિલાયન્સ, જામનગર ઉત્પાદિત દૈનિક 55 થી 60 ટન ઑક્સિજન વડોદરામાં પૂરો પાડે છે. તે સમરસ,ધીરજ,પારુલ અને પાયોનિયર હોસ્પિટલોને પ્રવાહી ઑક્સિજન અને અન્ય ખાનગી દવાખાનાઓને પ્રવાહી અને વાયુ સ્વરૂપે ઑક્સિજન પૂરો પાડે છે. તેમણે સંકેત આપ્યો કે આ કંપની અંદાજે રૂ.1.5 કરોડના ખર્ચે 4 પોર્ટા ક્યોઝ અને 70 ડ્યૂરા સિલિન્ડરોની મદદથી વિતરણ પ્રણાલીને મજબૂત કરવા સંમત થઈ છે.

## કોવિડ સારવારની સુવિધા જાળવવા અને વિસ્તારવા તંત્રના ભરપૂર પ્રયાસો...

વડોદરા તંત્રએ રાત્રિ જાગરણ કરીને પણ કોવિડના દર્દીઓની સારવાર અને તેમના સંબંધીઓને સુવિધા આપવા પ્રયાસો જારી રાખ્યા છે. 30મી એપ્રિલના રોજ ઉચ્ચ અધિકારીથી માંડીને નાના કર્મચારીઓએ આખી રાત જાગીને પ્રયત્નો કર્યાં હતા.

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવે ગોત્રી હોસ્પિટલમાં ક્વિક રિસ્પોન્સ સેન્ટર માટે બની રહેલા ડોમના કામનું નિરીક્ષણ કર્યું હતું. જેથી ઑક્સિજન કોન્સેંટ્રેટર બેડ સહિતની આ સુવિધા ઉપલબ્ધ બનશે. આ સાથે ડૉ.રાવે કલેક્ટર કચેરીમાં બેઠક યોજી ઑક્સિજન પુરવઠાની પરિસ્થિતિ, રિફિલિંગ અને વિતરણની સમીક્ષા કરી હતી.

મધરાત્રે દોઢ વાગ્યે ડૉ.રાવે ગોત્રી હોસ્પિટલની મુલાકાત લઇ ફક્ત ૪૮ કલાકમાં વીજ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરનારા કર્મયોગીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે ગોત્રી હોસ્પિટલ ઓપીડીના નોડલ અધિકારી, નર્સિંગ હેડ અને સંબંધિતો સાથે પરામર્શ કર્યો હતો. ત્યાર બાદ નવલખી મેદાનમાં ઑક્સિજન રિફિલિંગની સુવિધા ખાતે મધ્ય રાત્રિએ પણ સતત કામગીરી કરનાર કર્મયોગીઓને તેમણે બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, હવે કિંમતી સમયની બચત તથા ઉપલબ્ધ ડયુરા સિલિન્ડરો અને પોર્ટા ક્રિયોઝના ઓપ્ટીમાઈઝેશનથી ઑક્સિજનની અછત અને કટોકટીની પરિસ્થિતિનું નિવારણ થઇ ગયું છે. દરમિયાન સમરસ કોવિડ હોસ્પિટલના તબીબો અને વોર્ડ બોયઝ, સફાઈ સેવકો અન્ય સારસંભાળ લેનારાઓ તેમજ દર્દીઓના સ્વજનો સાથે પણ સંવાદ કર્યો હતો.

આ ઘટના ક્રમ અથવા લોગ બુક દર્શાવે છે કે, તંત્રની નિષ્ઠામાં કોઈ કમી નથી, રાત દિવસ કામ થઈ રહ્યું છે. આ કામગીરીને યોગ્ય રીતે મૂલવી સહયોગ આપવામાં આવે એ યથાર્થ રહેશે.

## પ્લાઝમા દાતા શ્રી અરુણ મિશ્રાનું ગૃહ રાજ્ય મંત્રીશ્રીના હસ્તે સન્માન

ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે કોરોના વૉરિયર રાજ્ય પોલીસ દળના જવાનો અને અધિકારીઓનું પ્રસંશાપત્ર પ્રદાન કરી સન્માન કરાયું હતું. તેમાં વડોદરા શહેર પોલીસ દળમાં અધિકારીઓ/ જવાનો દ્વારા કોવિડ પીડિતોની સારવાર માટે બ્લડ પ્લાઝમા દાનની પહેલ કરનારા વારસીયા પોલીસ મથકના અધિકારી અરુણ બી. મિશ્રાનો સમાવેશ થાય છે. ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રમાં જણાવ્યું છે કે ગુજરાત પોલીસ દળના એક જવાબદાર અધિકારી તરીકે, અગ્ર હરોળના કોરોના યોદ્ધા તરીકે રાજ્યના નાગરિકોને કોરોના સામે સુરક્ષા આપવામાં આપે પ્રેરક અને પ્રસંશનીય કામગીરી કરી છે. આપના ફરજ પાલનથી પોલીસ વિભાગ ગૌરવ અનુભવે છે.

## કરજણમાં જિલ્લાનું ચોથું કોવિડ કેર સેન્ટર

વડોદરા જિલ્લામાં પાદરા, ડભોઇ અને સાવલી પછી હવે કોમ્યુનિટી હેલ્થ સેન્ટર કરજણમાં ઑક્સિજનની વ્યવસ્થા સાથેનું કોવિડ કેર સેન્ટર ચાલુ કરવામાં આવ્યું છે. કરજણ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, ખાતે ઑક્સિજન બેડ તેમજ નોન ઑક્સિજન બેડ સાથેની કોરોનાના દર્દીઓને સારવાર માટે વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. જેમાં ડૉક્ટર અને મેડિકલ સ્ટાફ, કલાસ 4 સ્ટાફ, દર્દીઓને ભોજનની વ્યવસ્થા, ઑક્સિજન ડ્યૂટી માટે કર્મચારીઓની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. ફાયર સેફટીની સુવિધા રાખી તેનું સેફટી ઓડિટ કરાવ્યું છે. તમામ સ્ટાફને જરૂરી તાલીમ પણ આપવામાં આવી છે. ●



# કોરોનાને હરાવવા સુરતીઓ સજાગ

**સુરત શહેરની વાત જ અનેરી છે. સુરતવાસીઓ કોઇપણ આપદા સામે ઝઝૂમે છે અને જીતે પણ છે. આ વખતે કોરોનાના સંક્રમણ પર કાબૂ મેળવવા સરકારની સાથે સુરતીલાલાઓ પણ ઉત્સાહપૂર્વક સહયોગ આપી રહ્યા છે. જેની સાબિતી રસીકરણમાં નગરવાસીઓનો ઉત્સાહ પૂરી રહ્યો છે. તો દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ માટે પણ આરોગ્ય સારવાર આપવામાં સુરતે પાછીપાની કરી નથી. સુરતમાં આરોગ્ય કર્મચારીઓના માયાળુ વર્તનથી સાજા થયેલા દર્દીઓએ પણ ભરપેટ પ્રશંસા કરી છે.**

## રસીકરણ માટે સુરતીલાલાઓમાં અનેરો ઉત્સાહ



રસીકરણના અભિયાનનો સુરત શહેર-જિલ્લામાં પ્રારંભ થતાં સુરત મહાનગરપાલિકાનાં વિવિધ રસીકરણ કેન્દ્રો તથા જિલ્લાનાં રસીકરણ કેન્દ્રો પરથી સુરતીલાલાઓએ સવારથી જ લાઈન લગાવીને ઉત્સાહ સાથે વૅક્સિન મુકાવી હતી. સુરતના ભાગળના ૨૦ વર્ષીય યુવાન આયુષ શાહે કહ્યું કે, કોરોના વૅક્સિન લઈને દેશ સેવામાં એક મહત્ત્વપૂર્ણ યોગદાન આપી ભારતને કોરોનામુક્ત કરવામાં સહયોગ ચોક્કસ આપવો જોઈએ.

## સિવિલનાં કર્મચારીઓની સેવાથી પ્રભાવિત નિવૃત્ત પ્રોફેસરે દાન આપ્યું

'સેવા' સંચાલિત આઈસોલેશન સેન્ટર્સમાં સેવા આપતા પેરામેડિકલ સ્ટાફની ઉમદા કામગીરી જોઈને સુરતનાં નિવૃત્ત મહિલા પ્રોફેસર કોકિલાબહેન મજીઠિયાએ રૂ.એક લાખનો ચેક અર્પણ કર્યો છે. તેઓ ઈચ્છે છે કે આ નાણામાંથી આઈસોલેશન સેન્ટરોમાં રાતદિવસ કામ કરતાં પેરામેડિકલ સ્ટાફને વેતન ચૂકવવામાં આવે. તેમના પ્રેરણાદાયી કદમની સરાહના કરતાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ-સુરત દ્વારા કોકિલાબહેનના હસ્તે જ પેરામેડિકલ સ્ટાફની બહેનોને પગારના ચેક અર્પણ કરાવ્યા હતા.

## દક્ષિણ ગુજરાતના નાગરિકોને પણ સુરતમાં સારવાર

નવસારીના ૯૦ વર્ષીય દાદી શ્રી સવિતાબહેન દેસાઈએ સ્મીમેરમાં માત્ર ૭ દિવસની સારવારમાં કોરોનાને શિકસ્ત આપી છે. શ્રી સવિતાબહેનને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લવાયા ત્યારે ઑક્સિજન લેવલ ૮૬ ટકા થઈ ગયું હતું, ફેફસાંમાં ૩૦ ટકા કોરોના ઈન્ફેક્શન હતું, પરંતુ સમયસર અને સઘન સારવારના પરિણામે આજે તેમનું ઑક્સિજન પ્રમાણ ૯૫ ટકા થયું છે, અને સંપૂર્ણ સ્વસ્થ થયાં છે.' કોરોનામુક્ત થયેલા સવિતાબહેને કોરોનાના દર્દીઓને સલાહ આપી હતી કે, 'આપણે કોરોનાથી ડરીશું તો કોરોના આપણા પર ગંભીર બનશે. પણ આપણી હિંમત જ ઈમ્યુનિટી વધારી શકે છે. હંમેશાં કામ કરતાં રહો, પ્રવૃત્તિમય રહેશો તો સ્વાસ્થ્ય સારું રહેશે અને કોઇ પણ બીમારી સામે સુરક્ષિત રહી શકશો.

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામના સિનિયર સિટીઝન ૬૨ વર્ષીય હંસાબહેન પટેલ નવી સિવિલમાં ૧૦ દિવસની સારવારમાં કોરોનામુક્ત થયા હતાં. શ્રી હંસાબહેને જણાવ્યું હતું કે, પાંચ દિવસ બાયપેપ પર રખાયા બાદ આજે તેઓ સ્વસ્થ છે અને નવી સિવિલના તબીબો અને અન્ય સ્ટાફના તેઓ કૃતજ્ઞી છે. સમયસરની સારવાર, યોગ્ય સંભાળથી જ તેઓ કોરોનામુક્ત બન્યાં છે.

## સુરત નવી સિવિલના બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટની સરાહનીય કામગીરી

સુરત સિવિલ બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના એસો. પ્રોફેસર ડૉ.પીયૂષ ટેલર જણાવે છે કે, સિવિલનો બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દર્દીના વિવિધ પ્રકારના ૧૦૦થી ૧૨૦ પ્રકારના ટેસ્ટ કરે છે. અહીં



પાંચ આધુનિક મશીનો ઉપલબ્ધ છે, જે શહેરમાં મોટી લેબોરેટરી સિવાય ભાગ્યે જ અન્ય લેબોરેટરીમાં જોવા મળે છે. સિવિલમાં સારવાર લેતા અંદાજિત ૮૦૦થી વધુ દર્દીઓના વિવિધ પ્રકારના રોજના ૪૫૦૦ થી ૫૦૦૦ ટેસ્ટ કરવામાં આવે છે. ખાનગી લેબોરેટરીમાં પી.સી.ટી., ફેરિટીન જેવા એક રિપોર્ટ કરાવવાનો ભાવ રૂા.૧૪૦૦ થાય છે, જે અહીં દર્દીઓને વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. છેલ્લા માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન અંદાજિત ૩.૫૦ લાખ જેટલા રિપોર્ટ કરવામાં આવ્યા છે. મહત્ત્વની વાત તો એ છે કે, લેબમાં તૈયાર થતો રિપોર્ટ ડૉકટર પોતાના મોબાઈલમાં જોઈ શકે તે માટે ટેલિગ્રામ ચેનલ બનાવવામાં આવી છે. રિપોર્ટ તૈયાર થયાના ૧૦ સેકન્ડમાં દર્દીની સારવાર કરનાર ડૉકટર આ રિપોર્ટ પોતાના મોબાઈલમાં જોઈ શકે છે.

## નવી સિવિલની કોવિડ હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન

યુથ ફોર પીપલ્સ ટીમના ૨૦થી વધુ સ્વયંસેવકો દ્વારા સુરતની નવી સિવિલ હોસ્પિટલની બન્ને કોવિડ હોસ્પિટલની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હેઠળ મોટા પાયે સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમાં સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી પરેશ પટેલ, યુથ ફોર પીપલ્સ ટીમના રાહુલ ઠાકુર તથા સન્ની રાજપૂત દ્વારા દર્દીઓના સગા-સંબંધીઓને કોઈ અગવડતા ન પડે તે માટે પ્લાસ્ટિકના કચરા સહિત, ઝાડી ઝાંખરાનીની સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ વેળાએ પરેશ પટેલે સિવિલ હોસ્પિટલના અધિકારીઓને સ્વચ્છતાથી લઈ કોઈપણ બાબતે મુશ્કેલી જણાય તો કોર્પોરેશન દ્વારા તમામ સહયોગ પૂરો પાડવાની ખાત્રી આપી હતી.

## મુંબઈની મહિલા સુરતમાં બન્યાં કોરોનામુક્ત

મુંબઈના ભિવંડીમાં રહેતા ૫૩ વર્ષીય મોનિકાબહેન ભરતભાઈ



મોટા સુરતમાં સઘન સારવારથી કોરોનામુક્ત થયાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, મુંબઈની ખાનગી હોસ્પિટલમાં ઑક્સિજનની સુવિધા ન મળતાં સ્મીમેરમાં સમયસરની સારવાર મળી, જે વિચાર્યું ન હતું.



## કોરોના દર્દીનું મેન્ટલ સ્ક્રીનિંગ

કોવિડના શરૂઆતના તબક્કામાં ડોક્ટરનું ઓબ્ઝર્વેશન રહ્યું છે કે કોરોનાની બીમારી દર્દીના શરીરની સાથે મસ્તિષ્ક પર પણ અસર કરે છે. જેથી કેટલાક દર્દીઓમાં ન્યુરોલોજી અને સાયકિયાટ્રી સંબંધિત રોગોનાં લક્ષણો જોવા મળે છે, જેનું યોગ્ય સમયે સચોટ નિદાન અને સારવારની જરૂર હોય છે. આથી સ્મીમેર હોસ્પિટલ ખાતે કોરોના દર્દીની શારીરિક તપાસ સારવારની સાથે માનસિક સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવે છે. સાઈકિયાટ્રી વિભાગના ડૉક્ટરો દ્વારા મેન્ટલ હેલ્થ ચેકઅપ દરમિયાન દર્દીનું માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે એ માટે રોજબરોજ નિદાન કરીને કાઉન્સેલિંગ અને દવાઓ સાથેની સારવાર આપવામાં આવે છે

સ્મીમેરના સાયકિયાટ્રી વિભાગના વડા અને પ્રોફેસર ડૉ.પરાગ શાહ જણાવે છે કે, યોગ્ય સમયે માનસિક તણાવ, ચિંતાઓ અને ઉદાસીન લક્ષણોનું સચોટ નિદાન કરી યોગ્ય સારવાર આપવાથી દર્દી કોવિડની બીમારીનો સામનો કરવામાં સકારાત્મક વલણ અપનાવે છે. યોગ્ય કાઉન્સેલિંગ અને મોટિવેશનથી મોટાભાગના દર્દીઓમાં આ ચિંતા, તણાવ અને નકારાત્મકતા અને એકલતાનાં લક્ષણો ટૂંક સમયમાં ઓછા થઈ જતાં હોય છે. ●

# રંગીલું રાજકોટ લઇ રહ્યું છે રોજે રોજ કોરોના સામે ટક્કર

**કોરોનાને નાથવા રંગીલું રાજકોટ સુવ્યવસ્થિત આયોજનથી આગળ વધી રહ્યું છે. રાજકોટનાં 11 ગામોમાં હજી સુધી કોરોના પ્રવેશી શક્યો નથી. તો કોવિડના દર્દીઓ પ્રાર્થના, પુસ્તકો અને આરોગ્ય કર્મીઓનો સધિયારો મળતાં વધુ ઝડપથી સાજા થઇ રહ્યાં છે. સાથેસાથે યુવાઓએ રસીકરણ કેન્દ્રો ઉપર પહોંચી રસી લઇ જાગૃતિ દર્શાવી છે. જ્યારે સમાજસેવી સંસ્થાઓ અને ઉદ્યોગગૃહો પણ કોવિડની સ્થિતિને પહોંચી વળવામાં સરકારી તંત્રને સહાય કરી રહ્યાં છે. આમ રાજકોટ રોજ કોરોનાને મા'ત આપી રહ્યું છે.**

## ૧૧ ગામો કોરોના સંક્રમણથી મુક્ત

કોરોનાના કપરા કાળમાં રાજકોટ જિલ્લાનાં ૧૧ ગામો એવા છે કે જ્યાં હજુ સુધી કોરોના પ્રવેશી શક્યો નથી. રાજકોટ જિલ્લામાં કોરોના સંક્રમણને દૂર રાખવામાં સફળ રહેલાં આ ૧૧ ગામોમાં રાજકોટ તાલુકાના ગુંદાળા, લોધિકા તાલુકાના જસવંતપુર અને તરવડા, કોટડા તાલુકાના દેવળિયા, ખોખરી (જૂની) અને ખોખરી (નવી), વિંછીયા તાલુકાના ખારચીયા (જસ), ધોરાજી તાલુકાના વેલારીયા અને ઉપલેટા તાલુકાના જૂના કલારીયા તથા ગાધા ગામોનો સમાવેશ થાય છે.



## આરોગ્ય કર્મચારીઓની આત્મીયતાથી સાજા થતાં દર્દીઓ

"કેમ છો કાકા મજામાં, કાંઇ તકલીફ તો નથી ને ? કામ હોય તો ખાલી હાથ હલાવી ઈશારો કરજો એટલે હાજર", "લાવો બા તમારા વાળમાં મસાજ કરી ઓળી આપું.""એમ ન ચાલે થોડું તો ખાવું જ પડશે"આવા લાગણીભીનાં દૃશ્યો અને શબ્દો આપણને કોઈ આત્મીય પરિવારના હોય તેવી પ્રતીતિ થાય. પણ ના, આ આત્મીયતાપૂર્વકનાં લાગણીભીનાં દૃશ્યો અને સંવાદો છે રાજકોટની સિવિલ કોવિડ-૧૯ હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ ખાતે કોરોના દર્દીઓની સારવારમાં સેવારત કોરોના વોરિયર્સ એવા સ્ટાફ નર્સ, એટેન્ડન્ટ અને કોરોના દર્દીઓ વચ્ચેના. રાજકોટના શિક્ષક શ્રી યોગીતાબહેને ચાવડા આ બાબતની સાક્ષી પુરાવતા જણાવ્યું હતું કે, તેમના સાસુ શ્રી ભાનુબહેનને ઑક્સિજન લેવલ ઓછું થતા રાજકોટ સિવિલ બાદ કેન્સર હોસ્પિટલમાં સારવાર અપાઇ હતી. બંને સ્થળે આરોગ્ય કર્મીઓના માયાળુ વર્તને તેમને ઝડપથી સાજા કરી દીધાં.

## રાજકોટમાં ૪૮ કેન્દ્રો પર રસીકરણ

રાજકોટમાં ૪૮ કેન્દ્રો પરથી શરૂ થયેલા વૅક્સિનેશનમાં યુવાઓમાં જાગૃતિ જોવા મળી હતી. નંદનવન આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.વિકાસ ચાવડાએ જણાવ્યું હતું કે, ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવનારને રસી અપાઇ રહી છે. રાજકોટ શહેરના ૨૦ વર્ષના શ્રી ઋષિત કલ્યાણીએ રસીકરણ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે આ વૅક્સિનની કોઇ જ આડઅસર નથી. એટલું જ નહીં વૅક્સિન સંપૂર્ણ સ્વદેશી હોવા સાથે કોરોનાથી બચાવ માટે અસરકારક છે. રાજકોટના તમામ સુનિશ્ચિત કરેલા સ્થળોએ ૧૮ થી વધુ વયજૂથના અને તેમાંય ખાસ કરીને યુવાઓની કતાર વૅક્સિનેશન માટે જોવા મળી હતી.

## અમે ગુજરાતી લહેરી લાલા... કોવિડ સેન્ટરમાં ગુંજ્યાં ગીત

ઑક્સિજનના માસ્ક પહેર્યા હોઈ અને દર્દી પલંગ પર બેસી ગીત સંગીતના તાલે ઝૂમે એ ગુજરાતમાં જ શક્ય છે. લહેરી લાલા ગુજરાતીઓને રાજકોટના સમરસ કોવિડ કેર સેન્ટર ખાતે એમ.એસ.ડબ્લ્યુ.ની કાઉન્સેલિંગ ટીમના સભ્યો રોજબરોજ આવી થેરાપી આપી હળવા ફૂલ રાખે છે. નીલધારા રાઠોડ (સાઈકિયાટ્રીક સોશિયલ વર્કર) અને એમ.એસ. ડબ્લ્યુ.ના વિદ્યાર્થીઓની ટીમ દર્દીઓની સારસંભાળ રાખે છે. એક પારિવારિક હૂંફ પૂરી પાડવાનું કામ આ ટીમ કરી રહી છે. દર્દીઓને વાંચવા માટે પુસ્તકો પણ આપવામાં આવ્યાં છે.



## ''સ્વાસ્થ્ય પ્રાર્થના''



''હું સાજો થઈ ગયો છું, હું સ્વસ્થ થઈ ગયો છું, મારી જે પણ તકલીફો છે તે દૂર થવાની દિશામાં જઈ રહી છે. દરેક ક્ષણ અને દરેક દિવસે મારું શરીર તંદુરસ્ત થતું જાય છે.'' આવા હકારાત્મકતાથી ભરેલા શબ્દોરૂપી માળાની બનેલી ''સ્વાસ્થ્ય પ્રાર્થના''ના પત્રો રાજકોટની કેન્સર કોવિડ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને વિતરણ કરવા સાથે તેનું વાંચન પણ કરાયું હતું. આ બાબતે ડૉ ચિરાગે જણાવ્યું હતુ કે, દર્દીઓને ક્યારેક શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય, તેઓ બોલી શકતા ન હોય તેવા સંજોગોમાં દર્દીઓને અમારા રેસિડન્ટ ડૉકટરો, આયુષ સ્ટુડન્ટો, એટેન્ડન્ટ સ્ટાફ અને એમ.એસ.ડબલ્યુ.ના લોકો દ્વારા દરરોજ સવારે આ પ્રાર્થના સંભળાવવામાં આવશે. જેનાથી દર્દીઓ શારીરિકની સાથે માનસિક રીતે પણ મજબૂત બની શકશે.

## સમાજસેવી સંસ્થાઓ અને ઉદ્યોગગૃહોનો સાથ

સમરસ હોસ્ટલમાં કાર્યરત કોવિડ હોસ્પિટલમાં દાખલ થયેલા કોરોના દર્દીઓમાં હકારાત્મક વિચારો દર્શાવતા પુસ્તકોનું વાંચન, મ્યુઝિક થેરાપી જેવા અનેક ઉપાયો પ્રયોજાઇ રહ્યાં છે. આ કાર્યમાં વહીવટીતંત્રને સમાજસેવી સંસ્થાઓ અને સ્થાનિક ઉદ્યોગગૃહોનો પણ સાથ મળી રહ્યો છે. રાજકોટ સ્થિત શક્તિમાન ગ્રૂપના એલ.સી. ગોહિલ મેમોરિયલ ફાઉન્ડેશન ટ્રસ્ટની શ્રી હસમુખસિંહ ગોહિલે રૂા. ૬.૫ લાખના ખર્ચે સમરસ હોસ્પિટલના કોવિડ કેર સેન્ટર ખાતે અદ્યતન સાઉન્ડ સિસ્ટિમ ફીટ કરાવી આપી છે. આ સુવિધા ઉપલબ્ધ થવાથી નવમાળની બિલ્ડિંગમાં દર્દીઓની દેખરેખ, કોમ્યુનિકેશન તથા મ્યુઝિક થેરાપી જેવી કામગીરી સૂપેરે નિભાવી શકાશે.



## વેસ્ટ ઝોન કચેરીના વેક્સિનેશન કેન્દ્રમાં અજાણ્યા દાતાની મદદ

રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન કચેરી ખાતે ચાલી રહેલા રસીકરણ કેન્દ્રમાં ૪૫ વર્ષથી મોટી ઉમરના લોકો માટે એક દાતા દ્વારા પીવાના પાણીની બોટલ ભેટ રૂપે આપી રસી સાથોસાથ તરસ પણ છિપાય તે માટે નમૂનારૂપ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી રહી છે. અહીંના સુપરવાઈઝર મહેશભાઈના જણાવ્યા મુજબ દાતા દ્વારા રસીકરણ માટે રોજે-રોજ આવતા વડીલોને વેઈટિંગ લોન્જમાં પીવાના પાણી માટે દૂર ન જવું પડે તે માટે તેમને બેઠા હોય ત્યાં જ સ્ટાફ દ્વારા પાણીની બોટલ ઉલપબ્ધ કરાવાય છે.

## ઓક્સિજન ફેસિલિટી સાથેના બેડની સુવિધા

રાજકોટ શહેર માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૦૦૨ બેડ ઉપર ઑક્સિજન ફેસિલિટી ઊભી કરાવવાનું સૌથી મહત્ત્વનું કામ થયું છે. આ વિભાગ દ્વારા રાજકોટની સમરસ બોયઝ હોસ્ટેલમાં ૭૫૨ બેડ સુધીની ઓક્સિજન ફેસિલિટી ખૂબ જ ટૂંકા ગાળામાં ઊભી કરાવાઇ છે તો સમરસની ગર્લ્સ હોસ્ટેલમાં પાંચેક દિવસથી ૨૫૦ બેડ ઉપર ઓક્સિજન ફેસિલિટી ઊભી કરવાનું કામ પૂર્ણ થવામાં જ છે, તેમ કાર્યપાલક ઇજનેર શ્રી નિતેષ કામદારે જણાવ્યું હતું. આસી. એન્જિનિયર શ્રી પારસભાઇ કોઠિયા કહે છે કે, સમરસની બોયઝ હોસ્ટેલના એ, બી, સી, ડી વિંગના બિલ્ડિંગના ચાર-ચાર માળમાં ૭૫૨ અને ગર્લ્સ હોસ્ટેલના સી અને ડી વિંગના બિલ્ડિંગમાં ચાર-ચાર માળે ૨૫૦ બેડમાં ઑક્સિજનની પાઇપલાઇન ફીટ કરાઇ છે. પાઇપલાઇનના મેન્ટેનન્સ માટે અમારા પ્લમ્બર, મિસ્ત્રીઓ રાઉન્ડ ધ ક્લોક અહીં ફરજ બજાવે છે. જેથી પાઇપ લાઇનનું રિપેરિંગ કામ ઝડપથી થઇ શકે. પાઇપલાઇનમાં બરફ ન જામે તેની તકેદારી રાખવાની હોય છે. આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ દ્વારા પાંચ દિવસના ટૂંકા ગાળામાં એ,બી,સી,ડી વિંગના બિલ્ડિંગોમાં નેટ પણ નખાવવામાં આવી હતી. ●



કિશોરભાઇ જિકાદરા

# સહિયારા પુરુષાર્થથી કોરોના સામેનો જંગ જીતીશું

કોરોના મહામારી સામેના જંગમાં સરકારની સાથે સમાજના પ્રત્યેક સમૂહે પણ સક્રિય બનીને જોડાય તે મહત્ત્વનું છે. એકબીજાના સુખ દુઃખમાં સહયોગી બનવાની ભાવનાથી આપણે કોરોના સામેનો જંગ જીતી શકીશું. તાજેતરમાં પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો અને રિજનલ આઉટરીચ બ્યુરોના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા એક વેબિનારમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ઉપસ્થિત મહાનુભાવોને માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું.




રાજભવન રાઈઝીસ ઈન કોરોના ક્રાઈસીસ વિષયક વેબિનારમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આ મહામારીના કાળમાં રાજભવન પણ સેવાયજ્ઞના માધ્યમથી જોડાયેલું છે. જરૂરતમંદો સુધી બધા પ્રકારની ચીજ વસ્તુઓ- કિટ પહોચાડવામાં આવી રહી છે. આ સાથે, રાજ્યપાલશ્રીએ અપીલ કરતાં જણાવ્યું હતું કે આપણે બધાએ કોવિડનાં નિયમોનું પાલન કરી, ભીડમાં જવાનું ટાળવું જોઈએ, માસ્ક અવશ્ય પહેરવું જોઈએ અને સ્વચ્છતાના આગ્રહી બનવું જોઈએ.

આ વેબિનારમાં પ્રેસ ઈન્ફોર્મેશનનાં પશ્ચિમ ક્ષેત્રના ડાયરેક્ટર શ્રી મનીષ દેસાઈએ કોરોના સંક્રમણને ખાળવા સંચાર માધ્યમો અને સોશિયલ મીડિયાની ભૂમિકા સમજાવી હતી. આ વેબિનારમાં ગુજરાત પ્રદેશનાં એડીજી ડો. ધીરજ કાકડિયા, વરિષ્ઠ પત્રકારો સર્વ શ્રી પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, અજય ઉમટ, ભવેન કચ્છી, મહેશ લીલોરિયા, અનિલ દાસાણી, રૂચિર રેશમવાળા તથા ડૉ. શિરીષ કાશીકરે જોડાઈને ઉપરોક્ત વિષય પર વિચાર વિમર્શ કર્યો હતો. ●

# કોરોના કામગીરી અંગે અમદાવાદના તંત્રવાહકો સાથે શિક્ષણમંત્રીશ્રીનો સંવાદ

કોરોના વાઈરસનું સંક્રમણ વધતું અટકે અને ગ્રામીણ વિસ્તારો પણ સુરક્ષિત રહે તે માટે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અમદાવાદ જિલ્લાના ૯ તાલુકા-નગરપાલિકાના પ્રમુખ, સદસ્યો, સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા સદસ્યો સાથે કોરોના સંદર્ભે થતી કામગીરીની સમીક્ષા બેઠક જિલ્લા પંચાયત ખાતે યોજી હતી.



શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, દરેક ગામના સરપંચ પોતાના ગામમાં સંકલ્પ કરાવે કે કોઈપણ વ્યક્તિ ઘરની બહાર નીકળે ત્યારે માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધૂએ તેમજ એકબીજાથી છ ફૂટનું અંતર જરૂર રાખે અને સંક્રમણથી બચે. અમદાવાદ જિલ્લામાં કામગીરી ખૂબ વધારે સારી રીતે બજાવવામાં આવી રહી છે. ૧૫ મી માર્ચે કોવિડના બેડની સંખ્યા ૩૦૦ હતી જે વધારીને ૧૬૦૦ની કરવામાં આવી છે. બધા તાલુકાઓમા અને જિલ્લામાં સરકારી PHC -CHC ઉપરાંત રાજ્ય સરકારની યોજના મુજબ ખાનગી હોસ્પિટલોને પણ ડેઝિગ્નેટેડ કરવામાં આવી છે. ●

# ગીર સોમનાથમાં કોવિડ અંગે સમીક્ષા બેઠક યોજતા મંત્રી શ્રી ચાવડા




પ્રવર્તમાન કોવિડ-૧૯ની સ્થિતિ અને આરોગ્યતંત્ર દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં થયેલી કામગીરી સંદર્ભે તાજેતરમાં પ્રવાસન અને મત્સ્યદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી અજયપ્રકાશે જિલ્લામાં કોવિડ-૧૯ અંતર્ગત થતી કામગીરીથી મંત્રીશ્રીને વાકેફ કર્યા હતા. આ પ્રસંગે મંત્રી શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે, ઑક્સિજન અને રેમડેસિવિર ઇન્જેક્શન સહિતના ઉપલબ્ધ સંસાધનોના સુનિયોજિત ઉપયોગ દ્વારા શહેર-જિલ્લાના નાગરિકોને સમયસર સારવાર ઉપલબ્ધ થાય ઉપરાંત સિવિલ હોસ્પિટલ અને કોવિડ કેર સેન્ટરમાં સારવાર હેઠળના દર્દીઓને ઉપયુક્ત સારવાર મળે તે માટે કામગીરીને વધુ વેગવાન બનાવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, કોરોનાનું સંક્રમણ અટકાવવા રાજ્ય સરકાર આરોગ્યક્ષેત્રે સંવેદનશીલતા સાથે પ્રયત્નશીલ છે અને લોકોને કોરોનામુક્ત રાખવા તેમજ સારવાર ઉપલબ્ધ કરવા પ્રમાણિક પ્રયાસો કરી રહી છે.

આરોગ્ય અધિકારી શ્રી ભાયાએ કોવિડ-૧૯ ના સંક્રમણને અટકાવવા અને દર્દીઓની સારવાર સુવિધાઓ અંગે માહિતગાર કર્યા હતા. શહેર પ્રશાસન અને જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કોરોના વાઇરસ સંક્રમણને નિયંત્રણમાં લાવવા અને લેવામાં આવી રહેલાં પગલાં, ડોર-ટુ-ડોર સર્વેલન્સ, ટેસ્ટિંગ, રેમડેસિવિર ઇન્જેક્શન અને ઑક્સિજનની ફાળવણીની વ્યવસ્થા સહિતની કામગીરીની વિગતો આપી હતી. ●

## અમદાવાદના સરસપુરમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરાયું

અમદાવાદના સરસપુર વિસ્તારમાં સંત કબીર કોવિડ કેર સેન્ટરનો આરંભ કરાવતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોવિડ મહામારી સામે વિજય પ્રાપ્ત કરવા માટે ગુજરાત કટિબદ્ધ છે.

કોવિડ કેર સેન્ટરના લોકાર્પણ પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા કોવિડના સંક્રમણને નિયંત્રિત કરવા માટે લેવાઈ રહેલા સંખ્યાબંધ પગલાંઓની વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યભરમાં ૧૫ માર્ચે માત્ર ૪૫ હજાર પથારી ઉપલબ્ધ હતી, જે આજે વધીને એક લાખે પહોંચી છે. આમ, નાગરિકોને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર શક્ય તમામ પ્રયાસો કરી રહી છે. કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે આ આઇસોલેશન સેન્ટર આશીર્વાદરૂપ બની રહેશે.

સંત કબીર કોવિડ કેર સેન્ટરમાં ૩૦ ઑક્સિજન બેડ અને ૨૦ સામાન્ય બેડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ હોસ્પિટલમાં રાઉન્ડ ધ ક્લોક તબીબ, નર્સિંગ સ્ટાફ, કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવામાં તહેનાત રહેશે. સારવાર મેળવી રહેલા દર્દીઓને ભોજનની તમામ વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. ●



## ભરૂચ કોવિડ હોસ્પિટલની મુલાકાત લેતા સહકાર મંત્રીશ્રી



ભરૂચની પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલની ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા અને સહકાર રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે મુલાકાત લઇ આરોગ્યલક્ષી કામગીરીની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલ અને સરકારી ઇજનેરી કોલેજ સ્થિત ગર્લ્સ હોસ્ટેલ કોવિડ કેર સેન્ટરની મુલાકાત લઈ ઉપલબ્ધ સારવાર સુવિધાઓ અને આરોગ્યલક્ષી જાણકારી મેળવીને આરોગ્ય તંત્રની કામગીરીની સમીક્ષા કરી હતી. અહીં મળતી આરોગ્યલક્ષી સુવિધા અને સારવાર અંગે તેમણે જરૂરી સૂચનો કર્યાં હતાં.

મુલાકાત દરમિયાન સિવિલ હોસ્પિટલમાં ડૉ. અભિનવ શર્મા અને ગર્લ્સ હોસ્ટેલ કોવિડ કેર સેન્ટર ખાતે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ જિતેશ પરમારે આરોગ્ય સુવિધાઓ અંગે જિલ્લા પ્રભારી મંત્રીશ્રીઓને માહિતગાર કર્યા હતા. ●

## કચ્છને મળી ૧૦ નવી ૧૦૮ એમ્બ્યુલન્સ



કોરોનાની મહામારીમાં આરોગ્ય સુવિધાને વધુ સક્ષમ બનાવવા કચ્છને ૧૦ નવી 108 એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. જેનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રી શ્રી વાસણભાઇ આહિરે લોકાર્પણ કર્યું હતું. સાથેસાથે તમણે કોરોનાની કામગીરીની સમીક્ષા બેઠક પણ યોજી હતી.

કચ્છને ૧૦ નવી ૧૦૮ એમ્બ્યુલન્સ મળતાં કચ્છનું આરોગ્ય તંત્ર વધુ મજબૂત બન્યું છે. લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે તેમ મંત્રીશ્રી આહિરે જણાવ્યું હતું. ધારાસભ્ય સર્વ શ્રી નીમાબહેન આચાર્ય, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી માલતીબહેન મહેશ્વરી સહિત સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ ઉપયોગી સૂચન કર્યાં હતાં.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કચ્છમાં ભૂજ સમરસ હોસ્પિટલ,અંજાર એસડીએમ, લીલાસા આદિપુર, માંડવી એસડીએમ તેમજ ગાંધીધામ એસડીએમ ખાતે એમ પાંચ જગ્યાએ ઑક્સિજન પ્લાન્ટ શરૂ કરવામાં આવી રહ્યા છે ઉપરાંત કચ્છ મેડિકલ ઑક્સિજન ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનશે તેવું વધુમાં જણાવ્યું હતું. ●

## રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જામનગરમાં તબીબો અને આરોગ્યકર્મી સાથે કર્યો પ્રત્યક્ષ સંવાદ



કોરોનાની સર્વગ્રાહી સમીક્ષા માટે જામગરમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જી. જી. હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓ તથા ડૉક્ટરો સાથે જિલ્લાની કોવિડ સ્થિતિની વિશેષ ચર્ચા કરી હતી. રાજ્યમંત્રીશ્રીએ જામનગરની જનતાને કહ્યું હતું કે, જનપ્રતિનિધિઓ જામનગરની જનતાની સાથે ઊભા છે. હોસ્પિટલની વ્યવસ્થામાં કોઈ ઉણપ આવવા દેવામાં આવશે નહીં, પરંતુ આ સમયે માત્ર જામનગરવાસીઓના સાથની જરૂર છે.

સમીક્ષા બેઠકમાં મંત્રીશ્રીએ દાખલ દર્દીઓની સંખ્યા તથા તેમની સ્થિતિ, હોસ્પિટલમાં ઑક્સિજનની જરૂરિયાત તથા તેની સ્થિતિ, રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂરિયાત તથા માંગ, આવશ્યક દવાઓની જરૂરિયાત, મેડિકલ-પેરામેડિકલ સ્ટાફની ફાળવણી અને રાત્રિ દરમિયાન દાખલ દર્દીઓની વિશેષ કાળજી સહિતના મુદ્દે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી તેમજ મંત્રીશ્રીએ હોસ્પિટલના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆતો તથા સૂચનો ધ્યાનથી સાંભળ્યાં હતાં અને સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરાશે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ આ તકે તમામ આરોગ્યકર્મીઓની રાત-દિવસની સતત મહેનત અને સેવાને બિરદાવી હતી. ●

## ભાવનગરમાં કોરોનાના દર્દીઓ સાથે શિક્ષણ રાજ્યમંત્રીશ્રીનો સંવેદનાસભર સંવાદ

ભાવનગરમાં સર તખ્તસિંહજી હોસ્પિટલ અને લેપ્રસી હોસ્પિટલ ખાતે કોરોનાના દર્દીઓની સારવાર ચાલી રહી છે. શિક્ષણ રાજ્ય મંત્રી સુશ્રી વિભાવરીબહેન દવેએ ભાવનગરના યુવરાજ જયવીરરાજસિહ સાથે લેપ્રસી હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લઇ સુવિધાઓ-સગવડોની સ્થળ સમીક્ષા કરી હતી. મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ કોરોના માટે ખાસ પાંચ ૧૦૮ વાહનોનું લોકાર્પણ પણ કર્યું હતું.



મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું કે, લેપ્રસી હોસ્પિટલ કુદરતી વાતાવરણ વચ્ચે આવેલી છે, ત્યારે દર્દીઓને વધુ સારો ઑક્સિજન મળશે.કુદરતી ઑક્સિજન મળવાથી તેમના સાજા થવાનો દર પણ વધુ રહેશે. ૧૩૦ થી ૧૩૫ બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે. મંત્રીશ્રીએ કોવિડ વેન્ટિલેટર વોર્ડમાં સારવાર લઇ રહેલાં દર્દીઓની રૂબરૂ મુલાકાત કરી તેમનાં ખબરઅંતર પૂછયાં હતાં.

ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહે આ મુશ્કેલ સમયમાં કોરોના વોરિયર્સ જે રીતે કાર્ય કરી રહ્યા છે તેમના કાર્યને સલામ કરું છું. તમે લોકો છો તો.. અમે છીએ.. તેવો ભાવ વ્યક્ત કર્યો હતો. ●

## કોવિડની સાધન - સામગ્રી પરનો IGST રાજ્ય સરકાર ભોગવશે



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણ તેમજ કોરોનાગ્રસ્તોની સારવાર માટે ઉપયોગમાં લેવાતી વિદેશી સાધન-સામગ્રીની આયાત પર લાગતો આઇ.જી.એસ.ટી વેરો રાજ્ય સરકાર ભોગવશે તેવો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર જો કોઇ સ્વૈચ્છિક સંગઠનો, કોર્પોરેટ કંપનીઓ કે વ્યક્તિઓ મેડિકલ ઑક્સિજન, ઑક્સિજન સિલિન્ડર, ઑક્સિજન પ્લાન્ટ, ઑક્સિજન ફિલિંગ સિસ્ટિમ, ઑક્સિજન સ્ટોરેજ ટેન્ક, ઑક્સિજન જનરેટર, ક્રાયોજેનિક રોડ ટ્રાન્સપોર્ટ ટેન્ક વગેરે અને આ સાધનો બનાવવામાં વપરાતા પાર્ટ્સ, વેન્ટિલેટર્સ, વૅક્સિન, રેમડેસિવિર ઇન્જેક્શન અને તે બનાવવામાં વપરાતી સામગ્રી વગેરે વિદેશથી આયાત કરીને રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર સંચાલિત હોસ્પિટલો અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્પિટલો અથવા રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોય તેવી હોસ્પિટલ/ સંસ્થાઓને વિનામૂલ્યે આપે તો તેના પર લાગતો આઇજીએસટી વેરો રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવશે અને તેનું ભારણ આયાતકાર પર આવશે નહિ.

શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં કોવિડ-19 કેસોની સંખ્યામાં અચાનક ઘણો વધારો થવાથી અને આ સંક્રમણમાં રોગની તીવ્રતાને કારણે મેડિકલ ઑક્સિજન અને તે સંબંધિત સાધનો, વેન્ટિલેટર્સ, વૅક્સિન, દવાઓ વગેરેની માંગમાં થયેલા વધારાના સંજોગો ધ્યાને લેતાં મોટી સંખ્યામાં કોર્પોરેટ કંપનીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓ રાજ્ય સરકારને આવી સામગ્રી અને સંલગ્ન સાધનોની મદદ પૂરી પાડવા આગળ આવ્યા છે. ત્યારે આવી કોર્પોરેટ કંપનીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવા આ સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે.●



## રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડમાં 40 ટકાનો વધારો



કોરોનાના કપરા કાળમાં જીવના જોખમે દર્દીઓની સેવા - શુશ્રૂષામાં જોડાયેલા રાજ્યના રેસિડેન્ટ તબીબો માટે સંવેદનશીલ અને નિર્ણાયક સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના સંક્રમિત નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાનો વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

દર ત્રણ વર્ષે રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડમાં વધારો કરવામાં આવે છે તે પ્રમાણે સ્ટાઈપેન્ડમાં વધારો કરવાની જુનિયર ડૉક્ટર્સ એસોસિયેશન સાથે નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચા કરી રાજ્યના હજારો કોરોનાના દર્દીઓની સારવારમાં વધુ કાળજી લેવાય તે માટે હકારાત્મક વિચારણાને કરી સરકારી અને જી. એમ.ઇ.આર.એસ. કોલેજોના રેસિડેન્ટ તબીબોના હાલના સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાનો વધારો કરી સ્ટાઈપેન્ડ વધારવાની મંજૂરી આપી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ લેવામાં આવેલા આ નિર્ણય થકી રાજ્ય સરકારની કોલેજોના મેડિકલ, ડેન્ટલ, હોમિયોપેથી, આયુર્વેદિક અને ફિઝિયોથેરાપીના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન, અનુસ્નાતક અભ્યાસક્રમના ડિગ્રી, ડિપ્લોમા તેમજ સુપર સ્પેશ્યાલિટીના તથા જી.એમ.ઇ.આર.એસ. ના રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડમાં વધારો થશે. રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકા વધારો કરવાના આ નિર્ણયથી રાજ્ય સરકારને વાર્ષિક રૂ. ૧૦૦ કરોડનું આર્થિક ભારણ થશે.

શ્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, આ નિર્ણયથી સરકારી કોલેજોના ૫૭૬૭ તથા જી.એમ.ઇ.આર.એસ. કોલેજોના ૬૩૪ રેસિડેન્ટ તબીબો મળી કુલ-૬૪૦૧ રેસિડેન્ટ તબીબોને હાલના મળતા સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાનો વધારો તા. ૧ લી એપ્રિલ, ૨૦૨૧ થી આપવામાં આવશે. ●

# જન્મ- મરણની નોંધણી પ્રક્રિયા ઓનલાઇન

રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં નાગરિકોને જન્મ-મરણનું પ્રમાણપત્ર સરળતાથી મળી રહે અને આવું પ્રમાણપત્ર મેળવવા માટે નોંધણી કચેરીઓમાં રૂબરૂ જઈ લાઈનમાં ઊભા ન રહેવું પડે તેવા આશયથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને સૂચના મુજબ ગુજરાત સ્થાપના દિવસથી રાજ્ય સરકારે જન્મ-મરણની નોંધણી પ્રક્રિયા ઓનલાઈન કરી છે. નાગરિકો ઓનલાઇન નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયે મળેલ એસએમએસ લિંક મારફત જન્મ-મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકશે.

આ અંગે વધુ વિગતો આપતા આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં નાગરિકોને જન્મ-મરણનાં પ્રમાણપત્ર માટે લાઈનમાં ઊભા રહેવું ન પડે તે માટે એસએમએસ લિંક મારફતે જન્મ-મરણના પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય તે માટેની વ્યવસ્થા ટૂંક સમયમાં અમલી બનાવવાનું મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીમાં નક્કી કરવામાં આવ્યું હતું. જે અંગેની સુવિધા ગુજરાત સ્થાપના દિવસથી એટલે કે તા.૦૧/૦૫/૨૦૨૧થી ચાલુ કરવામાં આવી છે. જે મુજબ નોંધણી વખતે રજૂ કરવામાં આવેલ મોબાઇલ નંબર કે અરજી નંબર દાખલ કરવાથી કોમ્પ્યૂટરાઈઝ્ડ બારકોડ અને ક્યુઆર કોડ સાથેનું જન્મ કે મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે. ઈ-ઓળખમાં કાર્યરત હોસ્પિટલો જ્યારે જન્મ-મરણના બનાવનો રિપોર્ટ ઓનલાઈન કરે ત્યારે તથા રજિસ્ટ્રાર બિન સંસ્થાકીય બનાવની નોંધણી કરે ત્યારે સંબંધિતનો મોબાઇલ નંબર અવશ્ય દાખલ કરે કે જેથી કરીને આ વ્યવસ્થાનો મહત્તમ લાભ નાગરિકો લઈ શકે. ●

## સામૂહિક આરોગ્ય કેન્દ્રો પર ઑક્સિજન પ્લાન્ટ ઉભા કરવા સર્વેની કામગીરીનો આરંભ

રાજ્યના એકપણ દર્દીને ઑક્સિજનની ઘટનો સામનો કરવો ન પડે અને રાજ્યની તમામ હોસ્પિટલોમાં જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં ઑક્સિજનનો જથ્થો મળી રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા અનેક સ્થળે ઑક્સિજન પ્લાન્ટ ઉભા કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના ૩૪૮ સીએચસી (સામૂહિક આરોગ્ય કેન્દ્ર) સેન્ટર પર ઑક્સિજન પ્લાન્ટ ઉભા કરવા માટે સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોરકુમાર કાનાણીએ જણાવ્યું હતુ

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર નાગરિકોને સર્વોત્તમ સારવાર આપવા માટે કટિબદ્ધ છે અને આરોગ્યની બાબતમાં સહેજ પણ કચાશ ન રહે તે સરકારની પ્રાથમિકતા છે. કોરોના સામે જીત મેળવવા તથા કોરોનાના કપરાકાળમાં રાજ્યના નાગરિકોને ત્વરીત સારવાર પૂરી પાડવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ દરરોજ કોર ગ્રુપ કમિટીની બેઠક મળે છે જેમાં આરોગ્યહિતલક્ષી નિર્ણયો લેવામાં આવે છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં ઑક્સિજનની જરૂરીયાત વાળા દર્દીઓ માટે માર્ચ સુધીમાં એટલે કે કોરોનાની પ્રથમ લહેરમાં ૧૫૦ મેટ્રીક ટનની જરૂરિયાત રહેતી હતી જે આજે બીજી લહેરમાં ૧,૧૫૦ મેટ્રીક ટન સુધી પહોંચી છે. રાજ્ય સરકારે જરૂરિયાતમંદ દર્દીઓ સુધી સમયસર ઑક્સિજન પહોંચાડવા સંપૂર્ણ પ્રયત્નો કર્યા છે અને સરકાર તેમાં સફળ પણ થઇ છે. હજુ કોરોનાની ત્રીજી લહેર આવશે તેવું નિષ્ણાતોનું માનવુ છે ત્યારે રાજ્ય સરકારે તે પરિસ્થિતિને પણ પહોંચી વળવા માટે આગોતરી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ●

## અંતિમધામના કર્મચારીઓને કોરોના વોરીયર્સ ગણવાનો મહત્વનો નિર્ણય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના સ્મશાનગૃહોમાં મૃતદેહોના અંતિમ સંસ્કારની સેવા કામગીરી કરતાં અદના કર્મચારીઓ સહિત સ્મશાનગૃહના કર્મચારીઓને કોરોના વોરીયર્સ ગણવાનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે. પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં સ્મશાનગૃહમાં કામ કરતાં કર્મચારીઓને તેમની કપરી સેવા- કામગીરીને ધ્યાનમાં રાખી એક મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કોર કમિટીની બેઠકમાં કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્મશાનગૃહના આવા કર્મચારીઓને કોરોના વોરિયર્સ ગણીને તેમને પણ રાજ્ય સરકાર દ્વારા કોરોના વોરિયર્સને મળવાપાત્ર તમામ લાભ તારીખ 1 એપ્રિલ 2020ની અસરથી આપવાનો નિર્ણય કર્યો છે

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અદના કર્મચારીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને એવો પણ નિર્ણય કર્યો છે કે સ્મશાનગૃહમાં ફરજ બજાવતા આવા કોઈ કોઈ કર્મચારીનું કોરોનાને કારણે અવસાન થાય તો તેમના પરિવાર-વારસદારોને રૂપિયા 25 લાખની સહાય પણ રાજ્ય સરકાર આપશે. ●

# કોરોનાની સારવારનાં સાધનો માટે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ ફાળવાશે

વિશ્વવ્યાપી મહામારી કોરોના કોવિડ-19ના સંક્રમણને રાજ્યમાં અટકાવવા તેમજ તેની સારવાર માટે અદ્યતન સાધનો-મશીનો ખરીદવા હવે રાજ્યના ધારાસભ્યોશ્રીઓએ પોતાની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખની રકમ ફરજિયાત ફાળવવાની રહેશે.

શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટિની બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર રાજ્યના જનપ્રતિનિધિઓએ આ રકમમાંથી સિવિલ હોસ્પિટલો, અન્ય સરકારી હોસ્પિટલો, દવાખાનાઓ તેમજ મહાનગરપાલિકા-નગરપાલિકા સંચાલિત હોસ્પિટલો દવાખાનાઓમાં કોરોના-19ની પ્રવર્તમાન સ્થિતિમાં તેની સારવાર-નિયંત્રણનાં અદ્યતન સાધનો-મશીનો ખરીદવા માટે ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખ ફરજિયાત ફાળવવાના રહેશે.

અગાઉ ધારાસભ્યો પોતાની આવી ગ્રાન્ટનો ઉપયોગ પોતાના મતક્ષેત્રમાં આરોગ્ય સાધનોની ખરીદી માટે કરતા હતા તે હવે, પ્રવર્તમાન કોવિડ-19ની સ્થિતિમાં પોતાના જિલ્લાની સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ માટે પણ કરી શકશે. એટલું જ નહિ, ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ જે સેવાભાવથી અને નહિ નફો નહિ નુકશાનના ધોરણે ચાલતી હોય તેવી હોસ્પિટલો માટે પણ કોવિડ-19ની સ્થિતિમાં રૂ. ૫૦ લાખની મર્યાદામાં ટ્રસ્ટના ફાળા વિના ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી અદ્યતન સાધન-સામગ્રીની ખરીદી થઇ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ એવો ઉદાત્ત અભિગમ પણ અપનાવ્યો છે કે, સરકારી-સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સંચાલિત હોસ્પિટલ-દવાખાનાની જરૂરિયાતોને ધ્યાનમાં લઇને આ જરૂરિયાત અનુસાર ધારાસભ્ય ગ્રાન્ટમાંથી ફાળવવાની થતી રકમ માટે કોઇ પણ રકમની મર્યાદા લાગુ પડશે નહીં.

ધારાસભ્યશ્રીઓની ઓછામાં ઓછી રૂ. ૫૦ લાખની આ ગ્રાન્ટમાંથી જે સાધન-સામગ્રી કોવિડ-19 સંક્રમણ નિયંત્રણ અને સારવાર માટે ખરીદી શકાશે તેમાં ઑક્સિજન કોન્સન્ટ્રેટર- ૧૦ લીટર, હાઈ ફ્લો ઑક્સિજન થેરાપી ડિવાઇસ, બાઇ-પેપ મશીન, મલ્ટી પેરા મોનિટર, સિરિંજ ઇન્ફ્યુઝન પમ્પ(૧૦,૨૦,૫૦ એમ.એલ), લિક્વિડ ઑક્સિજન સ્ટોરેજ ટેન્ક (૬૦૦૦ લીટર) અને પ્રેશર સ્વિંગ એબ્ઝોર્પશન -પી.એસ.એ. ઑક્સિજન જનરેશન યુનિટ (૨૫૦ અને ૫૦૦ લીટર)નો સમાવેશ થાય છે.

આ MLA ગ્રાન્ટની જોગવાઇઓ કોવિડ-19 ની વિશિષ્ટ પરિસ્થિતિમાં માત્ર વર્ષ ૨૦૨૧-૨૨ માટે મંજૂર કરવામાં આવતાં કામોને જ લાગુ પડશે. આ ઉપરાંત આવાં કામોના અમલીકરણ-ખરીદી માટે નિયત અમલીરણ કચેરીઓએ તેમના સંબંધિત વિભાગના પ્રવર્તમાન નીતિ-નિયોનું પાલન કરવાનું રહેશે. ●

## આરોગ્ય તંત્રના અધિકારી-કર્મચારીની સેવાઓ જુલાઇ 2021 સુધી લંબાવાઇ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં રાજ્યના આરોગ્ય તંત્રમાં ઉપલબ્ધ માનવબળ આરોગ્યકર્મીઓની સેવાઓ સતત મળતી રહે તે હેતુથી એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અનુસાર હાલ રાજ્યના આરોગ્ય તંત્રના તબીબી/ ટેકનિકલ/ નોન ટેકનિકલ સહિત તમામ અધિકારી-કર્મચારીઓ જે ૩૦ એપ્રિલ, ૨૦૨૧થી ૩૦ જૂન, ૨૦૨૧ દરમિયાન નિવૃત્ત થઇ રહ્યા છે કે થવાના છે તેમની સેવાઓ તા. ૩૧ જુલાઇ, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવશે.

જે અધિકારી-કર્મચારીઓના તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૧ના નિવૃત્ત થવાના હુકમો થઈ ગયા છે તે પણ રદ ગણીને તેમની સેવાઓ પણ 31 જુલાઈ સુધી ચાલુ રાખવામાં આવશે. મુખ્ય મંત્રીશ્રીએ એમ પણ નિર્ણય કર્યો છે કે, રાજ્યના પંચાયત અને શહેરી વિકાસ વિભાગ અંતર્ગતના આવા સેવારત આરોગ્ય અધિકારી-કર્મચારીઓને પણ આ નિર્ણયનો લાભ મળશે. ●

## કોરોનાની સારવાર માટે મા, મા વાત્સલ્ય તથા આયુષ્યમાન કાર્ડનો ઉપયોગ થઇ શકશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં એવો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે કે, મા, મા અમૃતમ-વાત્સલ્યમ્ તથા આયુષ્યમાન ભારત કાર્ડ રાજ્યના જે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ધરાવે છે તેવા પરિવારોમાં જો કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત થાય તો તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દરરોજના રૂ. 5000 સુધીની મર્યાદામાં 10 દિવસના રૂપિયા પચાસ હજાર સુધીની સારવાર વિનામૂલ્યે કરાવી શકશે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં આ લાભ 10 મી જુલાઈ 2021 સુધી આવા કાર્ડ ધરાવતા પરિવારોને આપવાનો નિર્ણય કરીને કોરોનાની સારવારના ખર્ચમાં મધ્યમવર્ગીય પરિવારોને મોટી રાહત આપી છે. આ નિર્ણયને પરિણામે રાજ્યના 80 લાખથી વધુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને કોરોનાની સારવાર ખર્ચમાં મળશે મોટી રાહત મળશે. ●

# નોર્થ અમેરિકાના ગુજરાતી બાંધવો સાથે કોવિડ સંદર્ભે CMનો સંવાદ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં નોર્થ અમેરિકાના ગુજરાતી સમાજના અગ્રણીઓ, નિષ્ણાત તબીબો, સિનિયર એસોસિયેશનના સભ્યો સાથે ગુજરાતમાં કોવિડ સંદર્ભે ગાંધીનગર ખાતેથી ઇ-બેઠક અને સંવાદ યોજાયો હતો. જેમાં અમેરિકાના ગુજરાતીઓ દ્વારા પોતાના વતન ગુજરાત-ગુજરાતીઓને કોરોના મહામારીથી બચાવવા જરૂરી તમામ સંસાધનો અને CM રિલીફ ફંડમાં આર્થિક સહયોગ કરવાની પહેલને મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ આવકારીને પોતાના વતનનું ઋણ અદા કરવાની તૈયારી બદલ ગુજરાતીઓ વતી સૌ અમેરિકન ગુજરાતીઓનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

અમેરિકન ગુજરાતીઓ દ્વારા ગુજરાતને વિવિધ મદદ માટે કરાયેલા સૂચનના યોગ્ય સંકલન માટે મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ વિદેશમાંથી CM રિલીફ ફંડમાં આર્થિક સહયોગ તેમજ અમેરિકાથી ગુજરાતમાં વૅક્સિન, ઑક્સિજન સહિત જરૂરી તમામ બાબતના ઝડપી કસ્ટમ ક્લિયરન્સ માટે બે ઉચ્ચ અધિકારીઓની નોડલ ઓફિસર તરીકે તાત્કાલિક નિમણૂક પણ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ ગુજરાતની કોરોનાની પરિસ્થિતિ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોરોના મહામારી સામે લડવા પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને ઓછા સમયમાં મહત્તમ વ્યવસ્થાઓ ઊભી કરી છે. ગુજરાતમાં આગામી એક સપ્તાહમાં સંભવિત તમામ સ્રોતનો ઉપયોગ કરીને ગુજરાતમાં જરૂરિયાત મુજબનો ઑક્સિજન પ્રાપ્ત થાય તે દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાતમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નવા નવા ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજની સ્થિતિએ ગુજરાતમાં હજારો લોકો સરકારી સિવિલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા છે. કોરોના સંક્રમિત ગંભીર વ્યક્તિને હવે કોઈપણ વાહનમાં સારવાર માટે આવે તો તેને હોસ્પિટલ પ્રવેશ આપવામાં આવે છે. આપણે સૌ સાથે મળીને કોરોના સંક્રમણ અને મૃત્યુદર ઘટાડવા સક્ષમ છીએ. ગુજરાતના લાખો તબીબો, મેડિકલ સ્ટાફ અને સરકારી કર્મચારીઓ રાત-દિવસ એક કરીને કોરોના સામે લડી રહ્યા છે. કેન્દ્ર સરકાર અને તબીબી નિષ્ણાતોની મદદ- માર્ગદર્શનથી ગુજરાત સરકાર કોરોનાને હરાવવા સાચી દિશામાં આગળ વધી રહી છે.

કેલિફોર્નિયા સ્થિત GONAના ઉપક્રમે યોજાયેલી આ ઇ-બેઠકમાં ઉપસ્થિતિ તમામ અમેરિકન ગુજરાતીઓએ ગુજરાતને ઑક્સિજનની અછત દૂર કરવા, ઑક્સિજન કોન્સન્ટ્રેટર, જરૂરી સંસાધનો, રેમડેસિવિર ઇન્જેક્શન, ફાઇઝર વૅક્સિન સીધી ગુજરાતને ઉપલબ્ધ કરાવવી તેમજ CM રિલીફ ફંડમાં આર્થિક સહયોગ સહિતની જરૂરી તમામ મદદ કરીને આ કપરા સમયમાં માદરે વતનનું ઋણ અદા કરવાની તૈયાર દર્શાવી હતી.



આ ઇ-બેઠકમાં મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી GONAના પ્રમુખ શ્રી પ્રમોદ મિસ્ત્રી, TV એશિયાના ન્યૂજર્સીના ચેરમેન-CEO પદ્મશ્રી ડૉ. એચ. આર. શાહ, ઇન્ડિયા એસોસિએશન ઓફ લોસ એન્જલસના ઉપપ્રમુખ શ્રી કનકસિંહ ઝાલા, GONAના ઉપપ્રમુખશ્રી અમિત પાઠક, ન્યૂયોર્ક સ્થિત અમનિલ ફાર્માસ્યુટિકલ્સના CO-CEO શ્રી ચિન્ટુ પટેલ, શિકાગો સ્થિત ઇન્ડિયન અમેરિકન કલ્ચરલ સેન્ટરના ડૉ. ભરત બરાઈ, ભારતીય વિદ્યાભવન USAના ચેરમેન ડૉ. નવીન મહેતા, પેન્સિલવાનિયાના ન્યૂરોલોજિસ્ટ ડૉ. વિઠ્ઠલ ધડુક, લોસ એન્જલસ સ્થિત સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટના શ્રી મનુભાઈ શાહ, શ્રી સુનિલ અગ્રવાલ તેમજ જન્મભૂમિ ગ્રૂપના માનદ સંવાદદાતા શ્રી રાજેન્દ્ર વોરા સહિત વિવિધ પેનલિસ્ટે કોરોના મહામારીમાં સહયોગ માટે સંવાદ કરીને જરૂરી સૂચનો કર્યાં હતાં. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમારે ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સરકારે કોરોના મહામારી અટકાવવા સંદર્ભે કરેલી કામગીરીનું વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરીને સૌને માહિતગાર કર્યા હતા. ●

# ૧૦૧ બસોનું ઇ-લોકાર્પણ






મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા રાજ્યના મુસાફરોની યાતાયાત સેવામાં પ્રથમવાર મુકાઇ રહેલી BS-6 એમિશન નોર્મ્સ ધરાવતી ૧૦૧ એસ.ટી. બસોના પ્રજાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, સરકારે એસ.ટી. નિગમને નફો રળવાના નહિ પરંતુ જનસેવાના સરળ પરિવહન માધ્યમ તરીકે સેવારત રાખીને કોરોના કાળમાં પણ મુસાફર સેવાઓને અસર પડવા દીધી નથી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ એમ પણ ઉમેર્યુ કે, કોરોના સંક્રમણની સ્થિતિએ ટ્રાવેલ-ટુરિઝમ સેકટરને અસર પહોંચાડી છે ત્યારે રાજ્ય સરકારના માર્ગ વાહન વ્યવહાર નિગમે ૫૦ ટકા પેસેન્જર કેપેસિટી સાથે રાજ્યમાં એસ.ટી. બસોનું સંચાલન કરીને સામાન્ય જરૂરતમંદ વ્યક્તિઓનેની રોજીંદી પ્રવૃત્તિઓ માટે અવરજવર પરિવહન પૂરું પાડ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષના જાન્યુઆરી મહિનામાં રાજ્ય સરકાર અદ્યતન BS-6 એમિશન નોર્મ્સ ધરાવતી ૧૦૦૦ બસ સેવાઓ મુસાફરોની પ્રજાલક્ષી સેવામાં શરૂ કરશે તેવી મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. એસ.ટી. નિગમના સૌ કર્મયોગીઓએ કોરોના સંક્રમણની સ્થિતિમાં પણ અહર્નિશ ફરજરત રહીને આ ૧૦૦૦ બસ પૈકીના પ્રથમ લોટની ૧૦૧ BS-6 બસોનું નરોડા ખાતેના સેન્ટ્રલ વર્કશોપમાં નિર્માણ કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ૧૦૧ બસોને ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રસ્થાન સંકેત આપીને રાજ્યના ૧૬ એસ.ટી. ડિવિઝનના વિસ્તારોમાં મુસાફરલક્ષી સેવામાં અર્પણ કરી હતી. વાહન વ્યવહાર મંત્રી શ્રી આર.સી. ફળદુ જામનગરથી તેમજ રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ ભરૂચથી વીડિયોલીંક દ્વારા આ અવસરે જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ બસોના ઇન હાઉસ નિર્માણ માટે કર્મયોગીઓને અભિનંદન આપતાં કહ્યું કે, મુસાફરોને સારી, સરળ અને વિશ્વસનીય પરિવહન સેવાઓ પૂરી પાડીને કોરોના કાળમાં પણ તમે સૌએ યાતાયાત કામ અટકવા દીધું નથી તે પ્રસંશનીય છે. વાહન વ્યવહાર મંત્રી શ્રી આર. સી. ફળદુએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અસરકારક ટ્રાન્સપોર્ટેશનથી દેશની ગતિશીલતાને આધાર આપવાની જે નેમ રાખી છે, તેમાં ગુજરાત માર્ગ વાહનવ્યવહાર નિગમ વ્યાપક સેવાઓથી પોતાનું યોગદાન આપી રહ્યું છે. આ પ્રસંગે વાહનવ્યવહાર અને બંદરોના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની, એસ.ટી. નિગમના એમ.ડી. શ્રી એસ. જે. હૈદર, સેક્રેટરી શ્રી નિર્મલ આનંદ સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. ●

## રાજકોટની સિવિલ હોસ્પિટલમાં વધુ 10 નવા ઑક્સિજન પ્લાન્ટ તૈયાર થશે

રાજકોટમાં કોરોના સંક્રમિત જરૂરિયાતવાળા દર્દીઓને પૂરતા પ્રમાણમાં-અવિરતપણે ઑક્સિજન- પ્રાણવાયુ મળતો રહે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટ શહેર-ગ્રામ્યના ચારેય ધારાસભ્યોશ્રીઓની ગ્રાન્ટમાંથી વધુ 10 નવા ઑક્સિજન પ્લાન્ટ યુદ્ધના ધોરણે સિવિલ હોસ્પિટલ- રાજકોટમાં કાર્યરત કરાશે.

ગુજરાતમાં કોરોના સંક્રમિત જરૂરિયાતવાળા એક પણ દર્દીને ઑક્સિજનની ઘટ ન પડે તેવા સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટ - પૂર્વના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રૈયાણી અને રાજકોટ દક્ષિણના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલે તેમને મળતી વાર્ષિક ગ્રાન્ટના તમામ રૂ. 1.50-1.50 કરોડ એમ કુલ રૂ. 4.50 કરોડ, જયારે રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠીયાએ રૂ. 1 કરોડ એમ કુલ રૂ. 5.50 કરોડની ફાળવણી 10 નવા ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં કોરોના કોવિડ-19 નિયંત્રણ-સારવારનાં અદ્યતન સાધનો-મશીનરી ખરીદવા માટે રાજયના દરેક ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા રૂપિયા 50 લાખની ગ્રાન્ટ ફરજિયાત ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી રૂપાણી સહિત રાજકોટ શહેર-ગ્રામ્યના તમામ ચારેય ધારાસભ્યોએ તેમની ગ્રાન્ટમાંથી રાજકોટ સિવિલમાં 10 નવા ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવા ફાળવવાની જાહેરાત કરી છે. ●

## કોરોનાકાળમાં રાજકોટના એનેસ્થેસિયા વિભાગનું આગેકદમ

# બેઈન સર્કિટથી કોરોનાના 50થી વધુ દર્દીઓના જીવ બચ્યા

રાજ લક્કડ





જરૂરિયાત એ શોધની જનની છે.... આ કહેવત હાલમાં કોરોના સંક્રમણની બીજી લહેરમાં પણ સાચી પુરવાર થઈ રહી છે. વધતા જતા કોરોના કેસોના કારણે ઑક્સિજનની કટોકટી સર્જાવાના અનેક કિસ્સાઓમાં કસોટીના સમયે રાજકોટ સિવિલ હોસ્પિટલના એનેસ્થેસિયા વિભાગે અત્યાર સુધી માત્ર પોતાના ક્ષેત્રમાં વપરાતી "બેઈન સર્કિટ"નો ઉપયોગ કરીને કોરોનાના ૪૦-૫૦ જેટલા દર્દીઓની મહામૂલી જિંદગી બચાવી છે.

સામાન્ય રીતે એનેસ્થેસિયા એટલે ઓપરેશન વખતે દર્દીને શરીરના વાઢકાપ વખતે દર્દ ન થાય તે માટે બેહોશ કરવાની તથા સમયાંતરે દર્દીને હોશમાં લાવવાની પદ્ધતિ. પરંતુ તમને સવાલ થશે કે, એવી સારવારની કોવિડના દર્દીઓમાં શી જરૂર ? બેઈન સર્કિટ શું છે ? તેનો શા માટે અને કેવી રીતે ઉપયોગ થાય ?

આ સવાલના જવાબ અંગે એનેસ્થેસિયા વિભાગના નોડલ ઓફિસર ડૉ. ચેતના જાડેજા જણાવે છે કે, અમારા એનેસ્થેસિયા વિભાગના હેડ વંદનાબહેન પરમારના માર્ગદર્શન હેઠળ કોવિડ-૧૯ના અતિ ગંભીર હાલતમાં હોય તેવા દર્દીઓની સારવાર કરીએ છીએ. કોવિડ-૧૯ ની અસર તળે ફેફસાંને પૂરતો ઑક્સિજન તથા લોહી ન મળવું, કાર્યક્ષમતા ઓછી થવી, વ્યક્તિમાં લોહી ગંઠાઈ જવું, જેવી અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે. કોરોના સંક્રમિત દર્દીને ગંભીર પરિસ્થિતિમાં ૭૦% થી ૧૦૦% જેટલો ઑક્સિજન આપવો પડે છે, તેથી તેના શ્વસનતંત્રને યોગ્ય રીતે કાર્યરત રાખી શકાય. આવા સંજોગોમાં દર્દીઓની પરિસ્થિતિ પારખીને તેને મદદરૂપ થઈ શકે તેવા અનુભવી અને કાબેલ એનેસ્થેશિયોલોજીસ્ટની જરૂર પડે છે.

વધુમાં જણાવતાં ડૉ. જાડેજાએ કહ્યું હતું કે, જે દર્દીઓને શ્વાસોચ્છ્વાસની સમસ્યા હોય, તેવા દર્દીઓને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા માટે અદ્યતન પ્રકારના વેન્ટિલેટર ઉપલબ્ધ છે. જેના વડે દર્દીને આ પ્રકારે શ્વાસોચ્છ્વાસ કરાવવામાં આવે છે. જે દર્દીઓની પરિસ્થિતિ ગંભીર હોય તેને બાય પેપ નામના મશીનની મદદથી શ્વાસ લેવા માટે સપોર્ટ આપવામાં આવે છે. દર્દીની સ્થિતિ સામાન્ય કરતા થોડી ગંભીર હોય તેને હાઈફ્લો નોઝલ ઑક્સિજન થેરાપી નામના મશીન દ્વારા સારવાર આપવામાં આવે છે. જેમ-જેમ દર્દીની પરિસ્થિતિમાં સુધારો થતો જાય છે તેના આધારે દર્દી પોતાની રીતે શ્વાસ લેતો થાય તથા ઑક્સિજનનું લેવલ સામાન્ય થાય ત્યાં સુધી તેને આઈ.સી.યુ.માં રાખવામાં આવે છે ત્યાર બાદ તેને જનરલ વોર્ડમાં દાખલ કરવામાં આવે છે.

પરંતુ જ્યારે ઑક્સિજનનો જથ્થો ઓછો હોય અને દર્દીની જરૂરિયાત વધારે હોય ત્યારે બેઈન સર્કિટનો ઉપયોગ કરીને ઓછા ઑક્સિજનને મહત્તમ સારવાર આપી શકાય છે. વેન્ટિલેટર સામાન્ય રીતે ૫૦ લીટર જેટલો ઑક્સિજન એક મિનિટમાં વાપરે છે તેની સરખામણીમાં બેઈન સર્કિટમાં ઘણો જ ઓછો ઑક્સિજન વપરાય છે. સામાન્ય રીતે બેઈન સર્કિટમાં ૧૨ થી ૧૫ લીટર રાખવો પડે છે પરંતુ ઑક્સિજન બચાવવાની પદ્ધતિમાં 8 લિટર સુધી પણ દર્દીઓનું ઑક્સિજન લેવલ સુયોગ્ય રીતે જાળવી શકાય છે. બેઈન સર્કિટનો ઉપયોગ દર્દીનું ઑક્સિજન લેવલ ૯૫ થી ૧૦૦ સુધી સારામાં સારી રીતે મેઈન્ટેઈન કરી શકાય છે. આ ટેકનિકનો ઉપયોગ દર્દીના રિકવરી ફેઈઝમાં કરી શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બ્રેઈન સર્કિટ ૮૦૦ થી ૯૦૦ રૂ. ની હોય છે. તેમાં બે નળીઓને ટી પાઈપ વડે જોડવામાં આવે છે. તેમાંથી એક નળી ઑક્સિજન માટે ફ્લો મીટરના પાઈપ સાથે લગાવવામાં આવે છે, જ્યારે બીજો પાઈપ કાર્બન ડાયોક્સાઈડના બાહ્ય વહન માટે છે. તેમાં એક ફુગ્ગા જેવી રિઝરવોયર બેગ હોય છે. જે ઑક્સિજનને રિઝર્વ રાખવાનું કામ કરે છે તથા જરૂર પડ્યે દર્દીને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપી શકે છે. તેમાં એક એચ.એમ.ઈ. (HME - Heat and Moisture Exchanger) ફિલ્ટરનો ઉપયોગ કરીને પછી માસ્ક લગાવવામાં આવે છે. આ ફિલ્ટર ગરમી અને ભેજનો સુચારુ વિનિમય કરીને દર્દીના ઉચ્છ્વાસમાં રહેલા વાઈરસને દૂર કરીને શુદ્ધ હવાની અવરજવર માટે દર્દીઓને મદદરૂપ થાય છે. આ કિટને કેમિકલમાં સ્ટરીલાઈઝડ કરીને ફરીવાર ઉપયોગમાં લઈ શકાય છે.

આ ઉપરાંત, કોરોનાના અમુક દર્દીઓને CPAP - Continuous positive airway pressure માસ્ક વડે પણ સારવાર આપવામાં આવે છે.

એનેસ્થેસિયા વિભાગની ઉમદા કામગીરીના કારણે અનેક દર્દીઓની મહામૂલી માનવ જિંદગી બચી રહી છે તેનો હરખ દર્દી અને ડૉક્ટરોના ચહેરા પર દેખાઈ આવે છે. ●

### ઈ-સંજીવની એપના માધ્યમથી
# હવે દવા અને ઉપચાર નાગરિકોની આંગળીના ટેરવે

રાજકુમાર જેઠવા

નિષ્ણાત ડોક્ટરની એ પણ જે તે વિષયના સ્પેશ્યાલિસ્ટની ઘરેબેઠાં જ કન્સલન્ટસી નિ:શુલ્ક મળી રહે તે શક્ય છે ? હા. ભારત સરકારે ઈ-સંજીવની-સેફ હોમ ઓપીડી એપ દ્વારા આ વાત શક્ય કરી છે. કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઇ રહ્યું છે ત્યારે ઘરે રહેવું જ મોટી સુરક્ષા છે ત્યારે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ એપ થકી રૂબરૂ દવાખાને જઇ ડૉક્ટરની સલાહ લેવાની જરૂર નથી. ઘરેબેઠા જ નિષ્ણાતોનો લાભ લઇ દવા મેળવી શકાય છે. ડૉક્ટરની સલાહ બાદ ઇ-પ્રિસ્ક્રિપ્શન તુરત મોબાઇલમાં આવશે. જે દવાની દુકાને માન્ય ગણાશે.




આ સેવાનો લાભ મેળવવા માટે કોઇ પણ એન્ડ્રોઇડ મોબાઇલ પર ઇ-સંજીવની ઓપીડી એપ ડાઉનલોડ કરવાની રહેશે. ત્યાર બાદ પ્રથમ ઓટીપી દ્વારા મોબાઇલ વેરીફાઇ કરવાનો રહેશે. ત્યાર બાદ પેશન્ટ રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે. જો કોઇ હેલ્થ રેકોર્ડસ હોય તો તે અપલોડ કરવાનો રહેશે. પેશન્ટ આઇડી અને ટોકન એસએમએસ દ્વારા મળશે.

હવે મોબાઇલ નંબર અને ટોકનની મદદથી લોગઇન થવાનું રહેશે. ત્યાર બાદ વર્ચ્યુઅલ વેઇટિંગ રૂમમાં તમે પ્રવેશો. જેમાં તમે લાઇનમાં કેટલામા નંબરે છો તે બતાવાશે. તમારો નંબર આવતા જ કોલ નાઉ બટન એક્ટિવેટ થશે જે દાબવાથી વીડિયો કોલ શરૂ થશે. ડૉક્ટર તમારી મોબાઇલની સ્ક્રિન ઉપર ઉપસ્થિત થશે અને તમે ડૉક્ટરનું સલાહ-માર્ગદર્શન સીધું જ કોલિંગ દ્વારા મેળવી શકશો. કોલ બાદ તુરત જ ઇ-પ્રિસ્ક્રિપ્શન મોબાઇલમાં આવી જશે, જે દવાની દુકાનો પર માન્ય ગણાશે.

આ રીતે સરળતાથી કોઇ પણ નાગરિક નિષ્ણાત ડૉક્ટરની કન્સલ્ટન્સી મેળવી શકશે. એપ ઉપર સ્પેશ્યાલિસ્ટની સેવાઓ પણ લઇ શકાશે. જેમાં ડેન્ટલ, ડર્મેટોલોજીસ્ટ, ઇએનટી, જનરલ મેડિસિન, જનરલ સર્જરી, ઓપ્થેલ્મોજી, ઓર્થોપેડિક્સ, પીડિયાટ્રિક્સ, સાઇકિયાટ્રિક્સ વગેરેની સેવાઓનો લાભ નિ:શુલ્ક મેળવી શકાશે. ●

# ધો.-૧૦માં નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાશે

વિશ્વવ્યાપી મહામારી કોરોનાના પ્રવર્તમાન સંક્રમણમાં રાજયમાં વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવાના સ્વાસ્થ્ય રક્ષા ભાવ સાથે કોરોનાની આ સ્થિતિમાં રાજયના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ એસ.એસ.સી.ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજયના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, આ ઉંમરના વિદ્યાર્થીઓ માટે રસીકરણની કામગીરી પણ હાલ હાથ ધરવામાં આવી ન હોય. વિદ્યાર્થીઓના વિશાળ આરોગ્ય હિતમાં રાજ્ય સરકારે પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોર કિમિટીની બેઠકમાં લીધેલા આ નિર્ણયની વિગતો આપતા કહ્યું હતુ કે, રાજ્યની ૧૨૭૬ સરકારી, ૫૩૨૫ ગ્રાન્ટ ઇન એઇડ, ૪૩૩૧ સેલ્ફ ફાઇનાન્સ અને અન્ય ૪૫ શાળાઓ મળી કુલ ૧૦,૯૭૭ શાળાઓમાં ધોરણ-૧૦ ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ માસ પ્રમોશન આપવામાં આવશે.


શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજ્યમાં છેલ્લા બે અઠવાડિયાથી કોરોના કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો અને હોસ્પિટલમાંથી કોરોનામુકત-સાજા થઇ ઘરે પરત ફરવાના કેસોમાં વધારો થઇ રહ્યો છે આમ છતાં, દેશવ્યાપી સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં લેતાં રાજયના વિદ્યાર્થીઓના ભાવિને કોરોનાથી સુરક્ષિત રાખવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર કૃતસંકલ્પ છે.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોર કમિટિમાં મુખ્યમંત્રીશ્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે ધોરણ-૧૦ (એસ.એસ.સી)ની પરીક્ષામાં બેસનારા રિપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા કોરોનાના કેસોમાં ઘટાડો થયા બાદ જરૂરી સમીક્ષા કરીને યોજવામાં આવશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આવા રિપિટર વિદ્યાર્થીઓને અગાઉના વર્ષોમાં રેગ્યુલર (નિયમિત) વિદ્યાર્થી તરીકે ધોરણ-૧૦માં પરીક્ષાની તક આપવામાં આવેલી છે પરંતુ તેઓ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી શક્યા નથી. ●

# મ્યુકરમાઇકોસિસ રોગના દર્દીઓની સારવાર રાજકોટ સિવિલમાં ઉપલબ્ધ

રાજકુમાર

કોરોના પોઝિટિવ અને ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓને મ્યુકરમાઈકોસિસ રોગ થવાની શક્યતા વધુ હોઈ રાજકોટ સિવિલમાં મ્યુકરમાઈકોસિસ રોગના દર્દીઓ માટે અલાયદા વોર્ડ તેમજ જુદા જુદા નિષ્ણાતોની ટીમ તાત્કાલિક ધોરણે ઊભી કરવામાં આવી છે.





રાજકોટ સિવિલના ઈ.એન.ટી. વિભાગના સર્જન ડૉ. સેજલ મિસ્ત્રીના જણાવ્યા મુજબ કોરોનાના નવા સ્ટ્રેન સ્વાદુપિંડ પર ગંભીર અસર કરે છે. ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓને આ રોગનું જોખમ વધુ રહેતું હોઈ તેઓએ વધુ સાવચેત રહેવા જણાવ્યું છે. ફૂગના કારણે ઈમ્યુનિટી ઓછી ધરાવતા કોરોનાના દર્દીઓમાં પ્રાથમિક સ્ટેજમાં આંખ, નાક અને મગજના ભાગે આ રોગ આગળ વધે છે અને લોહી ગંઠાઈ જવા જેવાં ઘાતક લક્ષણો આ રોગમાં જોવા મળતા હોવાનું ડૉ. સેજલ જણાવે છે.

રાજકોટમાં પહેલા ફેઈઝમાં ફંગલનો રોગ હાલ ૩૫ થી ૫૫ વર્ષની ઉંમરના લોકોમાં પણ જોવા મળી રહ્યો છે. હાલ ૪૦ ટકા જેટલા દર્દીઓને આંખમાં ઈન્ફેક્શન થયાનું, ૪૦ ટકા જેટલા દર્દીઓને નાક, આંખ અને મગજમાં અસર થયાનું તેમજ ૨૦ ટકા જેટલા દર્દીઓને નાકમાં અસર થયાનું અને તેમનો ઈલાજ ચાલુ હોવાનું અને જરૂર પડ્યે સર્જરી કરી તે ભાગ દૂર કરવો પડે છે. જેમાં આંખ દૂર કરવી, તાળવાના ભાગે સર્જરી કરવી પડે છે. આ રોગના ઈલાજ માટે જેમાં જુદા જુદા વિભાગના સર્જનની મદદથી ૧૪ થી ૨૧ દિવસ સારવાર લેવી પડે છે, જેનો ખાનગી હોસ્પિટલમાં ખર્ચ લગભગ ૧૦ લાખથી લઈ ૨૫ લાખ જેટલો થવા જાય છે જે રાજ્ય સરકાર દ્વારા સિવિલ ખાતે નિઃશુલ્ક કરી આપવામાં આવે છે.

### મ્યુકરમાઇકોસિસ રોગના દર્દીઓ માટે સિવિલ ખાતે વ્યવસ્થા

હાલ સિવિલ ખાતે ૯૦ થી વધુ મ્યુકરમાઈકોસિસ રોગના દર્દીઓની સારવાર ચાલી રહી છે. સિવિલ ખાતે આ માટે ખાસ અલગ અલગ ત્રણ વોર્ડ ઊભા કરાયા છે. જેમાં કોરોના પોઝિટિવ માટે પી.એમ. એસ.એસ. વાય ખાતે, નેગેટિવ અને મ્યુકરમાઈકોસિસ ઓપેરશન બાદના દર્દીઓ માટે અન્ય વોર્ડમાં ૭૦ જેટલા બેડની વ્યવસ્થા હાલ ઉપલબ્ધ કરાઈ હોવાનું ટીમ દ્વારા જણાવ્યું છે.

### મ્યુકરમાઇકોસિસ રોગના દર્દીઓની સારવાર

મ્યુકરમાઈકોસિસ રોગના દર્દીઓના નાકમાંથી ખાસ સલાઈવા લઈ તેનું લેબમાં પરીક્ષણ કરવામાં આવે છે. ફૂગનાં લક્ષણો જણાય તો તેઓની તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામા આવે છે. તેઓને એન્ટી ફંગલ ઈન્જેક્શન એમ્ફોટિસીરીન કે જેની કિંમત આશરે રૂ. ૨ હજાર જેટલી હોય છે તેના ડોઝ આપવામાં આવે છે. આ ઉપરાંત ફૂગ પ્રતિરોધક દવાઓ એમ્ફોટેરિસિન-બી, પોસાકોનાઝોલ કે ઈસાવ્યુકોનાઝોલ શરૂ કરી દેવામાં આવે છે. જો જરૂર જણાય તો ફૂગ-સંક્રમિત સ્નાયુ-કોષને સર્જરીથી દૂર કરવા પડે છે.

### મ્યુકરમાઇકોસિસ રોગ થવાનાં મુખ્ય કારણો

મ્યુકરમાઈકોસિસ મોટાભાગે કોરોનાના દર્દીઓ કે જેમની ઈમ્યુનિટી ઓછી થઈ જવાના કારણે તેમજ ડાયાબિટીસના દર્દીઓમાં સુગર વધી જવાના કારણે ફૂગ હાવી થઈ જાય છે. જે શરીરમાં ફેલાઈ ઓર્ગન ડેમેજ કરે છે. જે લોકોને વધુ પડતા સ્ટીરોઈડ દવા કે ઈન્જેક્શન આપવામાં આવે, બિનજરૂરી ઑક્સિજન પર રાખવામાં આવે તે લોકોને વાતાવરણમાં રહેલ ફૂગ અસર કરી આ રોગ થવાની સંભાવના હોવાનું ડૉ. સેજલ જણાવે છે.

### મ્યુકરમાઇકોસિસ અટકાવવા પગલાંઓ

ખાસ કરીને કોરોનાના દર્દીઓ એ ઈમ્યુનિટી વધે તેવા પગલાં લેવા, માસ્ક પહેરી રાખવું, ધૂળ રજકણો શ્વાસમાં ના જાય તે માટે કાળજી લેવી. વધુ પડતા સ્ટિરોઈડનો ઉપયોગ ટાળવો, ડાયાબિટીસ કંટ્રોલમાં રહે તે ભાર ખાસ ધ્યાન આપવા સહિત સ્વચ્છ વાતાવરણમાં રહેવા ડૉ. સેજલ ભાર મૂકે છે. ●

# 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' બનાવવા ગામડાઓ ખૂંદતા ભાભરનાં રમીલાબેન

✎ રેસુંગ ચૌહાણ




શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે. જો કે ઘણા શિક્ષકો માત્ર વર્ગ પૂરતાં સીમિત ન રહેતાં સમાજને પણ સ્વર્ગ બનાવે છે. મહાન અર્થશાસ્ત્રી, રાજનીતિજ્ઞ ચાણક્યે સાચું જ કહ્યું છે કે **शिक्षक कभी साधारण नहीं होता, प्रलय और निर्माण उनकी गोद में पलते है।** આ સૂત્રને જીવનમાં ચરિતાર્થ કર્યુ છે, બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાની લાડુલા પ્રાથમિક શાળાનાં શિક્ષિકા-આચાર્ય શ્રી રમીલાબહેન ડી. મકવાણાએ. જી, હા તેઓ બાળકોના ઘડતરની સાથે કોરોનાની આ વૈશ્વિક મહામારીના કપરા સમયમાં લોકોમાં જાગૃતિ લાવવા ઉનાળાના ધોમધખતા તાપમાં ભાભર તાલુકાના ગામડાઓ ખૂંદી રહ્યાં છે. અત્યારે કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે ત્યારે લોકોમાં જાગૃતિ આવે અને લોકો કોરોના સંક્રમણનો ભોગ ન બને તે માટે આ વાઈરસના સંક્રમણને રોકવા માટે લોકજાગૃતિ અતિ આવશ્ય છે.

આપણી શિક્ષણ જગતની પરંપરા રહી છે કે શિક્ષક હંમેશાં ગામ અને સમાજને માર્ગદર્શન આપતા રહ્યાં છે. મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના નગવાડા ગામના વતની અને બનાસકાંઠાને પોતાની કર્મભૂમિ બનાવી શિક્ષણની સુવાસ ફેલાવી રહેલા આચાર્ય શ્રી રમીલાબહેન ડી. મકવાણાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અભિયાનને સફળ બનાવવા 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' બને, 'મારો તાલુકો, કોરોનામુક્ત તાલુકો' બને, તેવી જ રીતે જિલ્લો, રાજ્ય અને આ રાષ્ટ્ર કોરોનામુક્ત બને તે માટે અભિયાન આદર્યું છે. આમ, તો હાલ પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન છે, પરંતુ ગામ અને દેશ માટે કોરોનાના કપરા સમયમાં કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવતા શ્રી રમીલાબહેન વેકેશનમાં માદરે વતન જઈ રજાઓ માણવાના બદલે પોતાની કર્મભૂમિના સ્થળે રહીને એક સમાજસેવી શિક્ષિકા તરીકે સમાજ સેવાની સાધના કરી રહ્યાં છે. પોતાના સ્વ-ખર્ચમાંથી ઈકો ગાડીમાં મોબાઈલ વાન તૈયાર કરાવ્યું, જેમાં કોરોના પ્રત્યે લોક જાગૃતિ દર્શાવતા સ્લોગન લખેલા બેનરો લગાવી તેમજ માઈક બાંધીને લોકોમાં જાગૃતિ લાવવા ભાભર તાલુકાના ૫૩ જેટલાં ગામોનો પ્રવાસ કરી ગામના સરપંચશ્રીઓ અને આગેવાનોને મળી કોરોનાની આ મહામારીથી બચવા આયુર્વેદિક ઉકાળો પીવો તેમજ ગામમાં રસીકરણ કરાવો, તમે સલામત તો દેશ સલામત જેવો પ્રચાર- પ્રસાર કરી લોકોએ કોરોનાથી ડરવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે એ વાત તેમણે સમજાવી છે. અફવાઓથી દૂર રહો અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા તેમણે ગ્રામવાસીઓને પોતાના પ્રવાસ દરમ્યાન ભાવભરી અપીલ પણ કરી છે.

લાડુલા પ્રાથમિક શાળાનાં આચાર્ય શ્રી રમીલાબહેન ડી. મકવાણા (રમા) લવાજમ વગરના મુખપત્ર "બાલ તરંગ" ઈ- મેગેઝિનનાં તંત્રી પણ છે. આ કામગીરી એક કોરોના યોદ્ધા તરીકે વીરાંગનાની જેમ શ્રી રમીલાબહેન ડી. મકવાણા કરી રહ્યાં છે. જેની ભાભર પંથકના લોકો નોંધ લઈ તેમને અભિનંદન પાઠવી તેમની આ કામગીરીને બિરદાવી રહ્યા છે. ●

# પહેલું ટાસ્ક, ડબલ માસ્ક

## કોરોનાથી બચવા માટે ડબલ માસ્કિંગ 90%થી વધુ કારગર



### ડબલ માસ્કિંગ શું છે?

ડબલ માસ્કિંગ એટલે એકસાથે બે માસ્ક પહેરવા.
બંનેમાંથી એક સર્જીકલ અને એક કપડાંનું માસ્ક હોવું જોઈએ.

### ડબલ માસ્કિંગ કેવી રીતે પહેરાય?

સૌપ્રથમ બે માસ્ક પસંદ કરો. એક્સપર્ટસ્ ત્રિપલ લેયર સર્જીકલ માસ્કની ઉપર સાધારણ કપડાનું માસ્ક પહેરવાની સલાહ આપે છે. આ બંને ન હોય તો કપડાંના બે માસ્ક પણ એકની ઉપર એક પહેરી શકાય છે.

માસ્કના ઈલાસ્ટિકના બંને છેડા પર ગાંઠ બાંધી લો. → ત્યારબાદ નાક અને ચહેરા પર બાકીના કપડાંને અંદરની તરફ વાળો. તેનાથી માસ્ક ચહેરા પર સારી રીતે ફિટ થઈ જશે અને સંક્રમણની સંભાવના ઘટશે. → હવે તેની ઉપર સાધારણ કપડાંનું માસ્ક પહેરી લો.

### ડબલ માસ્ક પહેરી આટલું ચેક કરો :



- ડબલ માસ્ક પહેર્યા બાદ થોડી વાર ચાલીને શ્વાસ લો.
- ચાલતી વખતે શ્વાસ લેવામાં તકલીફ તો થતી નથીને તે તપાસો.
- જો કોઈ સમસ્યા હોય તો એક જ માસ્ક પહેરવું.

### કયા પ્રકારના માસ્ક પહેરવાનું ટાળવું જોઈએ?

- ચહેરા પર સંપૂર્ણપણે ફિટ ન હોય અથવા ઢીલા હોય તેવા માસ્ક ન પહેરવા.
- જેમાં શ્વાસ લેવા માટે અલગથી વાલ્વ હોય.
- જે આખા ચહેરાને કવર કરતા ન હોય.
- જે એક જ લેયરના હોય.
- શ્વાસ લેવામાં તકલીફ પડે તેવા માસ્ક અથવા પ્લાસ્ટિક કે લેધર જેવા કપડાંના માસ્ક ન પહેરો.

**આ માસ્ક એકસાથે ન પહેરો**



એકની ઉપર એક સર્જીકલ માસ્ક ન પહેરો



N95ની સાથે બીજું માસ્ક પહેરવાની જરૂર નથી

### ડબલ માસ્ક ક્યારે પહેરવા જોઇએ?

ઘર બહાર જવું હોય ત્યારે, ડોક્ટર પાસે કે હોસ્પિટલ જતી વખતે, ટ્રાવેલિંગ વખતે અને ભીડભાડવાળી જગ્યા પર જાઓ ત્યારે અથવા તો એવી જગ્યા જ્યાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવું મુશ્કેલ હોય.




# ડ્રાઇવ-થ્રુ રસીકરણને વ્યાપક જનપ્રતિસાદ...

R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. WPP PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50. **48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦